કલ્પિત મનોહારીણી ડીટેકટીવ નવલકથા.

### અદ્ભુત ડીટેકટીવ

# નરેન્દ્રના સાહસીક પરાક્રમો.

Reg No. 17

## ભાગ ૧ લો.


પ્રકાશક

લેખક. અંબાલાલ કે. પંડિત,

ઠી. ફણસવાડી લેન મોતીચંદ ફુલચંદના માળામાં

મુ. મુંબાઇ



લેખકે સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે તેની રજા વગર કોઇએ છાપવું છપાવવું યા. ભજવવું ભજાવવું નહિ.



સંવત્ ૧૯૮૧ સને ૧૯૨૫

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

શ્રી દેસાઇ પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ દેસાઇભાઇ હીરાચંદે છાપ્યું ઠે. ઠાકોરદ્વાર લક્ષ્મી વિલાસ હોટલ સામે.


કીમત ૧-૮-૦

# અનુક્રમણીકા.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ડીટેકટીવ નરેંદ્રરાય... | ૭ |
| રોગીષ્ટ લંગડો યાને વૃદ્ધ ભિખારી | ૧૭ |
| રોગીષ્ટ લંગડાનુ સાહસ | ૨૯ |
| રોગીષ્ટ લગડો કોણ ? | ૩૫ |
| કૃત્રિમ મસ્તક યાને ભય સુચક પત્ર | ૪૧ |
| ખુન કે મરણ | ૪૫ |
| મોતના મુખમાં બંને ડીટેકટીવો | ૫૧ |
| વિચિત્ર દ્રષ્ય યાને ભયકર મુર્તી | ૫૬ |
| અદભુત ખુની | ૬૦ |
| ખુનની ચાલાકી–ડીટેકટીવો કેદ | ૬૬ |
| ભયકર ખાડાનું રહસ્ય | ૭૨ |
| નરેંદ્રનુ સાહસ અને ગેબી મદદગાર | ૭૬ |
| તરૂણ સુંદરી કોણ ? | ૮૩ |
| આફતનુ વાદળું | ૯૧ |
| અણધારી આફત | ૯૭ |
| નવિન દાસી | ૧૦૬ |
| ચંડાળ ચોકડી | ૧૧૨ |
| ભેદી પત્રનો ભેદ યાને વિચીત્ર ઘટના | ૧૧૭ |
| મંગલાનું હરણ | ૧૨૨ |
| ગુપ્ત ભોંયરૂં યાને અણધારી આફત | ૧૨૬ |
| મલ્લ યુદ્ધ યાને મૃત્યું કોનુ | ૧૩૧ |

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराजिट विभाग ]

अनुक्रमांक ૧૨૩૫૮ वर्गांक

पुस्तकनुं नाम નરેન્દ્રના સાહસિક પરાક્રમો

विषय ૮ : ૩

કલ્પિત મનોહારીણી ડીટેક્ટીવ નવલકથા.

## અદ્ભુત ડીટેક્ટીવ

# નરેન્દ્રના સાહસીક પરાક્રમો.

---

### ભાગ ૧ લો.

પ્રકાશક

---


લેખક. અંબાલાલ કે. પંડિત,

૧ લી. ફણસવાડી લેન મોતીચંદ કુલચંદના માળામાં

મુ. મુંબાઇ



લેખકે સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે તેની રજા સિવાય કોઇએ છાપવું છપાવવું યા. ભજવવું ભજાવવું નહિ.



સંવત ૧૯૮૧ સને ૧૯૨૫

આવૃતિ ૧ લી પ્રત ૧૦૦૦

ધી દેસાઈ પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ દેસાઇભાઇ હીરાચંદે છાપ્યું ઠે. રીચીરોડ લક્ષ્મી વિલાસ હોટલ સામે.


---

કીંમત ૧-૮-૦

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
...વાદ
ગૂજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૧૨૩૫૮

# પ્રસ્તાવના.

## સુજ્ઞ મહાશયો.

ચાલુ વર્તમાનકાળમાં અનેક ઇતિહાસીક તથા કલ્પિત નોવેલોનો પ્રચારદિન પ્રતિદિન વધતો જાય છે.

ઉદાહરણ—નાટકો, ભજનો રસમય વાર્તાઓ વીગેરે નવીન નવિન લેખકો તરફથી વિવિધ રચનાથી રચેલાં પુસ્તકો પૂર્ણ ઉત્સાહથી બહાર પડે છે.

જન સમાજ તેને યોગ્યતા પૂર્વક આદર સત્કારથી સહર્ષે વધાવી લે છે. તેમજ પુસ્તકના રહસ્યનું સાર તે મને જોઇતી મદદ પણ કરે છે.

ચાલુ કાળમાં વાચક વર્ગનું જેટલું આકર્ષણ " ડીટેક્ટીવ નોવેલો ખેંચી શકે છે, તેટલું આકર્ષણ અન્ય નોવેલો ભાગ્યેજ ખેંચી શકવા ભાગ્યશાળી થાય છે."

આ અદભુત " ડીટેક્ટીવ નરેન્દ્ર " નામનું પુસ્તક (નોવેલ વાર્તા) અને કાળા માથાનો મનુષ્ય બાહોશી, ચાલાકી, અને દિર્ઘ વિચાર પૂર્વક ક્યાં સુધી તિવ્રદ્રષ્ટિ પહોંચાડી મોતના મુખમાં ઝંપલાવી, જીવના જોખમે, ભયંકર ખૂનિ સાથે છેવટ સુધી કેવી રીતે ટક્કર ઝીલે છે. તે સિવાય ખૂનિ સાથે કેવા ભયંકર પ્રસંગો આવવા છતાં

નિડરતા પૂર્વક પોતાનું કાર્ય કેવી રીતે કરે છે, તેનો આબેહુબ ચિતાર આ બુકમાં આપેલો છે. છુપી પોલીસ અમલદારો (ડીટેક-ટીવો) સરકાર બહાદુરની સત્ય નિષ્ઠાથી નોકરી બજાવતાં, સત્ય, ક્ષમા અને સુનિતીને અનુસરી કેવાં જોખમ ભર્યાં મહાન અદભુત કાર્ય કરતાં ભવિશ્યે યશ સંપાદન કરે છે, તેનો સાક્ષાત અનુભવ આ બુકમાં યોજેલો છે.

ખરેખર તેવાં કાર્ય કરનારા બહાદુર "ડીટેક્ટીવો" પોતાના માલીકની સત્ય નિષ્ઠાથી નોકરી બજાવતાં રૈયત પ્રત્યે ન્યાય, સત્ય, અને ક્ષમા દૃષ્ટિથી નિહાળી કાર્ય લેતાં ઓછું પ્રશંસનિય થઇ પડે નહિ. તેનુ અલૌકિક દૃષ્ટાંત આ "અદભુત ડીટેક્ટીવ નરેન્દ્ર"ની વાર્તાનો પ્રથમ ભાગ વાંચવાથી સ્હેજમાં સમજાઇ આવશે. ઇતિ

મુંબઈ
સને ૧૯૨૫ સંવત ૧૯૮૧ } લેખક

# લેખકના બે શબ્દ.

## સુજ્ઞ વાંચક બંધુઓ.

હું પ્રથમ મુંબઈમાં નીકળતા અઠવાડિક પેપર હસાહસ (હિન્દ મિત્ર)માં મારી ચાલુ વાર્તા " અદભુત ડીટેકટીવ નરેન્દ્રના" સાહસીક પરાક્રમોનો લેખ દર અઠવાડિએ છપાવી બહાર પાડતાં પ્રેમી વાંચક બંધુઓને સંતોષ આપવામાં ફત્તેહમંદ નિવડયો હતો.

"પરંતુ" કેટલાક વિચિત્ર સંજોગોને લઇને મારી તે વાર્તા અપૂર્ણ રહી હતી. ત્યાર બાદ "ડીટેકટીવ" નોવલોના ઉત્સાહી અને કદરદાન સદગૃહસ્થોના અતિ આગ્રહથી મારો લેખ શરૂ કરવાની મને ફરજ પાડી.

જેમાંના પેટલાદ મુકામે રહેનારા મારા પરમ સ્નેહિ શેઠ, "ચુનીલાલ આશારામ ઠકર રહેવાશી ગામ હાથેજના" તેમનો મારા પ્રત્યે અત્યંત પ્રેમ હોવાથી વાર્તા પૂર્ણ કરી બુક છપાવવા અતિ આગ્રહ પૂર્વક ફરજ પાડી. પુસ્તકનો ખર્ચ તે શેઠે પોતાના શીર ઉપર ખેંચી લઇ પુસ્તકનો સઘળો ખર્ચ પોતે આપવા ઇચ્છા બતાવી છે. શેઠ "ચુનીલાલ આશારામ ઠક્કર"ની મારા પ્રત્યે અત્યંત લાગણી દર્શાવી તન મન અને ધન વડેજ સંપૂર્ણ મદદ કરી છે, તથા મારા પ્રથમના પ્રયાસને દેશી બંધુ જાણી જે ઉતેજન આપી જે ઉદારતા દર્શાવી છે. તે માટે હું તે શેઠનો અત્યંત આભારી છું.

વિ. વિ.

હું વિદ્વાન નથી, સાક્ષાર કવી નથી, મહાન લેખક નથી, તથા કોઈ પંડીતાઇ દેખાવાનો મારો આ પ્રયાસ નથી. તેમજ મહાન નેતાઓ અગર મહાન કવીઓ માટે આ નજીવું પુસ્તક રચાયેલું નથી.

જેવો હું સામાન્ય લેખક છું, તેવાજ મારા સામાન્ય પ્રેમી વાંચકો માટે મારો આ પ્રથમનો પ્રયાસ છે.

પુસ્તકમાંની ભાષા ઘણીજ સાદી, અને આડંબર વગરની રાખવામાં આવી છે. તે વાતને એક ભૂલ સમજી કાઢી નાખવામાં આવે અથવા કાંઇ દોષ યુક્ત જણાય, તો મારો આ પ્રથમનો પ્રયાસ છે, એમ સમજી મારા સુજ્ઞ વાંચકો પાસેથી હું ક્ષમાની આશા રાખી શકીશ. ઉત્સાહી વાંચક બંધુઓને પ્રથમ ભાગ પૂર્ણ કર્યા પછી ધૈર્યથી બીજા ભાગની રાહ જોવા મારી નમ્ર વિનંતી છે.

તા. ૨૫-૧-૨૫ } લી. લેખક:—

श्री गणेशाय नमः

श्री १। लाभ

# પ્રકરણ—(૧) લું.

## ડીટેકટીવ નરેન્દ્રરાય

અમદાવાદમાં કૃષ્ણરાય કરીને મધ્યમસ્થીતિના ઔદીચ બ્રાહ્મણ રહેતા હતા. પોતે સ્વભાવના સાધારણ તેજ, તથા ઇશ્વરની મહાન કૃપાથી ટુંકા અભ્યાસમાં ઘણાજ બાહોશ, ચાલાક, અને અદ્દભુત તર્ક શક્તિવાળા હતા. તેઓને પ્રથમથીજ ગવરમેન્ટ છુપી પોલીસ ખાતામાં નોકરી કરવાનો શોખ હોવાથી કૃષ્ણરાયે પોતાની બાહોશી તથા અદ્દભુત શક્તિથી ત્રાસ દાયક ખૂનો, તેમજ ગુંચવણ ભરેલા કેસો, એ સિવાય ઘણા વિચિત્ર બદમાસો તથા ભયંકર ખૂનીઓને ટુંક મુદતમાં પકડી, ગવરમેન્ટ સરકાર બહાદુરના એક માનીતારૂપ થઇ પડયા હતા; તેમની રીતભાત, બોલવું, ચાલવું, ઘણુંજ માયાળુ હોવાથી દરેકમાં માનપાનથી પુંજાતા હતા. કૃષ્ણરાય થોડાક સમયની અંદર પ્રાઇવેટ ડીટેકટીવના નામથી આખી બહાદુર બ્રીટીશ સલ્તનતમાં ઓળખાવા લાગ્યા.

વળી ઇશ્વરની પૂર્ણ કૃપાથી તેમને એક પુત્ર તથા એક પુત્રી મળી બે સંતાન હતાં. પુત્રનું નામ નરેન્દ્રરાય હતું, અને પુત્રીનું નામ હીરબાઇ હતું.

પુત્રીનું લગ્ન એક ભણેલા ગણેલા બાહોશ અને વિદ્વાન બ્રાહ્મણ શીવપ્રસાદના પુત્ર ત્રીભુવનરાય સાથે કર્યું હતું, અને નરેન્દ્રરાયનું લગ્ન માસ્તર મણીકાન્તની પુત્રી લક્ષ્મીગૌરી સાથે કર્યું હતું.

જેટલા ગુણો કૃષ્ણરાયમાં હતા, તેટલાજ ગુણો નરેન્દ્રરાય ઉપર પડયા હતા. નરેન્દ્રની વય લગભગ ૨૪ થી ૨૫ વર્ષની હતી. તેની બુદ્ધિ ઘણી તીવ્ર અને બાહોશ હતી, સામા માણસના હૃદયમા શું વિચાર ચાલે છે, તે તેના ઉપરથી ઘણીજ ઉત્તમ કલ્પના કરી કયાસ બાંધી શકતો હતો. નરેન્દ્રરાયને પ્રથમથીજ કસરત કરવાનો શોખ હોવાથી શરીરને કસી ઘણુંજ મજબુત કરેલું હતું, પીતાના સર્વ ગુણો નરેન્દ્રરાયમાં હોવાથી તેણે પણ પોતાના પીતા કૃષ્ણરાયની લાઇન લીધી હતી. નરેન્દ્રરાયે સારા સારા કેસો પકડી પોતાની આટલી ચોવીસ વર્ષની વયે સારી નામના મેળવી હતી. નરેન્દ્રરાય ઘણોજ અગમ ચેતી તથા જે કાર્ય હાથમાં લીધું હોય તેને જીવના જોખમે પણ પુર્ણ કર્યા સિવાય રહેતો નહતો.

આ આપણી વાર્તાનો નાયક નરેન્દ્રરાય પોતાના બાપની સાથે રહી સતોષથી દિવસ નિર્ગમન કરતો હતો.

એવામાં એક દિવસ નરેન્દ્રરાય પોતાની ઓફીસની પ્રાયવેટ રૂમની અંદર રસાયણ પ્રયોગો બનાવી રહયો હતો. તેટલામાં એક ત્રીસ વર્ષનો જુવાન શેઠીઓ હાંફતો, હાંફતો, નરેન્દ્રરાયની ઓફીસ આગળ આવ્યો. અને નરેન્દ્રરાયના સિપાઇને પુછવા લાગ્યો કે; નરેન્દ્રરાય ઓફીસમાં છે કે નહિ ?

આવેલા શખ્સને ગભરાયેલી સ્થિતિમાં જોઇ જવાબ આપ્યો કે; જી, હા, તે વણ અંદર છે. જરા વાર ઉભા રહો હું તમારા આગમન ના સમાચાર આપુ છું.

એમ કહી સિપાઇ ત્વરાથી ઓફીસની અંદર ગયો. અને રસાયણ પ્રયોગની પ્રાઇવેટ ઓફીસના, બેલનું, બટન દબાવ્યું, બેલના અવાજથી નરેન્દ્રરાય બહાર આવ્યા, સિપાઇને પૂછયું કે;

નરેન્દ્ર—બહાર કોણ આવેલું છે ?

સિપાઇ—(સલામ ભરીને)

કહેવા લાગ્યો કે,

સાહેબ ! ઓફીસની બહારના ભાગમાં ગભરાએલી સ્થિતિએ પહોંચેલો એક જુવાન વણીક શેઠ આપને મળવા માટે ઘણોજ ઇન્તેજાર છે.

નરેન્દ્ર—ખુશીથી તેને આવવા દે.

સિપાઇ સલામ ભરી ઓફીસની બહાર ચાલ્યો ગયો. સિપાઇના જવા પછી નરેન્દ્રરાય સીગારેટ સળગાવી, હાથમાં ન્યુસ પેપર લઇ, આરામ ખુરશી ઉપર વાંચવાનો ખોટો ડોળ કરી સ્થીર મને બેઠો, એટલામાં બારણું ઉઘડયું, ઉઘડતાંજ ત્રીસ વયનો મજબુત બાંધાનો એક ગૃહસ્થ અંદર આવ્યો, તે ગૃહસ્થે ચાઇના સીલ્કનો કોટ પહેરેલો હતો, તથા રેશમી કિનારનું ધોતીયું અને માથે અમદાવાદી પાઘડી, પહેરી, હાથમાં રૂપાની મુઠ વાળી સુશોભિત લાકડી ઝાલી હતી, લલાટમાં સનાતન ધર્મના પાળક મુજબ ઉભું ટીલું કરેલુ હતુ, જે ઉપરથી નરેન્દ્રરાયે કયાસ બાંધ્યો કે; આવનાર ગૃહસ્થના ચિન્હ વણીક જ્ઞાતીને મળતાં હોવાથી આવનાર ગૃહસ્થ પણ વણીક જ્ઞાતીનો હોવો જોઇએ વણીક ગૃહસ્થના ચહેરા ઉપર ગભરાટના ચિન્હ સ્પષ્ટ રીતે જણાવાથી નરેન્દ્રરાય સમજી ગયો કે; જરૂર મામલો ભયંકર છે, નરેન્દ્રરાયે આવનાર ગૃહસ્થને ઘણાજ માન સહીત પોતાની બાજુમાં પડેલી ખાલી ખુરસીમાં બેઠક આપી, થોડી પળ માટે ઓફીસમાં શાંન્તતા ફેલાઇ રહી. બાદ શાન્તીનો ભંગ

કરતા વણીક શેઠ ચારે બાજુ પોતાની ચકોર આંખ ફેરવી ગભરાયેલી સ્થિતિમાં બોલ્યા કેઃ

વણીક—સાહેબ. ડીટેકટીવ નરરેન્દ્રરાય આપનું જ નામ કે ?

નરેન્દ્ર—(ગંભીર ચહેરો રાખીને) જી, હા, હું પોતેજ નરેન્દ્રરાય, કહો શા નિમીતે પધારવું થયું છે ? આટલા શબ્દો બોલી આવનાર વણીક શેઠના ચહેરા ઉપર થતા ફેરફાર જોવા પોતાની દૃષ્ટિ સ્થિર કરી, તેની નોંધ પોતાના બાહોશ મગજમાં ઉતારતો ગયો.

વણિક—સાહેબ ઘણીજ ત્રાસદાયક બીના છે. હું દરેક સ્થળે નિરાશ થઇ છેવટે આપની પાસે આવ્યો છું. કારણ કે" આપની તારીફ આખા હિન્દુસ્તાનમાં પ્રસરી રહી છે. તેમજ તમારી બાહોશી, ચાલાકી, અને આત્મબળથી ભલ ભલા ચાલક શાહુચોરો તથા ભયંકર ડાકુઓ સજ્જડ થાપ ખાઇ ટુંક મુદ્દતમાંજ પકડાઇ ફાંસીના માંચડે લટકી જાય છે.

આપે ઘણાજ વિચત્ર કેસો પકડી સરકાર બહાદુરના અંગ રક્ષક જાસુસ થઇ રહ્યા છો. તો મારા જેવા એક દુઃખી વણીકને ત્યાં થયેલા ત્રાસદાયકના ખુની કેસને પકડી, ખરા ગુન્હેગારને શોધી, તેને ઘટતી શીક્ષા અપાવશો, એવી હું આશા રાખુ છું નરેન્દ્રરાયે વણીક શેઠની કહેલી વાત બરાબર સંપુર્ણ સાંભળી લીધા પછી થોડીકવાર સુધી આંખો મીંચી લીધી, બરાબર અડધા કલાક પછી આંખો ઉઘાડી તરતજ પોતાના ખીસામાંથી એક ચાંદીની દાબડી બહાર કાઢી, તેમાંથી એક સફેત રંગની ગોળી લઇ મુખમાં મુકી વાંચક જ્યારે તે આવા વિચિત્ર કાર્યો પોતાના હાથમા લેતા ત્યારે અડધા, અડધા, કલાકે એક ગોળી ખાતા, ગોળી માઢામાં મુકયા પછી નરેન્દ્રરાય બોલ્યા કે."

**નરેંદ્ર**—શેઠીયા આપનુ નામ શું છે ?

**વણીક**—સાહેબ " મારૂં નામ રમાકાંત્ત છે.

**નરેંદ્ર**—વારૂ હવે જણાવો કે આપની ભેદ ભરેલી વાતમાં કેટલુંક ત્રાસ દાયક વર્ણુન છે ? એમ કહી નરેંદ્રરાય પોતાનો સ્થીર ચહેરો કરી. રમાકાંત્તની ચીકીત્સા કરવા લાગ્યો. વાંચક." આવનાર ગૃહસ્થને હવે આપણે તેના ખરા નામથીજ સંબોધીશું.

**રમાકાંત્ત**—સાહેબ ? મારી સ્ત્રીનું ઘણું જ વિચીત્ર રીતે ખૂન થવા પામ્યું છે. લગભગ આજ ત્રણ મહિના થવા આવ્યા, છતાં મારી સ્ત્રીનો અથવા ખૂન કરનાર ખૂનીનો બીલકુલ પત્તો હજી સુધી લાગ્યો નથી.

નરેન્દ્રરાયે આંખનાં ભવાં ચઢાવી રમાકાંત્તને પૂછ્યું કે.

**નરેન્દ્ર**—શું ? આપની સ્ત્રીનું ખૂન થયું છે ?

**રમાકાંત્ત**—જી, હા,

**નરેન્દ્ર**—વારૂ શેઠીયા. હું તમોને જે સવાલ પુછું તેનો ખરો ખુલાસા વાર જવાબ આપશો ?

**રમાકાંત્ત**—સાહેબ. હું જેટલી બીના જાણતો હોઈશ તેટલી સત્ય બીના આપને ખુલાસાવાર જણાવી શકીશ.

**નરેંદ્ર**—તો ટુંક મુદ્દતમાં તમારી સ્ત્રીના ખરા ખુનીને શોધી કાઢવા હું પ્રયત્ન કરીશ, હવે મારા સવાલનો જવાબ આપો.

તમારી સ્ત્રીનું ખૂન કયાં અમદાવાદમાં થયું છે ?

**રમાકાંત્ત**—ના સાહેબ. કલકત્તામાં થયું છે.

**નરેંદ્ર**—તમો હાલમાં કલકત્તા રહો છો ?

**ર૦**—જી, હા, હાલ મુકામ કલકત્તામાં છે.

**ન૦**—પરંતુ ? તમારૂં વતન તો અમદાવાદ જ હશે ?

ર૦—જી, હા, અમારૂં મૂળ વતન અમદાવાદ છે.

ન૦—તમો કલકત્તામાં શું વેપાર કરો છો?

ર૦—રૂની દલાલી કરૂં છું.

ન૦—તમારે માતા પિતા છે કે નહી?

ર૦—જી, હા.

ન૦—તેઓ હાલ ક્યાં છે?

ર૦—કલકત્તામાં

ન૦—કલકત્તામાં ભાડે રહો છો કે, પોતાનાજ ઘરમાં રહો છો?

ર૦—સાહેબ? ભાડેથી રહીયે છીયે.

ન૦—ત્યારે તો તમે તમારા કુટુંબને લઇ, ટુંક સમયમાંજ કલકત્તા મુકામે રહેવા ગયા હશો?

ર૦—જી, હા, મને કલકત્તા ગયે લગભગ બારેક મહીના થવા આવ્યા છે.

ન૦—હં, હ, સમજ્યો, પરંતુ. તમો જ્યારે પ્રથમ અમદાવાદમાં રહેતાં હતા, ત્યારે પોતાનાજ ઘરમાં રહેતા હતા, કે ભાડાના ઘરમાં રહેતા હતા?

ર૦—જી, અમારા પોતાનાજ ઘરમાં રહેતા હતા.

ન૦—અમદાવાદમાં તમારાં કેટલાં ઘર છે? અને તે તમારી પોતાની કમાઈના, કે, તમારા પિતાની કમાઇના હતા?

ર૦—અમારા પોતાના ઘર નંગ ( ૨ ) બે હતા, અને તે મારા પિતાની કમાઇના હતા,

ન૦—ત્યારે તે મકાનો ઉપર તમારો તો બીલકુલ હક ન, જ કહેવાય.

ર૦—ના, જી,

ન૦—હાલમાં તે મકાનો તમારા પિતાને સ્વાધીન છે કે. ગીરે યા વેચી નાખેલાં છે?

ર૦—સાહેબ. હાલમાં કલકત્તા મુકામ હોવાથી બ'ને ઘર વેચી નાખેલાં છે.
ન૦—તમારાં લગ્ન પણ અમદાવાદમાંજ થયા હશે ?
ર૦—જી, હા.
ન૦—સસરા ઘણા શ્રીમંત હશે ?
ર૦—જી, હા, મારા સસરા એક મીલના અધિપતી છે.
ન૦—વારૂ ? તમારા પિતા પાસે કાંઇ ખાનગી મીલ્કત ખરી કે ?
ર૦—જી, હા, મારા પિતા પાસે હાલમાં રૂપીયા ચાર લાખની પુંજી ખરી.
ન૦—વારૂ રમાકાંત શેઠ. તમારા માતા પિતાની સાથે અથવા
તમારા સાસુ સસરા સાથે તમારે કાંઇ અણબનાવ ખરો કે.
ર૦—ના, સાહેબ,
ન૦—તમારી સ્ત્રીનુ નામ શું ?
ર૦—શુશીલા
ન૦—તમારે તથા તમારી સ્ત્રી શુશીલા બાઇને કાંઈ અણબનાવ ખરો કે?
ર૦—ના, સાહેબ. બીલકુલ નહી.
ન૦—હાલમાં કલકત્તા મુકામે તમારા ઘરમાં કેટલા માણસો છે ?

નરેન્દ્રરાય ડીટેક્ટીવના સવાલો ઉપરા ઉપરી પુછવાથી. રમાકાંત શેઠ ઘણાં ગભરાઇ ગયા હતાં, જીભ અટકતી હતી. પરંતુ" ન છુટકે હાવકું મોં રાખી જવાબ આપ્યો કે.

ર૦—કુલ મળીને, છ, માણસો છીયે.
ન૦—તેઓના નામ આપી શકશો ?
ર૦—ઘણી જ ખુશીથી સાહેબ. "મારા પિતા ચંદ્રકાંત બીજી મારી
માતા, રૂપાળી, ત્રીજો મારો નાનો ભાઇ રમણ, ચોથી મારી
સ્ત્રી શુશીલા, પાંચમો હું પોતે અને છઠ્ઠી મારી નોકરાણી.
પરંતુ" મારી સ્ત્રીનું ખુન થવાથી હાલમાં પાંચજ માણસોજ છે.

ન૦—તમારી સ્ત્રીની તથા તમારા નાના ભાઇ રમણની ઉંમર કેટલીછે?
ર૦—મારી સ્ત્રીની ઉંમર લગભગ અઢાર વર્ષની છે. અને મારા ભાઇની ઉંમર પંદર વર્ષની છે.

ન૦—તમારી સ્ત્રીની ઉમર અઢાર વર્ષની છે, ત્યારે તમારા લગ્ન પણ હમણાંજ થયાં હશે.

ર૦—જી, હા, આજ સાલમાં મારાં લગ્ન થયાં છે.

ન૦—પરંતુ તમારી સ્ત્રીને તથા તમારા ભાઇ રમણને કાંઇ બોલાચાલી થઇ હતી?

ર૦—જી, હા, એકવાર નહી જેવી સાધારણ બોલાચલી થઇ હતી.

ન૦—તમારી સ્ત્રીનું ખુન ઘરમાંજ થયું હતું?

ર૦—સાહેબ" તેજ બાતમી ચોક્સ ખબર નથી. ફક્ત એટલી ખબર છે, કે, તેણી જે દીવસે નદી ઉપર ન્હાવા ગઇ હતી. તે જ દીવસથી ગુમ થઇ હતી.

ન૦—હં, હં, સમજ્યો નદી ઉપરથીજ તમારી સ્ત્રી ગુમ થઇ ગઇ છે. તેથી કરીને તમારૂં ધારવું એમ છે, કે, તેણીનું ખુન થયું છે, એમજ છે, ને?

ર૦—જી, હા, તેમજ છે.

ન૦—ઠીક! જ્યારે તમારી સ્ત્રી નદી ઉપર ગઇ હતી, ત્યારે તેણીના શરીર ઉપર કાંઇ દાગીના હતા?

ર૦—જી, હા, તેણી મહાદેવના મંદીરમાં મહોત્સવ હોવાથી બધાં દાગીના પહેરીને ગઇ હતી.

ન૦—તેની સાથે કોઇ ગયું હતું, કે, તેણી એકલીજ ગઇ હતી?

ર૦—સાહેબ. " તેણીની સાથે મારી નોકરાણી ગઇ હતી. પરંતુ " નદી ઉપર ઘણી ભીડ હોવાથી મારી સ્ત્રી પાસેથી મારી નોકરાણી જુદી પડી ઘેર આવી હતી.

ન૦—બહુ સારૂં શેઠ " હવે તમારી વિષેશ જુબાની લેવાની મારે જરૂર હોય તેવું લાગતું નથી. માટે તમો આજ સાંજની ટ્રેનમાં કલકત્તા તરફ રવાના થઇ જાઓ, તમે કલકત્તા પહોંચી ત્યાંના પોલીસ કમિશ્નરને અરજી આપી જણાવજો, કે, મારી સ્ત્રીના ખુન સંબધી હજુ સુધી કાંઇપણ બદોબસ્ત થયો નથી. અને મુદ્દત લંબાતી જાય છે, તો મહેરબાની કરી અમદાવાદ પોલીસ સેકશનનાવડા અમલદાર સાહેબને સાધારણ ખૂન સંબધી નોધ લખી મોકલાવી, અમદાવાદના બાહોશ ડીટેકટીવ નરેન્દ્રરાયને ટુંક મુદ્દત માટે કલકત્તા મોકલાવવા મહેરબાની કરશો. એટલે હું ત્યાં આવી ટુંક મુદતમાં ખરા ખૂનીને શોધી કાઢવા બનતી મહેનત કરીશ, અને ઇશ્વર કૃપાથી ખરા ખૂનીને પકડવા ભાગ્યશાળી થઇશ.

રમા૦—બહુ સારૂ સાહેબ. " ઇશ્વર આપને યશ અપાવે, લ્યો હવે હું રજા લઇશ, કહી નરેન્દ્રને સલામ ભરી ચાલવા માંડયું.

ન૦—(શેઠને રોકીને પુછ્યું") ઉભા રહો શેઠીયા, હાલમાં કલકત્તા સેકશનમાં ડીટેકટીવ મુકુંદરાય છે ? કે કોઇ બીજો અમલદાર છે,

રમા૦—જી, હાલમા તો મુંકુંદરાય છે. પરંતુ " તે વણુ ઘણાજ બાહોશ અને હોંશિયાર હોવા છતાં આ ખૂન સંબંધી કેસમાં પાછા પડયા છે.

ન૦—ઠીક છે, તમારે માટે તેમનાં ઉપર હું ભલામણ પત્ર લખીશ.

રમા૦—મોટો ઉપકાર સાહેબ " લ્યો હવે હું રજા લઇશ.

ના૦—ખુશીથી પધારો શેઠીયા, આપ બેફીકર રહેજો, રમાકાન્ત શેઠનાં જવા પછી તરતજ પાછી પેલી ચાંદીની દાબડી ખીસામાંથી કાઢી, એક ગોળી મોઢામાં મુકી દીધી, અને વિચારના ઉડા કોતરાઓમાં ઉતરી પડયા. લગભગ અડધા કલાક પછી જેમ નિંદ્રામાંથી માણુસ ઝબકીને જાગે અને બડબડાટ કરે તેવીજ રીતે અત્યારે ડીટેકટીવ નરેન્દ્રરાય કરતા હતા, તેમના મુખમાંથી ઓચીંતો ઉદગાર નીકળી ગયો. કે બદમાસ ખૂની કેટલો બધો ચાલાક છે ? હરામખોરે મારા પરમ સ્નેહી બાહોશ ડીટેકટીવ મુકુંદરાયને પણ ના હીંમત બનાવ્યા છે, હવે હું જોઉં છું કે તારી ચાલાકી કયાં સુધી ચાલે છે. બસ ખુનીને પકડવો તો ખરો, આ પ્રમાણે મનમાં દૃઢ નિશ્ચય કરી સાંજ પડી જવાથી પોતાના ઘર તરફ જવાને ભાડુતી ગાડી કરી ઘર પ્રતિ જવાને રવાના થઇ ગયો.

# પ્રકરણ (૨) જું.

## રેગીષ્ટ લંગરો યાને વૃદ્ધ ભિખારી.

રમાકાન્ત શેઠને ગયે લગભગ આજે અઠવાડીયું પુરૂ થવા આવ્યું હતું. પરંતુ હજુ સુધી કોઇપણ જાતના સમાચાર યા હુકમ પત્ર પોતાને મળ્યો નહિ, જો એક, બે, દિવસમાં જવાબ નહિ મળે તો કોકડું વધારે ગુંચવાઇ જશે, તેની સાથે ખૂનીને શોધી કાઢવામાં ઘણી મહેનત પડશે, આવા ઉંડા વિચારમા મગ્ન થઇ, ડીટેકટીવ નરેન્દ્રરાય પોતાની ઓફીસમાં આરામ ખુરશીપર લાંબા પગ કરી સીગારેટના ધુમાડા કાઢી રહ્યા હતા, એવામાં ઓફીસના દરવાજા આગળનું બટન દબાયું, ટણણું, ટણણું, ટણણું, બેલના ત્રણ ટકોરાના અવાજ સંભળાયા, થોડી વારમાં ઓફીસનો દરવાજો ઉઘડયો, તેની સાથે એક પોલીસ અમલદાર અંદર આવી ડીટેકટીવ નરેન્દ્રરાયને સલામ ભરી, ગવરમેન્ટ સેક્રેટ સર્વીસના નામનું એક પરબીડીયું તથા નોટોનું બંડલ નરેન્દ્રરાયના હાથમાં આપ્યું, અને સલામ કરી બાજુ પર નરેન્દ્રરાયના હુકમની રાહ જોતો ઉભો રહ્યો, ડીટેકટીવ નરેન્દ્રરાયે રૂપીયાની નોટો તથા સેક્રેટ સર્વીસનું કવર જોતાંજ તેમાનુ રહસ્ય સમજી ગયો, આ વખતે નરેન્દ્રરાયના ચહેરા પર હર્ષના ચીન્હો સ્પષ્ટ જણાતા હતા. નરેન્દ્રરાયે આવેલા પોલીસ અમલદારને ઘટતું ઇનામ આપી રવાના કર્યો, પોલીસ અમલદારના જવા પછી, હર્ષના આવેશમાં આવી ગયેલા નરેન્દ્રરાય એક ટેબલ ઉપર બેસી કવર ફોડી અંદરનો કાગળ બહાર કાઢી વાંચવા માંડયો.

# સેક્રેટ સર્વીસ.

ડીટેકટીવ લાઇનમાં પ્રથમ બાહોશી બતાવનાર ગવરમેન્ટ તથા પ્રજાનું દીલ જીતી, પોતાના દરેક કાર્યોથી સરકાર બહાદુરને સંતોષ આપનાર.

બહાદુર ડીટેકટીવ, નરેન્દ્રરાય, કૃષ્ણરાય, પી.

જત કલકત્તાના નામદાર વોઇસરોએ પેગામ જ્વારા લખી જણાવ્યું છે કે તમારી અમદાવાદની સેક્રેટ સર્વીસમાં જોડાએલા બાહોશ અને સહાસીક ડીટેકટીવ નરેન્દ્રરાયને અમારી કલકત્તા સેક્રેટ પોલીસની મદદ માટે પેગામ મળેથી તરત કલકત્તા તરફ રવાના કરશો, તેથી હુ આપને ભલામણ તેમજ રાજીખુશીથી અમદાવાદની સેક્રેટ પોલિસની કીર્તિ ઉજ્વળ બનાવવા કલકત્તા જવાને રજા આપુ છું. ત્યાં જઇ તમારી બાહોશીથી અને હીમતથી ખરા ગુન્હેગારને શોધી નામને અમર કરી જલદીથી પાછા ફરશો, રસ્તાના માટે કેસ મોકલાવી છે. લી. અમદાવાદ સેક્રેટ પોલિસ કમિશ્નર G. S. S.

જી. એસ. એસ.

પેગામ વાંચી રહ્યા પછી તરતજ નરેન્દ્રરાય ઉભો થઇ ગયો, અને પોતાને જોઇતા સાહીત્યો એક ચામડાની કીટએમમાં ભરી, પોતાની પાસે સેક્રેટ સર્વીસનુ કામ શીખવા રહેલા પોતાની ફોઇના દીકરા અમૃતને સાથે લઇ, સ્ટેશન તરફ જવાને ઓફીસમાંથી નીકળી પડયો, સ્ટેશનપર પહોંચતાં પહેલાં પોતે જે કામ માટે કલકતા તરફ જવું પડે છે, તેનો ખુલાસાવાર હેવાલ એક પત્રમાં લખી, પોતાના પીતા કૃષ્ણ રાયને હાથોહાથ પહોચાડવા એક પોલીસને આપી રવાના કર્યો. ગાડીનો ટાઇમ પણ થઇ ગયેલો હોવાથી તરતજ ઉતાવળી ગતીએ અમૃત સાથે સ્ટેશન ઉપર આવી પહોચ્યો, અને ગાડીનુ એક ખાનું રોકી

અમૃત તથા નરેન્દ્ર સામ સામા એક એક પાટીયાપર આડે પડખે પડયા; ટ્રેન સ્ટાટ થઇ ચુકી હતી, થોડી વારે ટ્રેન વડોદરા પ્લાટફોર્મ પર આવી ઉભી રહી, એટલે બંને ભાઇ નીચે ઉતરી ગયા, અને દિલ્હી જતી એક્સ પ્રેસ ટ્રેન આવવાથી તરતજ તેમાં બેસી ગયા, ગાડી ટાઇમસર વડોદરા સ્ટેશનથી ઉપડી; નરેન્દ્ર દિલ્હી એક્સપ્રેસમા બેઠા પછી ઘણોજ ગંભીર પ્રકર્તીનો થઇ ગયો હતો, તેણે લગભગ ગોધરા સ્ટેશન છોડતા સુધી પોતાની આંખો બંધ કરી હતી. અજાણ્યા માણસ એમજ ધારે કે આ માણસને ઘણીજ નિદ્રા આવે છે બલકે અધોરી જેવા છે પરંતુ તેમાંનુ કાંઇ પણ ન હતું. જ્યારે તેને આવા વિચિત્ર કેસો માટે તર્ક શક્તિ બાધવી પડે છે, ત્યારે આંખો મીચી ઉંઘવા જેવો ડોળ કરી પોતાની બાહોશ શક્તિ બાંધી ખરા ગુન્હેગારને ઘણીજ સહેલાઇથી પકડી શકે છે. તેજ પ્રમાણે અત્યારે નરેન્દ્રે આંખો મીચી ઉંઘવા જેવો ડોળ કરી, ખુનીના ખરા ચહેરાને પોતાની આંખો સામે તરતો કર્યો હતો. અચાનક ડીટેકટીવ નરેન્દ્ર બેઠો થઇ ગયો અને બોલ્યો.

ન૦—અમૃત

અમૃત—કેમ મોટાભાઇ? કાંઇ રહસ્ય જણાયું?

ન૦—હા, સાધારણ રહસ્ય જણાયું, પરંતુ આ વિચિત્ર ખૂન માટે તારા હૃદયમાં શી ગડબડાટ ચાલી રહી છે?

અ૦—મોટાભાઇ? જો મને પૂછો તો મારા ધારવા પ્રમાણે ખુન કરનાર કોઇ ઘર ભેદુજ છે, અને તે પણ પૈસાને માટેજ કાવતરૂ રચાએલું હોવું જોઇએ.

ન૦—શાબાશ રે અમૃત હવે મારા જેવી તર્ક શક્તિ બાંધતા શીખ્યો ખરો.

અ૦—કેમ મોટાભાઇ." મારૂં ધારવું બરાબર છે ?

ન૦—હા તારૂં ધારવું તદ્દન ખરૂં છે, હવે ખુન શા કારણથી થયું તે શોધી કાઢીયે, એટલે ખુની પકડાવો સહેલ છે. પરંતુ" અમૃત ? આપણે પ્રથમ નાસ્તો કરી લઇ ચાહ પાણી પી, પછીથી ખુનીના કૃતિમ ચહેરાને શોધી કાઢવા કોશીશ કરીશું.

અ૦-હા ચાલો મોટાભાઇ, આપણે પ્રથમ નાસ્તો કરી લઇએ, એમ કહી સાથે લાવેલો મીઠાઇનો દાબડો ઉઘાડી બન્ને ભાઇ નાસ્તો કરવા બેઠા, એટલામા ગાડી રતલામ સ્ટેશનના પ્લાટ ફોર્મપર આવી ઉભી રહી, બન્ને જણે રતલામ સ્ટેશનપર ચા, પી લીધી, નરેન્દ્ર સીગારેટ સળગાવી ધુમાડા કાઢવા લાગ્યો, અલ્પ સમયમાં ગાડી રતલામ સ્ટેશનથી ઉપડી, ગાડી નાગડા સ્ટેશન છોડી ઝડપથી આગળ રસ્તો કાપવા લાગી, એટલે નરેન્દ્ર બોલ્યો, કે"

ન૦—અમૃત મારા ધારવા પ્રમાણે સ્ત્રીનું ખુન તો જરૂર થયુ છે, પરંતુ" જેણે તેનુ ખુન કરેલુ છે, તે ખુનીએ પૈસાના લોભેજ તે નિર્દોષ બાઇનુ ખૂન કરેલું હોવુ જોઇએ, પરંતુ ખૂન કરવામાં ખુનીએ ઘણીજ ચાલાકી વાપરેલી છે. અને તે બાઇના શબને પણ ગુમ કરી કરી દીધુ છે.

અ૦—મોટાભાઇ" મારૂ અનુમાન પણ તેવુજ છે.

ન૦—ઠીક, તું હવે થોડીવાર આરામ લે, હું પણ આરામ લેવા જરા આ પાટીયા પર આડે પડખે પડું છું. એમ કહી નરેન્દ્ર તથા અમૃત." વળી પાછા લાંબી સોડ તાણી પાટીઆ ઉપર ઉંઘવાનો ડોળ કરી સૂતા.

લગભગ એકાદ કલાક સુધી આંખો મીંચી નરેન્દ્ર પાટીયા ઉપર પડી રહ્યો, પરંતુ" કાંઇક નવિન વિચાર મગજમાં આવતાંજ" એકદમ બેઠો થઇ ગયો, અને મુઠીઓ પાટીયા ઉપર પછાડતાં બોલ્યો.

ન૦—અમૃત ? પરંતુ" અમૃતને સાધારણ નિદ્રાનો ચેપ લાગવાથી નરેન્દ્રનો શબ્દ સાંભળી શકયો નહિ, એટલે નરેન્દ્ર અમૃતની પીઠ થાબડતાં ફરીથી અમૃતને બુમ મારી અમૃત" આંખો ચોળતો, ચોળતો એકદમ બેઠો થઇ ગયો, અને બોલ્યો.

અ૦—કેમ ? મોટાભાઇ" ખૂની સપડાયો ?

ન૦—તેને સપડાવાની કાંઇ મુશ્કેલ વાત નથી, પરંતુ" આપણે જે ખૂનીને પકડવાનો છે, તે ખૂની ને તો આપણે જલ્દીથી પકડી શકીશું. પરંતુ" ખુનીને બીજા એક ભયંકર ખૂનીની મદદ હોવાથી, આપણને ખરા ખૂનિને પકડતા પહેલાં બહુજ વિઘ્ન નડશે, જે ભયંકર ખૂનિની મદદથી આ કાર્ય ખૂન વિષે થયેલું છે, તે બીજા નંબરનો ભયંકર ખૂનિ ઘણોજ બાહોશ અને ચાલાક છે, માટે અમૃત" આ કેસમાં બંને ખૂનિથી સાવધ પણે કામ કરવાની ખાસ આવશ્યકતા છે, નહીતો ગાફેલ રહ્યા, યા, જરાક ભૂલ ખાધી, તો, અમૃત જાણજે કે આપણા સોએ વર્ષ પુરાં થશે.

અ૦—મોટાભાઇ ? તમારે મારા તરફની બીલકુલ ફીકર રાખવી નહિ. તમારા જેવા બાહોશ ડીટેકટીવનો હું શાગીર્દ છું. હું કાંઇ કાચા ગુરૂનો ચેલો નથી.

ન૦—જો અમૃત "હવે આપણે બેંગલોર છોડી કલકત્તાની નજદીક આવી પહોંચ્યા છીએ, માટે તું અને હું અહીંથી વેશ બદલી

કરી જુદા પડી જઇએ, તો આપણને ખૂનિના વિશે કાંઇ બાતમી મળી શકવાનો સંભવ રહે.

અ૦--બહુ સારૂ ? મોટાભાઈ" એટલુ બોલી અમૃત પોતાના ચહેરાને કૃતિમ ચહેરો બનાવવા લાગ્યો, જોત જોતામાં તો અમૃત એક સોળ વર્ષની સુંદરીનો આબેહુબ વેશ ભજવ્યો, કેમ! મોટાભાઇ હવે મને ઓળખી શકે તેમ છે ? તરતજ નરેન્દ્ર અમૃતના તરફ દષ્ટિ કરી. તેની પીઠ થાબડતાં બોલ્યો કે"

ન૦—શાબાશ ? મારા અમૃત" તું હવે કોઇ પંહાની કારીગરી નો નમુનો થયો છે, હવે સત્વર જા, પરંતુ" બહુજ સાવધ પણે તને કોઇ કળી શકે નહિ, તેવી રીતે કાર્ય કરજે.

અ૦--બહુ સારૂ" મોટાભાઇ ? આપ તે વિશે બેફીકર રહો, હાં...પણ" આપણે મળવાનું મુકરર સ્થળ ક્યાં રાખીશું ?

ન૦—પોલીસ સ્ટેશન પરે ડીટેકટીવ મુકુંદરાયને ત્યાં, પણ સબુર શરીરના રક્ષણ માટે રીવોલ્વર તારી પાસે છે કે નહિ ?

અ૦--અરે ? એકને બદલે, બે રીવાલ્વર રાખી છે, જુઓ, કહી બે રીવોલ્વર નરેન્દ્રને બતાવી બોલ્યો, મને કાંઇ વિશેષ ભલામણ કરવાની જરૂર રહેશે નહી. લ્યો મોટાભાઈ ? પ્રણામ" અમૃત નરેન્દ્રને માથુ નમાવી જુદો પડી બીજા ડબ્બામાં ચાલ્યો ગયો. અમૃતને પોતાના કાર્યમાં પ્રવર્ત થએલો જોઇ, પોતે પણ ખીસામાંથી દાબડી કાઢી, તેમાંથી એક ગોળી મ્હોમાં મુકી, મુછમાં હસતો, હસતો, પોતાનો અસલ ચહેરો અદ્રશ્ય કરવામાં મશગુલ બની ગયો, વાંચક .." નરેન્દ ચહેરા બદલવામાં એવો તો કુશળ હતો કે, સારા, સારા, બહુ રૂપીઓ

તેમજ ડીટેકટીવ અમલદારો વખતે સજ્જડ થાપ ખાઇ જતા હતા. નરેન્દ્રરાય ગેટપ બદલી સાવધ થયા, એટલામાં ટ્રેન કલકત્તાના આલીશાન સ્ટેશનપર આવી ઉભી રહી, એટલે અમૃત તથા નરેન્દ્ર, પેસેન્જરોની ભીડમાં ભળી ગયા, દરેક પોત પોતાની ટીકીટ આપી,સ્ટેશન બહાર પબલીક રસ્તા ઉપર આવ્યા, જોતજોતામાં કલકતાનું આલિશાન સ્ટેશન હજારો માણસોથી ખાલી થઇ ગયું. ડીટેકટીવ નરેન્દ્ર તથા અમ્રત અત્યારે કયાં છે, તથા તેઓ અત્યારે શું કરે છે ? તે આપણે જાણવાની જરૂર નથી. કારણકે, તેઓના કાર્યમાં આપણે તેની પછવાડેજ યા સાથે ફર્યા કરીએ, તો, ખૂનિને પકડવાનુ કામ એટલેથી જ અટકી પડે, માટેજ, તેઓનું વર્ણન ન આપતાં નવલકથાને આગળ ચલાવવી એજ હું ઉત્તમ માનુ છું.

સ્ટેશનમાંથી દરેક પેસીન્જરો બહાર નીકળી ગયા, કોઇ ગાડી કરીને, તો કોઇ પગે ચાલીને, પોત પોતાના મુકામ પ્રતિ ગમન કરી ગયા, એવામાં વિચિત્ર ઘટના બની, તે એજ કે, પુર્ણ-વયે પહોંચેલો છતાં સાત ફુટ લાંબો શરીરે રૂષ્ટ પુષ્ટ દેખાતો, એક વૃદ્ધ ભિખારી ખભે મોટી પોટલી લટકાવી હાથમા મોટી ડાંગ પકડી ચારે તરફ પોતાની દ્દષ્ટિ નાંખતો તાવળી ગતીએ સ્ટેશનરોડ આગળ થઇને પસાર થયો, તે વૃદ્ધ ભિખારીના પસાર થયા પછી પાંચ મીનીટે એક રોગીષ્ટ અને પગે લંગડો જણાતો, કે જેના શરીરના આખા ભાગમાંથી લોહી તથા પરૂના બિંદુઓ ટપકતાં હતા, ખભે એક ઝોળી ભરવેલી હતી, હાથમાં એક જાડી લાકડી પકડેલી હતી, આવા વિચિત્ર રોગવાળો લંગડો ભિખારી, પેલા પસાર થતા વૃદ્ધ ભિખારીની પાછળ પાછળ થોડે અંતરે ચાલવા લાગ્યો.

આગળ ચાલતા વૃદ્ધ ભિખારીની ચાલ એટલી બધી ઝડપની હતી, કે, બીચારા રાગીષ્ટ લંગડાને તે વૃદ્ધ ભિખારીની પાછળ દોડવું પડતુ હતું. રાગીષ્ટ લંગડો રસ્તાનો માહીતગાર ન હોવાને લીધેજ, જ્યા વૃદ્ધ ભિખારી જાય ત્યા પોતાને જવું, એમ ધારી વૃદ્ધ ભિખારીની પાછળ તેના પગલે, તે પગલે, દોડતો હતો, પરંતુ. રાગીષ્ટ લગડાના મનમાં તે વૃદ્ધ ભિખારીની તરફની ઘણી દહેશત હતી, કે, કદાચ તે વૃદ્ધ ભિખારી પોતાને જોઇ જાય, તો, એ તમાચા મારી, ચોર ઠરાવી, પોલીસને સ્વાધીન કરે, તેથી બીચારાં રાગીષ્ટ લંગડાને જેલ જાત્રા કરવાનો સમય આવી જાય, આ હેતુથી વૃદ્ધ ભિખારી પોતાને ન જોઇ શકે, માટે છુપાતો, લગડાતો, ત્યા દુઃખથી પીડાતો ઝાડોની ઓથે ઓથે ચાલતો હતો.

કેટલાક રસ્તા ઓળગી વૃદ્ધ ભિખારી હુગલી નદીના કીનારા પર આવ્યો, થોડીવાર સુધી તે વૃદ્ધ ભિખારી નિશ્ચીત મને કિનારા આગળજ સ્થંભી ગયો, વૃદ્ધ ભિખારીને સ્થભી ગયેલો જોઇને. પછવાડે ચાલતો રાગીષ્ટ લંગડો પણ આગળ ન વધતાં ત્યાંજ અટક્યો, અને બાજુમાં આવેલા ઝાડની ઓથમાં છુપાઇ વૃદ્ધ ભિખારીની હીલચાલ જોવા લાગ્યો.

એવામા વૃદ્ધ ભિખારીએ હાથની બે આંગળી વડે સીટી વગાડી, ખીસામાંથી રૂમાલ કાઢી હવામાં હલાવી છુપી સંજ્ઞા કરી, જોત જોતામા એક હોડી જ્યાં વૃદ્ધ ભિખારી ઉભો હતો, ત્યાં આવીને ઉભી રહી, એટલે પ્રથમ પોતાને ખભે લટકાવેલી પોટલી ઉતારી હોડીમા મૂકી ચારે બાજુ બારીક નજર ફેંકી હોડીમાં કુદકો મારી બેસી ગયો, કે તરતજ હોડીવાળાએ હોડી હંકારી મૂકી. હોડી પછી સડસાડ પવન વેગે જોત જોતામાં કિનારા આગળથી દુર નીકળી ગઇ.

અત્યાર સુધી જે રોગીષ્ટ લંગડો, વૃદ્ધ ભિખારીની છુપી રીતે હીલચાલ જોઇ રહ્યો હતો, તે આ વિચીત્ર ઘટના જોઇ વિચારમાં પડી ગયો, અને બબડયો, કે, જરૂર ગામ, હુગલી નદીના સામા કિનારા પર હશે, નહીતો વૃદ્ધ ભિખારીને સામા કિનારે જવાનું શું પ્રયોજન, ચાલ હુ પણ હવે જાઉ, એવો નિશ્ચય કરી, ત્યાં પડેલી અનેક હોડીઓમાંથી એક હોડીના માલીકને હોડીનું ભાડું ઠરાવી આગળ ગયેલી હોડીની પાછળ પોતાની હોડી છોડી મૂકવાનું કહી, રોગીષ્ટ લગડો હોડીમાં બેઠો, પવન અનુકુળ હોવાથી રોગીષ્ટ લગડાની હોડી ઘણીજ વેગથી પાણીની સપાટી ઉપર દોડતી હતી. થોડા વખતમા તો લગડાની હોડી વૃદ્ધ ભિખારીની નજદીક થોડે અંતરે મંદ ગતિએ ચાલવા લાગી. અલ્પ સમયમાં બંને હોડીયો, થોડે થોડે અંતરે આવી કિનારા ઉપર ઉભી રહી. એટલે પ્રથમ વૃદ્ધ ભિખારી હોડીમાંથી નીચે ઉતર્યો, અને હોડીવાળાના કાનમાં કાંઇ છુપો ગણગણાટ કરી, હાથમાં પોટલી તથા લાકડી લઇ, ઝડપથી હુગલીનો કિનારો છોડી, આવેલી ઝાડીયોની ઘટામાં દોડી ગયો, ત્યારબાદ રોગીષ્ટ લંગડો પણ તે વૃદ્ધની પાછળ આવેલી ઝાડીયોમાં ચારે તરફ નજર ફેરવી દોડી ગયો, તો જણાયું, કે, વૃદ્ધ ભિખારી ઘણીજ ઝડપથી રસ્તો કાપતો હતો, વૃદ્ધ ભિખારીને દોડતો જોઇ, પોતે પણ લંગડાતો, લંગડાતો, પુરપાટ વૃદ્ધ ભિખારીની પાછળ દોડવા લાગ્યો, આ વખતે રાત્રીના દશેક વાગ્યાનો સુમાર થયો હતો, આ વખતે ફક્ત ઝાડીનો ખડખડાટ, તમરાઓનો ગુંજારવ તથા બંને ભિખારીના ચરણ ધ્વનીના અવાજ સિવાય કાંઇપણ સંભળાતું ન હતું. આગળ દોડતો વૃદ્ધ ભિખારી એકાએક અટકી ગયો એટલે ન છુટકે રોગીષ્ટ લંગડાને પણ આગળ ન દોડતાં ત્યાંજ અટકવું પડયું, વૃદ્ધ ભિખારી એક મોટા

ઝાડ આગળ આવ્યો, અને પગ આગળનું ઘાસ દુર કરી ત્યાં પડેલો સફેત પત્થર બળ વડે હટાવી દુર કર્યો, તે વખતે વૃદ્ધ ભિખારીએ ચારે તરફ નજર નાખી જમીનમાં ઉતરી ગયો, ઉતરતી વખતે બાજુપર ખસેડેલો પત્થર પ્રથમ જે સ્થિતિમાં મૂકેલો હતો, તેજ સ્થીતિમાં પાછો મુકી દીધો, આ બધો ચમત્કારીક દેખાવ રોગીષ્ટ લંગડો એકી નજરથી જોઇ રહ્યો હતો.

તેને પણ દીલમાં ઉત્સાહ થયો, કે, વૃદ્ધ ભિખારી જમીનમાં શા માટે ઉતરી ગયો હશે? જમીનમાં એવું શું અલૌકિક રહસ્ય સમાયેલું હશે ? પરંતુ." ચાલ મારે તે જોવું જોઇએ, અને અંદરના રહસ્યથી વાકેફ થવું જોઇએ, એ પ્રમાણેનો દ્રઢ નિશ્ચય કરી રોગીષ્ટ લંગડો એક પગે લગડાતો, લંગડાતો, જ્યાં પેલો પથ્થર પડયો હતો, ત્યાં આગળ આવી ઉભો રહ્યો, પોતાને કોઇ જુએ છે, કે, નહિ, તે માટે પ્રથમ તેણે પોતાની તીવ્ર નજર આજુબાજુ નાખી, પછી પડેલો પથ્થર બળ પુર્વક બાજુપર હઠાવી દીધો, અને અંદર દષ્ટિ કરી તો ઉતરવાની સીડી જણાઇ, કે તરતજ સાહસ કરી હીંમતથી અંદર ઉતરવા લાગ્યો, ત્યાર પહેલા પેલો પથ્થર પાછો અસલજ જગાએ ગોઠવી દીધો. લાકડાની સીડી ઉતરી રહ્યા પછી રોગીષ્ટ લગડાએ આગળ ચાલવા માડયું, થોડોક રસ્તો કાપ્યા બાદ એક સાંકડી નહેર આવી, તેમાં પણ રોગીષ્ટ લગડાએ હીંમતથી પ્રવેશ કર્યો. છેવટે, તે નાની નહેરનો રસ્તો કાપી ખુલ્લા ચૌગાનમાં આવ્યો.

અને વિચાર કરતાં બબડ્યો કે; આટલી મોટી તલેરમાતી ગુફા છે, પરંતુ. કોઇપણ સ્થળે બત્તીનો પ્રકાશ કેમ જોવામાં નહી આવતો હોય ? ઠીક છે, આગળનું રહસ્ય કેવું છે, એમ કહી આગળ વધવા લાગ્યો, તો આડી મોટી દીવાલ જણાઇ, રોગીષ્ટ લંગડો સમજી

ગયો, કે, આ ભીંત પણ તલેસ્માતીથી ભરપુરજ હોવી જોઇયે, અને તેની કોઇપણ છુપી ચાંપ હોવી જોઇએ, એટલામાં ખડખડાટ સંભળાયો, જાણે કોઇ કવીક માર્ચના પગલા લેતું લશ્કર આવતું હોય તેવો ભણકાર પોતાના કર્ણમાં સંભળાયો, રોગીષ્ટ લંગડો સાવધ થયો, પોતાના શરીરનું રક્ષણ કરવા અથવા કોઇ જોઇ શકે નહી તેવી જગાએ છુપાયો, થોડા સમયમાં મસાલોનું અજવાળું દેખાયું, અને જોતામાં તો આ તલેસ્માતી ગુફા ભુતાવળોથી ઉભરાઇ ગઇ, પરંતુ. બીજીજ પળે ત્યાંથી અદ્રષ્ય થઇ ગઇ, પરંતુ. જે વૃદ્ધ ભિખારી પ્રથમ ઉતરતાં દેખાયો હતો, તેજ લમણે હાથ દઇ ત્યાં બેસી રહ્યો હતો, રોગીષ્ટ લગડો વિચાર કરવા લાગ્યો, કે, બધાં ભુતડાં અદ્રષ્ય થઇ ગયાં. અને આ બાગરો ભુત હજુ સુધી અહી શા વિચારમાં બેસી રહ્યો હશે ? એટલામાં તો, દાંત કચકચાવતો અને હાથની મુઠીઓ વાળતો વૃદ્ધ ભિખારી ત્યાંથી ઉભો થઇ ચાલતો થયો, એટલે તેની પછવાડે પેલો રોગીષ્ટ લગડો પણ ચાલવા લાગ્યો.

પેલો વૃદ્ધ ભિખારી જે રસ્તે આવ્યો હતો, તેજ રસ્તે પાછો બહાર નીકળ્યો, ચારે બાજુ દ્રષ્ટિ કરી પેલો સફેત પથ્થર પાછો હતો, ત્યાં ગોઠવી દીધો, પછી એક ઝાડ નીચે બેસી ઘણાજ ઉંડા વિચારમાં ઉતરી ગયો, વૃદ્ધ ભિખારીને ગયે, લગભગ અડધો કલાક થઇ જવાથી રોગીષ્ટ લંગડો મનમાં સમજી ગયો, કે, વૃદ્ધ ભિખારી હવે ચાલ્યો ગયો હશે, તેમ ધારી જે રસ્તે થઇને પોતે આવ્યો હતો, તેજ રસ્તે થઇને લાકડાની સીડી ચઢવા લાગ્યો અને ધીમે, ધીમે ઉપરનો પથ્થર ખસેડવા લાગ્યો, પથ્થરને આપોઆપ ખસતો જોઇ, અત્યાર સુધી વિચારમાં બેઠેલો વૃદ્ધ ભિખારી ચમકયો, પરંતુ. બીજી જ પળે પથ્થરને ખસવાનું કારણ તપાસવા ઝાડની પાછળ

છુપાઇ ગયો, બીજી બાજુ રોગીષ્ટ લંગડો બહાર નીકળી પથ્થર હટાવવા જાય છે, તેવોજ પેલો વૃદ્ધ ભિખારી છલંગ મારી રોગીષ્ટ લંગડા ઉપર તુટી પડ્યો, બન્ને ભિખારી વચ્ચે ઘણી કુસ્ત કુસ્તી ફેટ ફેટ, અને મારા મારી ચાલી, વાંચક આ વખતે તે વૃદ્ધ થઇ ગયેલા ભિખારીમાં તથા જેને આખા શરીરેથી લોહી તથા પરૂ વહન કરતા હતા, એવા રોગીષ્ટ લગડામા એકાએક બળ કયાંથી આવ્યું, તેને ખ્યાલ તારી બાહોશ મગજ શક્તિથી કરી લેવા ભલામણ કરૂ છું.

આ બને ભેદી માણસો એક, એકથી ઓછા ઉતરે તેવા નહતા, એવામા બાજી પલટાઇ ગઇ. રોગીષ્ટ લગડાએ દાવ સાધી પેલા વૃદ્ધ ભિખારીને એવી તો જોરમાં ફેંટ મારી કે, ફેટ પડતાની સાથે તે વૃદ્ધ જમીન પર બેશુદ્ધ થઇ પડી ગયો. વૃદ્ધ પડવાથી થોડીવારને માટે ઉભો, ઉભો, રોગીષ્ટ લગડો ખડખડાટ હસવા લાગ્યો, પરતુ. તે વૃદ્ધ કોણ છે? તે જોવા માટે તરતજ કપડાવતી વૃદ્ધનો ચહેરો સાફ કરી, દાઢી, મુછો, તથા માથા પરના વાળ દુર કર્યા, કે તરતજ રોગીષ્ટ લગડો તે વૃદ્ધનો ચહેરો જોઇ ચમકયો, છેવટે મુછોમાં હસતો, હસતો એક તીરસ્કારની નજર વૃદ્ધ ઉપર ફેંકી એકદમ ઉભો થઇ ગયો. પોતે જો કઇ વધારે રોકાશે તો જરૂર કોઇ વિઘ્ન નડશે. માટે અહીંથી પલાયન થઇ જવુ, એજ આ વખતે ઉચિત છે, એ પ્રમાણે વિચાર કરી રોગીષ્ટ લગડો ત્યાંથી પલાયન કરી ગયો.

ઝાડીયોની ધટાઓમાં છુપાતો, હુગલી નદીના કિનારા પર આવ્યો. અને હોડીમાં બેસી આ પારથી પેલે પાર સહી સલામત પહોંચી ગયો હોડીવાળાને પૈસા ચુકાવી મુસાફર ખાંના તરફ રવાના થઇ ગયો.

---

# પ્રકરણ (૩) જું.

## રોગીષ્ટ લંગડાનું સાહસ.

સૃષ્ટિમાં લીલાદેવી પોતાના નવ પલ્લવીત વસ્ત્રો પરિધાન કરીને પ્રાણી માત્રને સુખસહ પ્રેમથી આનંદનું પાન કરાવતી હતી. મંદમંદ પવનની શીતળ લહેરીઓ મગજને ઠંડક આપી રહી હતી. સૂર્યનારાયણના સોનેરી કીરણો કુદરતની શોભામાં વધારો કરી રહયાં હતા, મેના, પોપટ, કોયલ, આદી કુટડા પક્ષીઓ મીઠાં સ્વરથી આલાપતા હતા, લગભગ છ વાગ્યાનો સુમાર થયો હતો, હુગલી નદી પર આવેલા શંકરના મંદીરમાં, શંકરના ભકતો નો ઠઠ ભરાયો હતો, આ સમયે રોગથી પીડાતો એક લંગડો, ભિખારી હુગલી નદીમાં સ્નાન સંધ્યા કરી રહયો હતો, એવામાં એક વીચીત્ર ઘટના બનવા પામી, કે જ્યાં લંગડો રોગીષ્ટ સ્નાન કરી રહયો હતો, તેની બાજુમાં બે, ચાર, કદમ ઉપર બેહૃષ્ટ પુષ્ટ માણસો આપસમાં લડતા હતા, પહેલો કહે કે, તેં ગુમાવી, બીજો કહે કે તે ગુમાવી, આ પ્રમાણે વાત કરતાં, કરતાં, બંને ભેદી જેવા જણાતાં માણસો પાણીની બહાર નીકળ્યા, આ વખતે રોગીષ્ટ લંગડો પેલા ભેદી માણસોના ચહેરા તરફ જોઇ રહયો હતો, તે લોકો ના ચહેરા પરથી સમજી ગયો કે, તેઓએ પોતાની વસ્તુ પાણીમાં ગુમાવી, નિરાશ થઇને જાય છે, રોગીષ્ટ લંગડાએ પાછું ફરીને જોયુ તો પેલા માણસોને શંકર ના મંદીરમાં પેસતા જોયા, કે, તરતજ જ્યાં પેલા માણસો ન્હાતા હતા, ત્યાં પોતે ગયો, અને પાણીમાં પોતાની દીર્ઘ દ્રષ્ટિ થોડી વારને માટે ફેંકી તો પાણીની સપાટી ઉપર એક તરતી લાકડી જણાઇ, જોતાં વારજ રોગીષ્ટ લંગડો પાણીમાં તરવાને ઘણોજ કુશળ

હોવાથી પાણીમાં કુદી પડયો, અને લાકડીને તરતજ પકડી લીધી, પછી લાકડી લઇ સહીસલામત પાછો કિનારા ઉપર આવ્યો, લાકડીને આમ તેમ ફેરવી મન સાથે વિચાર કર્યો, કે, પેલા બદમાસો જરૂર આ લાકડી માટેજ લડતા હોવા જોઇએ, કદાચ લાકડી માટે લડતા હોયતો. લાકડીમા કાંઇપણ ગુપ્ત રહસ્ય હોવુ જ જોઇએ, નહીતો નજીવી વસ્તુ માટે લઢવાનુ કારણ શુ ? આ પ્રમાણે વિચાર કરતો રોગીષ્ટ લગડો લાકડીને ચારે બાજુ ફેરવવા લાગ્યો. પછી મુઠ ઉપર હાથ રાખી, જોરથી મુંઠને હલાવી તો, મુઠ ફરતી જણાઇ, એટલે ઉત્સાહમાં આવી જઇ, મુઠને લાકડીથી જુદી પાડી, કે, તેમાં એક કાગળ છુપાવી રાખેલો જણાયો, કાગળ હાથમાં લઇ વાચવા માટે ખુલ્લો કર્યો, પરતુ, અફસોસ કે કાગળ તદ્દન લખાણ વગરનો કોરો હોવાથી, કાગળના લખાણ નો ભેદ રોગીષ્ટ લંગડાને ન મળી શકયો, છતા નિરાશન–થતા કાગળ પોતાના કબજે કરી સહી સલામત જગાએ છુપાવી દીધો, બાદ લાકડીને એક સહી સલામન જગાએ દાટી, ત્યાં પોતાની અમુક છુપી નીશાની કરી આગળ ચાલવા લાગ્યો, પરતુ ” વિશેશ આગળ વધતાં પહેલા રોગીષ્ટ લંગડાને ત્યાંજ અટકવું પડયું, કારણકે, મંદીરમાં ગયેલા પેલા બે માણસો બહાર નીકળતા જણાયા, હજુ પણ તે બને જણમાં ગડબડ ચાલી રહી હતી. તે જોઇ રોગીષ્ટ લગડો મુછમાં હસવા લાગ્યો, તેઓ કોણ છે' ત્યા કયા જાય છે' તેની સાવધ પણે હીલચાલ છુપી રીતે જોવા લાગ્યો, મંદીરમાંથી નીકળેલા બે માણસો એ ગામમાં જવા માટે ડાબા હાથનો રસ્તો લીધો, અને રસ્તા ઉપર આવી એક ભાડાની ગાડી કરી તેમાં પેલા બને જણા બેસી ગયા, એટલે ગાડીવાળાના કાંનમાં પેલા બંન્ને જણામાંથી એક જણે કંઇક નિશાની આપી, અમુક સ્થળે પહોંચાડવાની સંજ્ઞા કરી કે,

તરતજ ગાડીવાળાએ ગાડી દોડાવી મૂકી, તેઓની ગાડી ત્યાંથી પસાર થઇ કે, તરતજ રોગીષ્ટ લંગડાએ પણ ગાડી ભાડે કરી, આગળ ગએલી ગાડીની પુંઠ પકડવા ગાડીવાળાને ભલામણ કરી આગળ ચાલતી ગાડી કેટલાક રસ્તા વટાવી એક ભયંકર ગલી આગળ આવી ઉભી રહી કે, તરતજ તેમાંથી બંને જણા નીચે ઉતરી, ગાડી-વાળાને પૈસા ચુકાવી, તે ભયંકર ગલીમાં પેઠા, બીજી બાજુ ગાડી-વાળો પોતાની ગાડી ત્યાથી હંકારી ગયો, કે તરત તે જગાએ રોગીષ્ટ લગડાની ગાડી આવી ઉભી રહી, રોગીષ્ટ લંગડાએ દુરથી પેલા બે જણાને ભયંકર ગલીમાં પેસતા જોયા, એટલે રોગીષ્ટ લંગડાએ ગાડીવાળાને કહ્યું કે પેલા બે શખ્સો કયા ઘરમાં પ્રવેશ કરે છે, તથા તે ઘરનો નંબર શું છે, તે તપાસ કરી જલદીથી આવ, તારી મહેનતનુ ફળ તને જરૂર મળશે, ગાડીવાળો આશાએ આશાએ ગયેલા માણસની પછવાડે ભયંકર ગલીમાં પેઠો, તો, પેલા બને જણાને એક મોટા આલીશાન મકાનમાં પેસતા જોયા, એટલે ત્યાં જઇ ઘરની નીશાની બરાબર ધ્યાનમાં રાખી, ઘરનો નબર એક કાગળ ઉપર લખી તરતજ પાછો ફર્યો, ને પોતાની ગાડીમાં બેઠેલો ભીખારીને આપતાં બોલ્યો કે તે ભાઇ, જે ઘરમાં તેઓ પેઠા છે, તે ઘર એક જુગાર ખેલવાના અખાડા જેવું છે, અને તે ઘરનો નંબર (૩૩૩) છે. એમ કહી ઘરના નંબરનો ઉતારેલો કાગળ રોગીષ્ટ લંગડાના હાથમાં મુકયો, એટલે રોગીષ્ટલંગડાએ તે ઘરનો નંબર વાંચી સહીસલામત જગાએ છુપાવી દીધો, પછી બોલ્યોકે, હવે મને જ્યાંથી બેસાડયો, ત્યાં આગળ લઇ જઇ ઉતારી મુકજે. ગાડીવાળાએ પુરપાટ ગાડી હાંકી મુકી, અને પ્રથમ જગાએ લાવી રોગીષ્ટ લંગડાને કહ્યુંકે, આ તમારી પ્રથમની જગા, એટલે રોગીષ્ટ લંગડો નીચે

ઉતરી પોતાની ઝોળીમાંથી પાંચ રૂપીયા ગાડીવાળાને આપ્યા, એટલે ગાડીવાળો ખુશ થઈ બોલ્યો કે; ભાઈ તમારે કોઇ દીવસ ગાડીની જરૂર પડેતો આ જગાએ આવી પુછજો કે; પાગલખાન કયાં રહે છે. એટલે કોઇપણ બતાવશે, તેના જવામાં રોગીષ્ઠ લગડા એ ડોકું ધુણાવી કહયું કે; બહુ સારૂં ! એટલી સજ્ઞા કરી ત્યાંથી રવાના થઇ ગયો, લગભગ દશેક વાગ્યાનો સુમાર થયો હતો, દુકાનદાર શેઠીયાઓ મોઢામાં તંબોળ ચાવતા, અમીની પીચકારીઓ રસ્તા પર ફેંકતા, પોતાની દુકાન પ્રતિગમન કરતાં હતાં ઓશીસરો, કોઇ ગાડીમાં તો કોઇ સાઇકલ પર દોડધામ કરી રહયા હતા, આ વખતે (એ) વોર્ડમાં આવેલા પોલીસ્ટેશન પર ઓફીસની અંદર ના ભાગમા કલકત્તાના પ્રખ્યાત ડીટેકટીવ. મી, મુંકુદ રાય પોતાની સેક્રેટ સર્વીસના બે, ચાર, અમલદાર સાથે ડીટેકટીવ નરેન્દ્ર રાયની તારીફ કરી રહયા હતા, એવામાં બહારની બાજુમાં કોલાહલ સંભળાયો, જેથી, ડીટેકટીવ મુંકુંદરાય ઉઠીને બહાર આવ્યા, તો એક સોળ વર્ષની સ્વરૂપવાન સુંદરી હાથમાં વિણા લઇ સગીત ગઇ રહી હતી. તેથીજ ત્યાં ભરાયેલી પુષ્કળ માણુસોની ગીરદીથી કોલહલ સંભળાતો હતો, એવામાં ગીર· દીની એક બાજુપર કોઇ બે બદમાસોને આપસ, આપસમાં છુપી સલાહ કરતા, ડીટેકટીવ મુંકુદરાયે જોયા, પરંતુ " તેમને જોવાને .ડીટેકટીવ મુંકુદરાયને પુરતો ટાઇમ મળે, ત્યાર પહેલાં તો તે બંને બદમાસો ઉપર પછવાડેથી કોઇએ લાકડીનો સખત પ્રહાર કર્યો, ફટકો ઘણોજ જોરમાં હોવાથી ફટકો ખાનાર બંને બદમાસો જમીન દોસ થઇ ગયા, એટલે એક રોગીષ્ટ એક પગે લંગડો ચાલતો ભિખારી પડેલા બંને બદમાસોની છાતી ઉપર ચઢી બેઠો, અને હસતાં, હસતાં. બદમાંસોના ખીસામાંથી ઝડતી લેતાં મળી આવેલા કાગળને પોતાના

ખીસામાં ધીમે રહીને સેરવી દીધો, આ બધો બનાવ એક પળમાંજ બનવા પામ્યો હતો, વાંચક; તમે આ લંગડાને વારંવાર નિહાળેલો હોવાથી તેનું વર્ણન આપવું, એ નકામો વખત ગાળવા જેવું છે.

આ બનેલી વિચીત્ર ઘટનાનું રેટ ચક ડીટેકટીવ મુંકુંદરાય ક્યાર ના એ ઉભા, ઉભા, બારીકાઇથી જોઇ રહયા હતા. તેમને આ વિચીત્ર ઘટનાએ સજ્જડ અસર કરી હતી, આ બનાવ કેવી રીતે બનવા પામ્યો. પેલા રોગીષ્ઠ લંગડાએ બંને જણને ફટકો શા સારૂ માર્યો; તેઓના ખીસામાંથી શાની ચોરી કરી, આવા અનેક તરંગોએ મુંકુંદરાય ના બાહોશ મગજમાં રમખાણુ જગાવી મુકયું, પોતાને કોઇ પણ જાતની સમજ ન પડવાથી, તરતજ બે પોલીસને લઇ. જ્યાં રોગીષ્ટ લંગડો ઉભો હતો, ત્યાં આગળ આવી, જમીન પર પડેલા બંને બદમાસોને ઉભા કરી પોલીસ ને સ્વાધીન કર્યા, અને રોગીષ્ટ લંગડાને સાથે લઇ ડીટેકટીવ મુંકુંદરાય પોતાની ઓફીસમાં આવ્યા, ડીટેકટીવ, મુંકુદરાયની સાથે એક ભીખારીને આવેલા જોઇ, ઓફીસ માં બેઠેલા અમલદારો મુંકુંદરાયને પુછવા લાગ્યા કે ? ?

**અમલ**—સાહેબ ? આ મુંવાલી કોણ છે ? ત્યા તેને ક્યાંથી પકડી લાવ્યા.

**મુકુંદ**—આ મુંવાલી ઘણો ભેદી માલમ પડે છે, તેની વર્તણુક ત્યા વીચીત્ર વેશથી તે કોઇ બદમાસોનો ગુપ્ત જાસુસ હોય તેમ જણાય છે. પરંતુ " હમણાજ હું તેની બરાબર ખબર લઉ છું. એમ કહી રોગીષ્ટ લંગડા તરફ પોતાનું મ્હોં ફેરવી ગંભીર

અવાજે બોલ્યા કે" અલ્યા લંગડા પેલા ઉમેશા વટેમાર્ગુ ઉપર પ્રહાર શા સારૂ કર્યો ? તથા તેના ખીસ્સાની ઝડતી લઇ તેં શાની ચોરી કરી ?

એવો બે માથાં રાખનાર તું કોણ મુવો છે ?

એ સર્વ બીના સત્ય જણાવ જે, અમારાથી કાંઇ પણ છુપાવાની કોશીષ કરી તો, મુવો સમજજે.

એટલું બોલી ડીટેકટીવ મુંકદરાય, રોગીષ્ટ લંગડાના ચહેરા ઉપર થતા ફેરફાર નિહાળવા તેના ચહેરાનું બારીકાઇથી અવલોકન કરવા લાગ્યો.

રોo લંગડો—બોલરાઇ, વેલ, મી. કલકત્તાના બાહોશ અને સુપ્રસિદ્ધ મુંકુદરાય ડીટેકટીવ સાહેબ" તમારા સવાલોના જવાબ આપવા આ સેવકને હમણાં બીલકુલ ફુરસદ ન હોવાથી હું આપના ઉત્સાહી ભરેલા શબ્દોને પાછા ખેંચી લેવાની અરજ કરૂં છું, કદાચ, મારા બોલવામાં આપને અવિવેક લાગતો હોય, તો તેને માટે આપની તથા આ બેઠેલા સેક્રેટ સર્વીસના બાહોશ અમલદારોની ઉદારદીલે ક્ષમા ચાહું છું.

એટલું બોલી રોગીષ્ટ લંગડો ખડખડાટ હસી પડયો, તેના હસવાના ગંભીર અવાજથી બેઠેલા સર્વ અમલદારો, એટલુંજ નહી પરંતુ ડીટેકટીવ મુકુંદરાય પણ જરાવારને માટે કંપી ઉઠયા.

## પ્રકરણ ૪ થુ

### રોગીષ્ટ લંગડા કોણ?

મુંકુદરાય ડીટેકટીવે ઘણીજ બારીકાઇથી રોગીષ્ટ લંગડાના ચહેરાની ચીકીત્સા કરી, પરંતુ" મંદ હાસ્યના ચિન્હ સિવાય બીજુ એક પણ ચિન્હ છેવટ સુધી તેના ચહેરા ઉપર ન જણાયું છેવટે, તેનાથી કંટાળી ગુસ્સાના આવેશમાં આવી જઇ મુંકુદરાય બોલ્યા કે "

મુકુંદ—બદમાસ ? આવી રીતે પોલીસ અમલદારને ઠગી, તું તારો બચાવ કરવા માગે છે ? કેમ ?

પરંતુ" આ ડીટેકટીવ મુંકુંદરાયના હાથમાંથી નાસી છુટવું એ ઘણું જોખમ ભરેલુ છે.

રો૦ લંગડો—ડીટેકટીવ સાહેબ? ન્હાસી જવાનો વિચાર મારા પાણીદાર જીગરમાં નથી, તેની સાથે ભય વસ્તુ શું છે ? તેપણ હું સમજતો નથી.

મુંકુદરાય" તેની વીચીત્ર ભેદ ભરેલી વાતો સાંભળી ઘણોજ ખીજવાઇ ગયો, અને ખીસામાંથી રીવોલ્વર કાઢી, રોગીષ્ટ ભિખારીની સામે તાકતાં બોલ્યા કે:"

મુકુદ—બદમાસ:" જો મારા કહેવા મુજબ નહી વર્તીસ તો, યાદ રાખજે, આ રીવોલ્વરથી હું તને દુનિઆમાં હતો, નહતો, કરી મુકીશ.

ડીટેકટીવ મુકુંદરાયને ગુસ્સામાં આવી ગયેલા જોઇ ત્યા ખીસામાંથી એકદમ રીવોલ્વર કાઢી પોતાના પ્રત્યે તાકેલી જોવાથી રોગીષ્ટ લંગડો ખડખડાટ હસી પડયો.

રો૦ લંગડો—મારા માનવંતા ડીટેક્ટીવસાહેબ" આવી ખોટી ધમકીથી હું કદી બ્હીતો નથી. કદાચ બ્હીતાં રહીયે તો, આવાં સાહસ ભરેલાં કાર્યો અમારાથી ન, જ થાય, તમે સમજો છો કે" હું રીવોલ્વર બતાવીશ, એટલે આ રોગીષ્ટ લંગડો ડરી જશે, પરંતુ" ડીટેક્ટીવ સાહેબ ! તમારૂ ધારવું ઘણુંજ ભુલ ભરેલુંછે. આ રોગીષ્ટ લંગડો કાચા ગુરૂનો ચેલો નથી કે, પોતાની ભુલનો પોતેજ ભોગ થવાને સંભવ આવવાદે. આ રોગીષ્ટ લંગડો દરેક કાર્ય સાવધાન પણેજ કરે છે. મુકુંદરાય" તમારી પાસે એક રીવોલ્વર છે, તો જુઓ ? મારી પાસે બે રીવોલ્વર છે. એમ કહી તરતજ પોતાની ઝોળીમાંથી બે રીવોલ્વર બહાર કાઢી, ડીટેક્ટીવ મુંકુંદરાય તરફ તાકીને બોલ્યો" ચાલો મહાશયો આ મારી મોતજેવી બે, નાળીકાને આધીન થઇ, તમારા સર્વના હાથ ઉચા કરો, નહીતો, નાળીકાનો ઘોડો દબાવતાં તમારા મનની મુરાદો મનમાંજ રહી જાશે, મુંકુદરાય" રોગીષ્ટ લંગડાનું સાહસીક પ્રરાક્રમ જોઇ, સમય સુચકતા વાપરી, પોતાસહીત સર્વ અમલદારોએ પોતપોતાના હાથ ઉચા કર્યા, તે વખતે, ડીટેક્ટીવ મુંકુદરાય, તથા સર્વ અમલદારો પાસેથી બધી રીવોલ્વર ખુંચાવી પોતાના સ્વાધીનમાં લીધી ? કે તરતજ રોગીષ્ટ લંગડાએ ભયંકર હાસ્ય કર્યું.

પોતાના કરતાં, બાહોશી તથા સાહસીકમાં વધી ગયેલા રોગીષ્ટ લંગડાને જોઇને ડીટેક્ટીવ, મુંકુદરાય ઘણાજ ઉડા વિચારમાં ઉતરી પડ્યો, સાથે બેઠેલા અમલદારો તો મીણનાં પુંતળાની માફક ત્યાંને ત્યાંજ ઠરી ગયાં, અને વિચારવા લાગ્યા કે" આ બધુ શું બને છે ? તેની મુદલ સમજ પડતી નથી. સર્વ અમલદારોના ચહેરાપર થતા

ફેરફારથી રોગીષ્ટ લંગડો, તેઓના હૃદયમાં ચાલતી વિચીત્ર રમખાણી ને તરત સમજી ગયો, તરતજ, પોતાનું ઉભા રહેવાનું સ્થાન છોડી, ડીટેકટીવ મુંકુદરાય પાસે આવ્યો, અને મુંકુદરાયના ખભા ઉપર પોતાનો હસ્ત મૂકી, બોલ્યો કે" ડીટેકટીવ સાહેબ ? જેટલો વિચાર મારે માંટે ચલાવો છો, તેટલોજ ઉંડો વિચાર કદી થઇ ગયેલા ખુન સંબંધી ચલાવો તો, હું આશા રાખુ છું, કે ખુનીને જલ્દીથી પકડવા તમો ભાગ્યશાળી થાઓ.

ખૂનની વાત રોગીષ્ટ લંગડાના મુખથી સાંભળી.

મુકુંદરાય, એકદમ, ચમકયા, રોગીષ્ટ લંગડાના ચહેરા તરફ ઝીણીનજર કરી, પરંતુ, અફસોસ ?

કે રોગીષ્ટ લંગડાના હસમુખા ચહેરા સિવાય કોઇપણ જાતની ખૂન, વિશેની અસર જણાઇ નહી.

તરતજ પાછા મુંકુદરાય" ઉંડા વિચારમાં ઉતરી પડયા, અને બબડયા કે, રોગીષ્ટ લંગડાને ખુનસાથે શો, સબંધ હશે. ?

આવા વિચિત્ર વિચારો ડીટેકટીવ મુંકુદરાયનું બાહોશ ભેજુ ગુમાવી દીધું, પોતાના વિચીત્ર શબ્દો એ ઘણીજ જોરદાર અસર કરેલી હોવાથી, તથા મુંકુદરાય, તથા સર્વ અમલદારોને નિરાશ થઈ ગયેલા જોઇ, રોગીષ્ટ લંગડો, હસતો, હસતો, મુંકુદરાયને કહેવા લાગ્યો, કે, મારા પરમસ્નેહીં, આત્મબંધુ, નિરાશાને આધીન ન થાઓ, મારા તરફ તમારી નજર ફેરવો, અને બારીકાઇથી જુઓ કે" હું કોણ છું"? તરતજ બીજીપળે ડીટેકટીવ મુંકુદરાય તથા બેઠેલા સર્વ અમલદારો ઉભેલા ભેદી રોગીષ્ટ લંગડા તરફ તાકીને જોઇ રહ્યા.

બસ, વાંચક, બરાબર નિરખી લે કે, બહાદુર રોગીષ્ટ લંગડો કોણ હતો, તરતજ પોતાના માથાના બનાવટી વાળ તથા મુંછો કાઢી

નાખી ચહેરો કપડાવતી સાફ કરી નાખ્યો, કે, તરતજ ચહેરો તેના અસલ સ્વરૂપ પર આવી ઉભો રહયો, રોગીષ્ટ લંગડાનો સ્પષ્ટ ચહેરો જોતાંજ, ડીટેકટીવ મુંકુદરામ" હર્ષના આવેશમાં આવી જઇ, ગર્જના કરી બોલ્યા કે' કોણ? મારા પરમ સ્નેહી બહાદુર ડીટેકટીવ નરેન્દ્રરાય? ધન્ય છે, નરેન્દ્રરાય, તમારી અથાગ બુદ્ધિ, તથા સાહસ ભર્યા વાદ વીવાદને, આટલું બોલી બંને બાહોશ ડીટેકટીવો હર્ષથી ભેટયા, આ સમયે મુંકુદરાય તથા બેઠેલા સર્વ અમલદારોના હૃદય કેટલાં બધાં હર્ષીત થયાં હશે. ? તેનો ખ્યાલ હું વાંચક બંધુનેજ ખુશીથી સોંપુંછું. મુંકુદરાય, નરેન્દ્રરાયને ખુરસીમાં બેઠક આપતાં બોલ્યો કે"

મુકુંદ—નરેન્દ્રરાય ? તમો કલકત્તામાં કેટલા દીવસથી આવેલા છો ?

નરે૦—ફ્કત બેજ દિવસથી.

મુકુંદ—તમે એકલાજ આવ્યા છો કે' સાથે કોઇ અમલદાર છે.

ન૦—અમલદારો તો કોઇ નથી. પરંતું' મારી ફોઇનો છોકરો જે મારાથી નાનો ભાઇ થાય છે, તેજ ફકત મારી સાથે આવ્યો છે.

મુકુંદ—ત્યારે બે દિવસ સુધી તમે કયાં અને કેવી સ્થીતીમાં રહયા?

નરેન્દ્ર—મુંકુંદરાય? ધ્યાન પુર્વક સાંભળો, કારણ મારી વાત ખુન સાથે સંબંધ ધરાવનારી છે, એમ કહી પોતાની બની ગએલી બીના અથથી ઇતી સુધી સંભળાવા લાગ્યો, ત્યાર પહેલાં ખીસામાંથી પેલી ડાબડી કાઢી તેમાં એક ગોળી માઢામાં મુકી, વાતની શરૂઆત કરી, પ્રથમ હું અને મારો ભાઇ કત્રિમ વેશ ધારણ કરી ખુન સંબંધી બાતમી મેળવવા જુદા પડી ગયા, હું જયારે, સ્ટેશનની બહાર આવ્યો, ત્યારે એક વૃદ્ધ ભીખારી મારી નજદીક થઇ ને પસાર થયો, તેને મેં શંકા ભરી દ્દષ્ટિ જોયો કે " તરતજ આ રોગીષ્ટ લંગડાના કત્રિમ વેશમાં તેની

જેવી રીતે થોડુંક આબાદ પકડી પેલો વૃદ્ધ નદી કીનારે આવી, હાથના આંગળા વતી એક સીટી વગાડી, ખીસામાંથી રૂમાલ કાઢી હવામાં હલાવ્યો કે તરતજ એક હોડી તરતી, તરતી, વૃદ્ધની પાસે આવી, વૃદ્ધ તેમાં સાવધાનતાથી બેઠો એટલે હોડી આબેહુબ હોડી હંકારી ગયો, તેના જવા પછી હું પણ ભાડાની હોડીમાં બેસી તે વૃદ્ધની પાછળ ગયો, બંને હોડી સામે કિનારે થોડાક અંતરે ઉભી રહી, પ્રથમ વૃધ્ધે હોડીમાંથી નીચે ઉતરી બાજુની ઝાડીઓમાં દોડવા માડ્યું, કે તરતજ મેં પણ તે વૃધ્ધની પાછળ દોડવાનું શરૂ કર્યું; છેવટે વૃધ્ધ એક સફેત પથ્થર આગળ આવી અટક્યો, અને પથ્થર બાજુએ હટાવી જમીનમાં ઉતરી ગયો, જમીનમાં વૃધ્ધ શા માટે ગયો હશે ? તેવી શંકા આવવાથી હું પણ પેલો પથ્થર હટાવી અંદર ઉતરી ગયો. તો ખબર પડી કે " આ તલેસમ જેવું મકાન છે, એમ વિચાર કરતો હતો, એટલામાં દીવાનો પ્રકાશ જણાયો, થોડી વારમાં તો તલેસમ અનેક ભુતાવળોથી ઉભરાઇ ગયું. અને પાછું, બીજી પળે તો અદ્રષ્ય પણ થઇ ગયું, આવી વીચીત્ર ઘટના જોઇ, હું ઘણો તાજુબ થઇ ગયો, વળી પાછી તલેસમમાં શાંન્તી ફેલાઇ રહી, ભુતાવળ અદ્રષ્ય થઇ ગઇ હતી, પરંતુ " પેલો વૃધ્ધ હજુ સુધી ત્યાં બેસી રહ્યો હતો, પરંતુ " કાંઇક વિચાર આવતાં વૃધ્ધ ઉઠી ઉભો થઇ ગયો, અને જે રસ્તે આવ્યો હતો, તે રસ્તે સહીસલામત પાછો બહાર નીકળી પથ્થર ઢાંકી દીધો, વૃધ્ધને ગયાને લગભગ અરધો કલાક વીતી ગયો હતો, જેથી હું સમજ્યો કે તે પોતાના કાળાં કર્મમાં પ્રવર્ત થઇ ગયો હશે, તેમ ધારી હું પણ બહાર નિશ્ચંતે નીકળ્યો, અને

જેવો પથ્થર ઢાંકવા જાઉછું, કે તરતજ પ્રથમથી બહાર ની-કળેલો વૃધ્ધ મારી ઉપર અચાનક તુટી પડયો, અમારા બંને વચ્ચે ત્યાં ભીષણ મારા મારી થઇ, પરંતુ ' લાગ જોઇ મેં એવી તો જોરથી વૃધ્ધને ફેટ મારી કે " જોત જોતામાં તે વૃધ્ધ બેહોશ થઇ જમીન પર ગબડી પડયો, કે, તરતજ મારે માટે વધુ ઉભા રહેવું જોખમ ભરેલું લાગવાથી હું પણ ત્યાંથી પલાયન કરી ગયો, તેજ રાત્રે મુસાફર ખાનામાં પડી રહી, બીજે દીવસે હુગલી નદીમાં સ્નાન કરવા માટે ગયો, તો ત્યાં બંને બદમાસો આપસમાં તકરાર કરતા મારા જોવામાં આવ્યા, મને તે બદમાસો ઉપર શક જવાથી તેઓના પર મારી ગેબી દ્રષ્ટિ રાખી, બદમાસો ફરતા ફરતા તમારા પોલીસ સ્ટેશન પર આવ્યા, મે લાગ જોઇ બંનેને એકજ ફટકાથી જમીન દોસ કર્યા, તેના ખીસાની ઝડતી લેતાં, આ એક કોરો કાગળ મળી આવ્યો છે. જે આપણને અગાઉ ઘણો કીંમતી થઇ પડશે, એમ કહી કાગળ બતાવી પાછો પોતાના ખીસામાં મુકી દીધો, અને ખી-સામાંથી પેલી ડાબડી કાઢી, તેમાંથી એક ગોળી મોંમાં મુકતાં, બોલ્યોકે " બાકીનું તો આપે નજરેજ નિહાળ્યું છે એટલે કહેવાની કાંઇ જરૂર નથી.

મુકુંદ—શાબાશ, નરેન્દ્રરાય તમારા સાહસભર્યા પરાક્રમોની વાત સાંભ-ળી મને ઘણોજ હર્ષ થઇ ગયો છે, લ્યો ચાલો હવે ઘર તરફ જઇશું?

નરેન્દ્ર—પ્રણીજ ખુશીથી, ચાલો, બંને ડીટેકટીવો ઉભા થયા, પેલા પકડાયલા બે બદમાસો ઉપર સખત પહેરો રાખવાનું પોલીસને કહી ઘર તરફ જવાને નિકળી પડયા.

## પ્રકરણુ (૫) મું.

### કૃત્રિમ મસ્તક યાને ભય સુચક પત્ર

આજે સવારના નાહી ધોઇ, ડીટેકટીવ નરેન્દ્રરાય તથા ડીટેકટીવ મુંકુદરાય ચાહ પી, સીગારેટના ધુમાડા, કાઢતાં, કાઢતાં, પોતાના મકાનમાં ખૂન સંબંધી સવાલો જવાબ કરી રહયા હતા. એવામાં મુંકુંદરાય વાતને અટકાવી બોલ્યા કેઃ"

મુકુંદ—નરેન્દ્રરાય ? તમારો નાનો ભાઇ અમૃત તમારાથી જુદો પડી કયાં ગયો ?

ન૦—(હસતાં) તે પણ આ ખુન સંબંધી કાયમાંજ ગુંથાએલો છે, કોઇ પણ જાતના તાજા સમાચાર લઇ આજ કાલમાં અહીં આવવોજ જોઇએ, કારણકે મેં આપના ઘરતું પુરેપુરૂ ચોકસ ઠેકાણું આપેલું છે, પછી તો ઇશ્વર જાણે, કારણ છોકરો ઘણોજ વિચીત્ર અને સાહસીક છે, મરતાં સુધી લીધેલા કામને છોડતોજ નથી.

મુકુંદ—ગમે તેવો પણ તમારો શીષ્ય હજુ વાકય પુંરૂ થયું નથી. એટલામાં તો દરવાજો ઉઘડયો, ઉઘડતાંજ, એક તરૂણ વયનો મજબુત માણસ હાથમાં એક લાકડાની પેટી લઇ, મુંકુદ તથા નરેન્દ્ર જયાં બેઠા હતા, ત્યાં આગળ આવી સલામ કરી ઉભો રહયો, આ વખતે નરેન્દ્ર આવનાર માણસના ચહેરા ઉપર બ્હીકના ચીન્હ સ્પષ્ટ રીતે જોઇ રહયો હતો, અને નરેન્દ્રરાયનું ધારવું પણ ખરૂંજ હતું. કારણકે આવનાર જુવાન ઉતાવળી ગતીએ પોતાનો શ્વાસો શ્વાસ લેતો હતો, તેને ગભરાયેલી સ્થીતીમાં જોતાં મુંકુદરાય બોલ્યો કે ?

મુકુંદ—કેમ ! રમાકાંન્ત શેઠ ? ગભરાયેલા જણાઓ છો ? આ તમારા હાથમાં શાની પેટી છે ?

વાંચક ? અત્રે આવનાર ગૃહસ્થ કે; જે સ્ત્રીનું ખુન થવા પામ્યું છે. તેનો ધણી રમાકાંન્ત પોતેજ હતો.

રમા૦—સાહેબ ? કોઇ બદમાસ મધરાત્રે અમારે ત્યાં આવી આ લાકડાની પેટી તથા ભય સુચક નામનો પત્ર બંને સાથે મુકી ગયો છે, તેની ભયસુચક ચીઠ્ઠી વાંચી મારી પ્રકર્તી ઘણીજ બગડી ગઇ છે.

ન૦—રમાકાન્ત શેઠ ? કંઇ ગભરાવાની જરૂર નથી. સમજ્યો.

રમા૦—(નરેન્દ્રરાય તરફ જોઇને) ઓહો આપ સાહેબ અત્રે આવી પહોંચ્યાં છે, છેલ્લો શબ્દ કહેવાની સાથે રમાકાન્તના ચહેરામાં અજબ ફેરફાર થઇ ગયો. અને તે, નરેન્દ્રરાય, રમાકાંન્તના દીલમાં થયેલાં ઉલટ પાલટના રમખાણોને સ્હેજમાં સમજી ગયો, અનેમુછોમાં સ્હેજ હસતાં બોલ્યો કે ?

ન૦—હવે તમારે બીજા કોઇથી પણ ગભરાવાની જરૂર નથી. કારણ કે, હું ટુંક મુદતમાં તમારા ખુનિને પકડી આપીશ પરંતુ તમે ગફલત ન ખાતા સાવધ રહેજો, એટલું બોલી વળી પાછી રમાકાંત ઉપર બારીક નજર ફેંકી તો સમજાયું કે, નરેન્દ્રના છેલ્લા સાવધ રહેવાના શબ્દો એ રમાકાંન્તના મગજપર સારી અસર કરી હતી. રમાકાંન્તનો ચહેરો આ વખતે ઘણોજ ભયસુચક પત્રનાજેવોજ થઇ ગયો હતો, આ ટાઇમની નોંધ માટે નરેન્દ્ર પોતાની ડાયરી ઉઘાડી કાંઇક લખી લીધું. બાદ પેટીને ચારે બાજુથી પેક, કરેલી હોવાથી મુકુંદરાય બોલ્યો કે ?

મુંકુંદ—રમાકાન્ત શેઠ" તમે હવે જાઓ, પેટીમાં ના રહસ્યની પુર્ણ તપાસ કરી આવતી કાલે તમને જણાવીશું.

રમા૦—બહુ સારૂં ? સાહેબ" ફક્ત એટલુંજ બોલી નમન કરી, ચારે તરફ વિચીત્ર ઢબે પોતાની આંખો ફેરવી ત્વરાથી બહાર ચાલ્યો ગયો, આ દેખાવ ફક્ત નરેન્દ્રરાયના સિવાય કોઇના પણ જાણવામાં આવ્યો નહી.

રમાકાન્ત શેઠના જવા પછી ડીટેકટીવ મુંકુદરાય, રમાકાન્તની લાવેલી લાકડાની પેટી ખોલવા લાગ્યાં, મુંકુદરાય" ખોટું સાહસ કરવા તૈયાર થયા છે, તે જોઈ નરેન્દ્રરાયે ડીટેકટીવ મુકુદરાયનો હાથ અટકાવી કહયું કે ? જરા સબુર કરો, નહી તો, ખુનીને પકડતાં પહેલા ખુનીનો ભોગ આપણેજ થઇ જઇશું.

મુંકુંદ—ત્યારે શું આ પેટીમાં કોઇ ચમત્કારીક પ્રયોગ ગોઠવવામાં આવ્યો છે.

ન૦—મુંકુદરાય' પ્રથમ પેટીની સાથે આવેલો ભયસુચક પત્ર આપણે વાચી લઇએ, ત્યાર પછી પેટીની ચીકીત્સા કરીએ, એમ કહિ આવેલો ભયસુચક પત્ર નરેન્દ્ર વાંચવા લાગ્યો.

ભયસુચક સંજ્ઞા

શેઠજી સાહેબ, રમાકાન્ત

આ ચીઠી વાંચી તાબડતોબ રૂ. ૧૦૦૦૦] લઇ રાત્રીના બાર વાગે હુગલી નદીના કિનારા ઉપર આવજો, યાદ રાખજો કે, મુંકુદરાય, યા નરેન્દ્રરાયને સાથે લાવશો તો, તમારી, મુંકુદની તથા નરેન્દ્રનિ છંદગી સહી સલામત નથી. બીજુ આ તમને મોત જેવિ ભય સુચક ચેતવણી આપવામાં આવી છે. તેની સાથે

તમારી સ્રીનું મસ્તક પેટીમાં પેક કરી તમોને ભેટ મોકલાવ્યું છે બાકીની વિગત રાતના બાર વાગે થશે. હું ત્રણ દીવસ સુધી તમારી રાહ જોઇશ, ઠે. હુગલી નદીનો કિનારો.

લી. અદ્‌ભુત

આ ભય સુચક પત્ર વાંચી રહયા પછી, નરેન્દ્ર વળી પાછી ખીસામાંથી ડાબડી કાઢી ઉઘાડી, તેમાંથી એક ગોળી મોઢામાં મુકી નરેન્દ્ર બોલ્યો કે ? કે મુંકુદરાય આ ચીઠીનો પુરતો વિચાર કરી મને જવાબ કાલે આપજો, પરંતુ ઘણીજ બારીકાઇથી પત્રનિ બીના તપાસવાનિ છે. એમ કહી ભયસુચક પત્ર મુંકુદરાયના હાથમાં આપ્યો.

પછી નરેન્દ્રે પેટી પોતાનિ પાસે ખેચી લીધી, તેને ચારે બાજુ ઉલટ, પાલટથી તપાસ કરી બોલ્યોઃ " કે.

મુકુદરાય" જે ભયંકર મોઢાવાળા છે. નામો ત્રાસ છુટે તેવાં છે વળી જેને આપણી બાહોશ પોલીસ સાથે બાથ ભીડવાની છે. તે કાંઇ સાધારણ માણસ નહી હોય ? કદાચ ખાતરી ન થતી હોય તો, હમણાજ તેની ખાતરી કરિ આપું છું. તરત પોતાના ખીસામાંથી રસાયણમાંથી બનાવેલિ દવાની શીશી બહાર કાઢી, તેમાંથી એક આંગળી બોળી જયાં શ્વાસોશ્વાસ લેવાની ક્રીયા ચાલે છે, ત્યાં આગળ પોતે લગાવિ તથા, મુંકુદરાય' અને તેમની સ્રી જે અંદરના ભાગમાં બેઠાં, બેઠા, નરેન્દ્રરાયની તારીફ કરી રહયા હતા, તેમને પણ આ શીશીમાંથી દવાનાક ઉપર લગાડવા ભલામણ કરી, દવા લગાડી લીધા પછી નરેન્દ્ર બોલ્યો' કે હવે સાવધ થઇ પેટીમાંનું ચમત્કાર રહસ્યનિહાળો, ભાભી ગભરાશો નહિ. તરતજ પેટીનું ઢાંકણું એક મજબુત છરીનિ મદદથી ઉઘાડી નાખ્યું, તે સાથેજ એક અગ્નિનો ભડકો થયો ? અને જોત જોતામાં ડીટેકટીવ મુંકુદરાયનુ ઘર ઝેરીગ્યાસ ના ધુમાડાથી ભરાઇ ગયું.

## પ્રકરણ ૬ ઠું

### ખુન કે મરણ.

વાંચક" અગમ ચેતી નરેન્દ્રની યુક્તિથી ઝેરી ગ્યાસની અસર ત્રણેમાંથી કોઇને પણ થવા ન પામી.

મુંકુંદ—ખુનિને આવું સાહસ કરવાનું શું કારણ હશે ?

ન૦—મુંકુદરાય" તુમે હજુ પણ ન સમજી શકયા, આવું સાહસ કરવાથી તમારા તથા મારા જેવા જીવલેણ સત્રુઓ દુનિયામાં ઓછા કરવા માટેજ આ ઘટના ઘડવામાં આવી હતી.

પરંતુ" હવે બારીકાઇથી તથા અગમ બુદ્ધિથી નિહાળો કે" આ પેટીમાં રહેલી વસ્તુ શું છે ?

મુકુંદ—ઓહો ! આજ રમાકાંન્ત શેઠની સ્ત્રી શુશીલાનું મસ્તક છે ? પરંતુ" શુશીલાનું ખુન કરી મસ્તક અત્રે મોકલવાથી ખુનિને શો લાભ ?

ન૦—લાભ તો ખરો જ " કારણ કે' ખુનીએ મસ્તક અહીં મોકલાવી ઘણી જ બુદ્ધિનો ઉપયોગ કરેલો છે. આ વખતની તેની બહાદુરી વખાણવા લાયક છે, જો, આપણી જગ્યાએ અત્યારે કોઇ સાધારણ માણસ હોત, તો, જરૂર થાપ ખાઇ જાત, અને ખુનીને જીંદગી સુધી શોધી કાઢવાને પ્રયત્નો કરત, તો નિર્થક જાત, એમ કહી નરેન્દ્ર મસ્તકને બહાર કાઢ્યું, અને રસાયણ દવાની શીશી પોતાના ખીસામાંથી કાઢી, તેમાંથી એકજ ટીપું માથાના તાળવાના ભાગ ઉપર મુક્યું, કે' તરતજ. ઝણુણુણુ, કરીને ઝણુઝણી વાળ જેવી ઝીણી ફાટ

પડી, એટલે નરેન્દ્રે મુંકુંદરાયને બલાવી બોલ્યો કે" મુકુંદરાય આ શું દેખાય છે ?

મું૦—તે વાળ જેવી ઝીણી ફાડ દેખાય છે.

ન૦—તે ઉપરથી તમે શું અનુમાન બાંધો છો ?

મું૦—શુશીલાનુ ખુન થવા પામ્યું નથી.

ન૦—ત્યારે તેણી જીવતી હશે ?

મુ૦—જીવતી હોવીજ જોઇએ.

ન૦—મુંકુંદરાય " તમો બાહોશ અને બુદ્ધિમંત હોવા છતાં, કેમ ભુલો છો ?

મુ૦—ત્યારે શું ? તેણીનું ખુન નથી થયું ?

ન૦—ના, ખુન નથી થયું" પરંતુ" મરણ પામી છે.

મું૦—તમારો જવાબ ઘણોજ વિચિત્ર છે, ખુન તથા મરણમાં શો મતભેદ છે.

ન૦—કોઇને બળાત્કારથી મારી નાંખવામાં આવે, અગર કોઇપણ હથીયારની કામ લેવામાં આવે; તો જ તેને ખુન થયેલું કહી શકાય છે, પરંતુ" ૭ મહીનાથી દવા ખવડાવી શરીર ગળી જવાથી મરણ નીપજે, યા, કોઇ દવા સુંઘાડી જળ પતન કરી દેવામાં આવે, યા કોઇને ઉંચી જગાએથી ધક્કો માર્! ફેંકી દેવામાં આવે, તો તે ખુન નહી, પરંતુ" વિશ્વાસઘાતથી નીપજેલું મરણ કહેવાય છે, અને તેવી જ રીતે શુશીલાનું પણ મરણ નીપજેલું છે, માટે આપણે તે વિશ્વાસઘાતક ખુનીનેજ પકડવો જોઇએ, જેટલી સજા ખુન કરનાર ખુનીને થાય છે, તેટલી જ સજા વિશ્વાસઘાતક ખુનીને થાય છે, અથવા ખુની કરતાં

વિશ્વાસઘાતક ખુનીનો ગુન્હો પહેલા નંબરનો જ ગણાય છે; તેથી કરીને ચાલુ જમાનામાં એવા મરણને પણ ખુન તરીકે માનવામાં આવે છે.

મુ૦—ધન્ય છે, નરેન્દ્રરાય" તમારી બુદ્ધિ અથાગ કાર્ય કરી શકે છે. પરંતુ" શુશીલાની પણ મરણ જેવી દશા થઇ છે, તે આપે શા ઉપરથી જાણ્યું !

ન૦—તપાસ કરો તો ખુલ્લુજ દેખાય છે, કે તેણી દાગીના પહેરી, નદી ઉપર ન્હાવાને ગઇ હતી. અને ખુન થવાનું મુળ કારણ રૂપ દાગીનાજ હતા, જેથી તે નિર્દોષ બાઇનું ખુન થવા પામ્યું, મુંકુંદરાય" નરેન્દ્રના સંતોષકારક જવાબો સાંભળી મનમાં તેની ઘણી પ્રસંશા કરવા લાગ્યો, કે હજુ સુધી માત્રુ ભૂમિ ઉપર આવા કેસો પકડનાર બહાદુર ડીટેકટીવ પડયા છે.

મું૦—ત્યારે ખુનીએ આ શુશીલાનું કૃત્રિમ મસ્તક મોકલ્યું શા માટે,

ન૦—પોલીસને ઉંધે રસ્તે ચઢાવવા માટે, પોતાની સલામતી માટે, પોલીસને પોતાનો શીકાર બનાવવા માટે, સમજ્યા,

મું૦—પરંતુ આપણે તેની પુરેપુરી બાતમી તો મેળવવી જોઇયે કે; તેણી જીવતી છે કે, મરણ પામી છે.

ન૦—હા ? જરૂર તપાસ કરવી જોઇએ, પરંતુ " તે બાઇનો ફોટો તમારી પાસે છે કે ?

મું૦—હા, તે બાઇનો ફોટો તેના ધણી રમણલાલે મને આપેલો છે, એટલું બોલી, ખીસ્સામાંથી ફોટો કાઢી નરેન્દ્રરાયના હાથમાં આપ્યો, આટલામાં મુકુંદરાય બગાસો, અને ટેબલ ઉપર ઝુકી પછાડતા કંઇ બબડ્યો, જે પાસે બેઠેલા મુકુંદરાયના સાંભળવામાં આવ્યું નહિ

ના૦—ઠીક છે, મુંકુંદરાય" આજે રાત્રે આપણે અદ્ભુત અખાડામાં જવાનું છે, માટે તૈયાર થઇ રહેજો.

મું૦—કેટલા વાગે

ના૦—રાતના નવ વાગે

મું૦—નરેન્દરાય? તે અદ્ભુત અખાડો ઘણોજ ભયંકર છે, ત્યાંથી સહીસલામત પાછા ઘર તરફ ફરીશું કે કેમ? તેનો મને વિચાર થાય છે.

ના૦—મુંકુંદરાય" તે અદ્ભુત અખાડો ભયંકર હશે, તો પણ આપણે ગયા વગર છુટકોજ નથી. કારણ કે; આપણે રાત દીવસ મોત સાથે હંમેશાં કુસ્તી કરવાની નસિબમાં વિધાતાએ લખેલી છે.

મું૦—પરંતુ" નરેન્દ્રરાય? અદ્ભુત એક કલકત્તાનો ભયંકર ડાકુ છે.

ના૦—તેથી શું? તમને તે ડાકુનો ડર લાગે છે?

મું૦—શું? ડર અને તે અદ્ભુત ડાકુનો આ મુંકુંદરાય ડીટેકટીવને નહી, નરેન્દરાય. સ્વપ્ને પણ નહિ.

ના૦—તો. પછી આપણે પણ તે ભયંકર ડાકુની બોડમાંજ જવાનું છે, આંખો મીંચી મોતના મુખમાં કુદકો મારી ઝંપલાવવાનું છે, કેમ? તમારાથી સાહસ થઇ શકશે?

મું૦—ઘણીજ ખુશીથી હું આપની સાથે તે ભયંકર ડાકુના અખાડામાં જરૂરથી આવીશ, કદાચ જરૂર હશે, તો મદદ માટે થોડા ઘણા માણસોને પણ સાથે લઇ લઇશ,

ના૦—નહિ? માણસો સાથે રાખવાથી નાહકના આફતમાં ફસાઇ જઇશું. એવા ભયંકર સ્થળમાં તો આપણે બંને જણાને વેશ બદલી એકલાને જવું ડહાપણ ભરેલું છે.

એવામાં મુકુંદરાય પોતાની સ્ત્રી મંગળા પ્રત્યે બોલ્યા કે.

મુ૦—અમારા ગયા પછી તારે પણ અત્રે સાવધપણે રહેવાનું છે, તારા રક્ષણ માટે મેં બે માણસને ભલામણ કરી છે, તેઓ હવે આવતાજ હશે. તેઓના આવતા સુધી નરેન્દ્રરાય તથા મારા માટે થોડું બટાકાનું શાક તથા થોડી પુરી જલ્દીથી બનાવી લે.

ન૦—નહિ, નહિ, મંગળા ભાભી મારા માટે તમારે તસ્દી લેવાની કાંઇ જરૂર નથી. તેમ મને અત્યારે રૂચી પણ નથી. કારણ કે આજનો દીવસ ચીકીત્સામાં જવાથી કોઇપણ જાતની મહેનત પડી નથી. તેથી ભૂખ લાગી નથી. મંગળા હસમુખો ચહેરો રાખીને બોલી.

મંગળા—હશે, નરેન્દ્રભાઇ ? તમે અમારે ત્યાં ફરી ફરીને કયારે આવવાના છો ? અને અમને તસ્દી પડશે તો પણ અમે કદાચ તમારે ત્યાં અમદાવાદ આવીશું, તો મારી દેરાણીને અમારે માટે તસ્દી નહી આપીયે, એટલોબૈરાંના સ્વભાવ મુજબ નરેન્દ્રરાયની મીઠી મશ્કરી કરી મંગળા હસતી હસતી ત્યાંથી રસોડામાં ચાલી ગઇ અને રસોઇ બનાવવાના કાર્યમાં પ્રવર્ત થઇ ગઇ.

મંગળાના શબ્દથી નરેન્દ્ર હસતો, હસતો, સીગારેટના ધુમાડા કાઢતો, ખીસ્સામાંથી ઘડીયાલ કાઢી ટાઇમ જોતાં બોલ્યો કે" મુંકુંદરાય સાત વાગ્યા છે. ફક્ત બે કલાક આપણે જવા માટે બાકી રહ્યા છે, હાં પણ મુંકુંદરાય આજે આપણે આખો દીવસ ઠીક ચીકીત્સામાં કાઢયો.

મું૦—હા, ચિકીત્સા કરવાથી મને કાંઇક નવો અનુભવ થયો ખરો એવામાં મંગળાએ આવી બે રકાબી પુરીની તથા બે, દુધના પ્યાલા અને વાડકીમાં બટાકાનું શાક, તથા પાપડ ટેબલ ઉપર લાવી મુકયું, અને મંગળા ત્યાંથી રસોડા તરફ પાછી ચાલી ગઇ, મંગળાના જવા પછી મુકુંદરાય બોલ્યા કે" નરેન્દ્ર ચાલો જલ્દીથી નાસ્તો કરી લઇએ, કારણ " આપણને હવે વિશેશ ટાઇમ નથી.

ન૦—તો, ચાલો, બંને ડીટેકટીવો એ પેટને જોઇતાં ઇન્સાફ આપી, હાથ મોઢું ધોઇ, સીગારેટના ધુમાડા કાઢતા બોલાવેલા અમલદારોની આતુરતાથી રાહ જોવા લાગ્યા, એવામાં દરવાજો ઉઘડયો, ઉઘડતાંજ બે મજબુત બાંધાના કદાવર પોલીસ અમલદારો હથિયાર બંધ, ડીટેકટીવ મુકુંદરાયના મુકરર બોલાવેલ ટાઇમે આવી બંને ડીટેકટીવોએ સલામ ભરી ઉભા રહ્યા, એટલે નરેન્દરાયે અમલદારોને સાવધ રહેવા છુપી સંજ્ઞા કરી, ઘરની બહારનીકળી પડ્યા, કે તરત જ ડીટેકટીવ મુકુંદરાયના ઘર પર અમલદારો સાવધ થયા.

## પ્રકરણ ૭ મું.

### મોતના મુખમાં બંને ડીટેકટીવો.

રાત્રીના અગિયાર વાગ્યાનો સુમાર થયો હતો. ઘોર અંધકાર-મય રાત્રીએ પોતાનું ભયંકર સ્વરૂપ ધારણ કરી, છુપા પડદામાં કાળા કરતુકો કરનારા નિશાચર પ્રાણીઓને મદદ આપી રહી હતી. હુગલી નદીનો કિનારો પાણીના મંદમંદ અવાજથી કાચી છાતી વાળાને કંપાયમાન કરતો હતો, છતાં આવી ઘોર રાત્રીયે શુન્યકારમય જ-ણાતા હુગલી નદીના કિનારા પર કોઇ રાજવંશી જેવા દેખાતા, બે; પુરૂષો આપસમાં છુપી મસલત ચલાવી રહ્યા હતા; તેઓની છુપી મસલત એટલી બધી મંદગતીએ થતી હતી. કે, પાસે ઉભેલી કોઇ વ્યક્તના સાંભળવામાં પણ આવી શકે નહી. એટલામાં એક હોડી આવી ઉભેલા પુરૂષો આગળ ઉભી રહી. તરતજ બંને પુરૂષો આવેલી હોડીમાં બેસી, અડધા કલાકમાં સામેના કિનારા પર ઉતર્યા. અને હોડીવાળાને હોડી ત્યાંજ રાખવાનું કહી બાજુની ઝાડીયોમાં ચાલતા થયા. થોડીકવારમાં બને પુરૂષો પેલી તલેસમાતી ગુફાના દરવાજા રૂપે પડેલા પથ્થર આગળ આવી અટકયા, એવામાં ઝાડીઓમાંથી કોઇ પોતાને પુછતું હોય; તે પ્રમાણે બોલ્યું કે ? અભાગી પુરૂષો તમો કોણ હો ? ત્યા શા નીમીતે ત્યાં ઉભા છો ? છતાં પુછેલા પ્રશ્નનો જવાબ ન આપતાં, બંને પુરૂષોમાંથી એક પુરૂષ પાછો આગળ આવ્યો, અને પથ્થરને દુર કરવા પોતાનો હાથ લંબાવ્યો કે ! ! તરત પાછો બીજો અવાજ સંભળાયો, કે 'મુર્ખ પુરૂષો શા સારૂં મોતના મુખમાં હાથે કરીને જાઓછો ? છતાં બંને નિડર પુરૂષો એ બોલનારની પ-રવા નકરતાં; પથ્થરને દુર ખસેડી મૂકયો; એટલામાં એક સુંદરી દોડતી

ડતી ત્યાં આવી, અને ક્રોધ પુર્વક બોલી કે !! ઉધ્ધત પુરૂષો ”
મોને વારંવાર સુચના આપ્યા છતાં, પાછા ફરતા નથી, હાથે કરી
ાતના મુખમાં પડવા તૈયાર થઇ ગયા છો ? અપરીચીત સુંદરી ”
! ક્રોધ યુક્ત શબ્દો સાંભળી બીજા નંબરનો પુરૂષ બોલ્યો કે !!
વ કન્યા અમેતો શોખીન છીયે વળી દસ, બાર ગામના જાગીરદાર છીયે,
ટે કૃપા કરી અમને તમારા આ સ્થળના માલીક પાસે લઇ જાઓ, આ-
ની રાત્રી અત્રેજ એશઆરામમાં કાઢવાનો અમારો દ્રઢ નિશ્ચય છે.
ુંદરી--ઠીક ” ઇશ્વર ઇચ્છા બળવાન છે. એટલુ બોલી પોતાની
પાછળ પાછળ આવવા બંને પુરૂષોને સંજ્ઞા કરી, સૌથી આગળ
સુદરી ચાલવા લાગી, સુંદરીની પાછળ, પાછળ, પેલા બંને
પુરૂષો ચાલવા લાગ્યા, આ પ્રમાણે ત્રણે જણ સીડી ઉતરવા
લાગ્યા. સીડી ઉતરી રહયા પછી કેટલીક વાર સુધી ત્રણે જણને
ચાલવું પડયું, કે તરતજ એક મોટો કિલ્લા જેવો જણાતો
દરવાજો આવ્યો. સુંદરી ત્યાં ઉભી રહી, અદર જવા માટે બહાર
ના ભાગમાં ભીંત ઉપર દોરી લટકાવી રાખેલી હતી. તે સુંદરી
એ બળપુર્વક ખેચી જેથી અંદરના ભાગમાં રહેલો ભયંકર અવ-
જવાળો ભયસુચક ઘંટ વાગ્યો, ભયસુચક ઘ ટના અવાજથી આખુ
તલેસમ કંપી ઉઠયું. એવામાંએક વેંત જેટલીનાની ચોકીતસો બારી
ઉઘડી, તેમાં મોટી બે આંખો પાંચ મીનીટ સુધી ચમકી રહી, છેવટે
સવાલ થયો કે ? ? કોણ ? તેના જવાબમાં સુંદરીએ કહયું કે ? ?
મોરીયા મોરીયા શબ્દ કહેતાની સાથે એક ભયંકર અવાજ થયો, તે
સાથે કીલ્લા જેવા જણાતા બે દરવાજા એકદમ કોણ જાણે કયાં
અદ્રષ્ટ થઇ ગયા, તેની સમજ આવેલા બને પુરૂષોમાંથી એકને
પણ પડી નહી. સુંદરી આગળ અને બે પુરૂષો પાછળ એવી

રીતે દરવાજામાં પેઠા કે ? ? તરતજ પેલા અદ્રષ્ય થયેલા દર-વાજા પાછા હતા, તેમ જોડાઇ ગયા, તે વખતે પહેલા નંબરના પુરૂષના મુખમાંથી છુપો ઉદગાર નીકળી ગયો કે !! મુંકુંદરાય સાવધ રહેજો, નહીતો કર્યું, કારવ્યું, બધું ધુળમાં મળશે, આપણો ભજવેલો વેશ કદાચ તે કળી જશે, તો સદાને માટે આપણે આ ભયંકર સ્થાનમાં સમાધી લેવી પડશે.

બી. પુરૂષ—નરેન્દ્રરાય હું સાવધ છું. તમો મારા તરફની ચિંતા બીલકુલ રાખશો નહિ, વાંચક—આ બંને પુરૂષોને તો, તું ઓળખી ગયો હશે ! કે તેઓ આપણી વાર્તાના મુખ્ય નાયક ડિટેકટીવો છે, જ્યારે મોટો દરવાજો ભયંકર અવાજ સાથે બંધ થઈ ગયો, કે તરતજ મજબુત બાંધાના કદાવર અને મોટી આંખો વાળા ચાર માણુસો હાથમાં સળગતી મશાલો લઇ હાજર થયા, આવેલા ભયંકર માણુસોએ પોતાનું આખું શરીર પગથી તે માથા સુધી, કાળા, બુરખાથી ઢાંકેલું હતું. ફકત તેઓની ખૂની જેવી ભયંકર મોટી આંખો સિવાય, શરીરનો કોઇપણ ભાગ જણાતો ન હતો, સુંદરીએ ભુત જેવા જણાતા માણુસોને ઇસારત કરી, કે, તરતજ બે માણુસ મશાલ લઇને આગળ, તથા બે માણુસ મશાલ લઇને પાછળ ઉભા રહયા બંને બાજુ ના મશાલચી-ઓની વચમાં, સુંદરી, નરેન્દ્ર ત્યાં મુંકુંદ રાયે શાન્ત પણે ઉભા હતા, સુંદરીએ બીજી વાર ઇસારત કરી, એટલે સર્વે જણ ચાલવા લાગ્યા, લગભગ થોડે સુધી ચાલ્યા, બાદ એક સાંકડી નહેર આવી, આ નહેરમાં બેથી ત્રીજો પુરૂષ સાથે ચાલી શકે તેમ નહતું, તેથીજ સુંદરીને નરેન્દ્ર તથા મુંકુંદની આગળ ચાલવાની ફરજ પડી. સાંકડી નહેર છોડી. બધા એક ખુલ્લા ચૌગાનમાં

આવ્યા, કે ? તરતજ સળગેલી મશાલો આપો આપ ઓલવાઇ ગઇ, એટલે મુંકુંદરાય બોલ્યા કે ?

મુંકુંદ—નરેન્દ્રરાય ?? આ મશાલો એકા એક શાથી ઓલવાઇ ગઇ હશે ? શું ? પવનના સપાટા ને લીધે ઓલવાઇ ગઇ કે; તેઓની સ્વઇચ્છાથી ઓલવાઇ ગઇ,

નરેન્દ્ર—મુંકુંદ રાય " આશ્ચર્ય થવા જેવું કાંઇ નથી કારણ કે; આતો ગુપ્ત રહસ્યથી ભરપુર તેલ સ્માતી ગુફા છે, જે સળગતી મશાલો એકા એક બુઝાઇ ગઇ. તે બુઝાવાનું કારણજ; તેઓનિ સ્વઇચ્છાથી બનેલું છે. કારણ કે આ ભયંકર જગામાં કીડી, યા પવનનો સ્હેજ પણ સંચીર થઇ શકે તેમ નથી. તો પછી મશાલો બુઝાઇ જવાનું બીજું શું કારણ હોય ?

મુંકુંદ—તેઓને આવું વિચીત્ર વર્તન કરવાથી શો લાભ હશે !

નરેન્દ્ર—લાભ તો ખરોજ, જો દીવાના પ્રકાશે દરેક મુસાફરો ને લઇ જાય, તો આ તલેસ્માતી ગુફાનું ગુપ્ત રહસ્ય તથા છુપા રસ્તાઓના ભેદ ભરમ ખૂલી જાય, તે કારણથિજ આપણને અંધારામાં ચલાવી લઇ જવાની તે લોકોને ફરજ પડી છે, વહાલા વાંચક !! તને મગજમાં કલ્પના થતી હશે ? કે, જયારે આ બંને ડિટેકટિવો ખાનગીમાં વાર્તા લાપ કરે છે, તે શું આજુ બાજુ ચાલતાં માણસોના સાંભળવામાં નહિ આવતી હોય ? પરંતુ ડિટેકટવોની છુપી સંજ્ઞા સમજવીએ ઘણીજ મુશેકલ છે ? અને ડિટેકટિવ લાઇનના માણસોને તેનો પુરતો અનુભવ હોય છે, તેજ મુજબ અત્યારે પણ પોતાનો અરસપરસ હાથ દબાવી બંને ડિટેકટિવો છુપી સંજ્ઞાથિ વાત કરતા હતા, જેથિ કરિને પાસે ચાલનારને તેઓને માટે મુદલ શંકા

શીલ થવાનિ યા તેમના ઉપર વહેમ લાવવાનિ ખાસ જરૂર નથી. એટલામાં રસ્તો ખુટયો, ઉપરના ભાગમાં જવા માટે એક લોખંડની સીડી જણાઇ, એટલે એક પછી એક જણે ઉપર ચડવા માંડયું, સીડી ચઢી રહયા બાદ કેટલોક રસ્તો કાપી, સર્વ જણુ એક ઉંડા ખાડા આગળ આવીને અટકયા જે, ભયંકર ખાડાના નામે ઓળખાતો હતો, તે ખાડામાં શું રહસ્ય છે તેની કલ્પના ડિટેકટિવોથી થઈ શકી નહી. સુંદરિએ ખાડા આગળ આવી એક બટન દબાવ્યું, કે તરતજ ખાડો પુરાઇ ગયો. તો, નિચે ઉતરવા માટે એક સીડિ જણાઇ, નરેન્દ્ર સીડીની બારીકાઇથી તપાસ કરી મુંકુદરાયના કાનમાં કંઇક કહ્યું. એટલે મુંકુદરાય બોલ્યા કે ?"

મુંકુદ—શું? આ સીડીનું લાકડું આટલા બધા વરસોનું સડી ગયેલું છે ?

ન૦—હા ? તેથીજ સાવધાન પણે ઉતરવાની જરૂર છે, જો જરાએ ગફલત ખાધી, તો સમજ જો કે આપણા સોએ વર્ષો પુરા થશે, થોડીવારમાં સંભાળ પુર્વક સીડી ઉતરી બધા નીચે આવ્યા, સુંદરીએ ડાબા હાથનો રસ્તો લીધો, લગભગ અડધા કલાક સુધી ? સુંદરીએ આપણા બાહોશ ડીટેકટીવોને સીડીની આઠ ઉતર કરાવી, એક દિવાલ આગળ આવી અટકી, આ બધો બનાવ અંધારામાંજ બનતો હતો. આ વખતે સુંદરીએ પોતાના ખીસ્સામાંથી એક શીસલ કાઢી વગાડી, જેનો પડઘો આખા તલેસમમાં પડયો, સીટીના અવાજની સાથે બીજો એક ભયંકર સમ, સમ,સમ, કરતો અવાજ થયો, તે સાથેજ બંને દિવાલો એકબીજામાં ભળી ગઇ.

# પ્રકરણ ૮ મું.

## વિચિત્ર દ્રષ્ય યાને ભયંકર મુર્તી.

વાંચક-આપણે ગયા પ્રકરણમાં બંને ડીટેક્ટીવોને મોતના મુંખમાં ઝંપલાવતા જોયા છે તેઓ એક તલેસમ દીવાલ આગળ સુંદરી સહીત આવી અટકી ગયા. પરંતુ બીજીજ પળે અંધકારમય તલેસમ દુર થઇ ગયું. બને ડીટેક્ટીવો હમણા કોઇ આલીશાન વિલાસ ભુવનમાં ઉભા છે, તેવો ભાસ થયો, આ ભુવનમાં હાંડી, ઝુમર, તકતાઓ, ટેબલ, ખુરશી, કોચ, પલંગ, આદી અનેક શુશોભીત વસ્તુઓથી સજેલું હતું. આ વખતે ડીટેકટીવ નરેન્દ્ર પાછું ફરીને જોયું તો. સુંદરી સિવાય કોઇપણ માણસ પોતાની પાસે ઉભેલું ન હતું. એટલામાં સુંદરીએ ત્યાં બેસવાની ડીટેકટીવોને સંજ્ઞા કરી, વીશેશ વારન બોલતાં સુંદરી ત્યાથી અદ્રષ્ય થઇ ગઇ, સુદરી'ના જવા પછી બને ડીટેકટીવો સુદરી' ઓચીંતી કયાં અદ્રષ્ય થઇ ગઇ. તેના વિચારમાં પડયા. નરેન્દ્ર આ વખતે હંમેશ મુજબ પોતાના ખીસામાંથી દાબડી કાઢી તેમાથી એક ગોળી પોતાના મુખમાં મુકતા બોલ્યો.

ન૦—મુંકુંદરાય" આ તલેસ્માતી ગુફાની કારીગરી ઘણીજ ભયંકરછે.

મું૦—તમારૂં કહેવું ખરૂં છે, આ ભયંકર ગુફાના ગુચવણ ભરેલાં તથા ચમત્કારી રસ્તાઓ જોઇ, ભલા ભલાના ગાત્રશીથત થઇ જાય છે. આવા ભયંકર સ્થાનમાંથી સહી સલામત બહાર નીકળવું. એ કાંઇ ન્હાના છોકરાંના ખેલ ન સમજવા.

કારણકે" જેવી આ તલેસ્માતી ગુફા છે, તેવોજ ભયંકર તથા તલેસ્માતીક, તેનો માલીક હશે ? એ કાંઇ સારણુ નહી હોય.

ન૦—મુકુંદરાય' ઇશ્વરપર ભરૂસો રાખી, હીંમતથી ફકત આપણું કાર્ય સાધવાનું છે. આ સ્થાનમાં આવી, આ સ્થાન વિષે યા આ ભયંકર સ્થાનના માલીક વિષે આપણે ચર્ચા ચલાવાની જરૂર નથી. નહીતો, ધરમ કરતાં ધાડ આવવા જેવી આપણી દશા થશે.

મું૦—પરંતુ" નરેન્દ્રરાય, પેલી સુંદરી મને ઘણીજ ભેદી જણાય છે. આપને તેણીના વીષે કાંઇ શક જાય છે ખરો ?

ન૦—તે સુંદરીની હીલચાલ મ્હારી નજર બહાર બીલકુલ નથી. હવે તે વિશયને પડતો મુકી, જે કાર્યની બાતમી મેળવવાની છે. તે વિષે સાવધ રહી બાહોશીથી મેળવવા ભાગ્ય શાળી નિવડો, એટલું કહી નરેન્દ્ર ચોકયો તરતજ બીજી પળે પોતાની તીવ્રનજર ચારે તરફ ફેંકી, ડીટેકટીવ મુકુંદરાયનો હસ્ત દબાવતો બોલ્યો કે ? સાવધાન, એટલામાં એક ભયંકર તોપજેવો અવાજ થયો તે સાથે વિલાસ ભૂવનની સામે આવેલી મોટી દિવાલો મંદગતીએ ફાટતી જણાઇ ડીટેકટીવો તે ફાટતી દીવાલો તરફ જોઇ રહયા. દિવાલ અડધી ફાટી અટકી ગઇદિવાલમાં પડેલી ફાડમાં આ વખતે એક ભયંકર વ્યકિત દાંત કચકચાવતી, ડીટેકટીવો સામે મુઠીઓ વાળી બતાવતી હતી, થોડીવારમાં તે ભયંકર વ્યકિત અદ્રષ્ય થઇ ગઇ. થોડીવાર પછી બીજી એક ભયંકર વ્યકિત હાથમાં લખેલા એક પાટીઆ સાથે આવી ઉભી રહી. તેણે પણ પ્રથમ વ્યકિતની માફકજ ડીટેકટીવો સામે જોઇ દાંતીયાં કર્યા, પછી લખેલું પાટીયું ડીટેકટીવોને ચેતવણી આપવા સારૂ તેમની સામે ધર્યું, ડીટેકટીવ નરેન્દ્ર, આ બધી વિચીત્ર ઘટના જોઇ ખડખડાટ હસી પડયો. એટલે મુકુંદરાય બોલ્યો કે ?

મું૦—નરેન્દ્રરાય', પેલા પાટીયા પર શું લખેલું છે ?

ન૦—મુંકુંદરાય' કંઈ નહી. એતો બે ઘડીની ગમ્મત થાય છે.

મું૦—આવી ભયંકર ઘટના તમને ગમ્મત જેવી લાગે છે ? તમે પણ વિચીત્ર માણસ છો ?

ન૦—મુંકુંદરાય' તમે આવિ ગંમત કદી જોઇ નહી હોય. માટે જોઇ લ્યો અનુભવ કરી લ્યો, તો, આ દુનિયાના ભયંકર ડાકુને હંફાવવામાં વિજયશાળી થશો.

મું૦—તમે અત્યારે શું બડબડ કરો છો, તેની મને મુદ્દલ સમજ પડતી નથી. પરંતુ' પેલા પાટીયાપર શું લખેલું છે, તે પ્રથમ કહો, કારણ કે આપ સર્વ ભાષાના જાણકાર છો અગર સર્વ ગુણસંપન કહીયે તો ચાલી શકે છે.

ન૦—ઓહો? મુકુંદરાય" વળી પાછો ડીટેક્ટીવ નરેન્દ્ર ખડખડાટ હસી પડ્યો.

મું૦—તમને હસવાનું જોર, અત્યારે બારીક સમયે ત્યા ભયંકર સ્થાન વિષે ક્યાંથી આવે છે. તમે જેમ, જેમ હસો છો, તેમ તેમ મને ઘણી મુંઝવણ પડતી જાય છે.

ન૦—હા, હા, ડીટેક્ટીવ સાહેબ મુંઝાવાની જરૂર નથી. તેમ પાટીયા ઉપર એટલું બધું કોઇ ગુપ્ત રહસ્યથી લખેલું નથી.

મું૦—તો પણ, તમને કહેવામાં શું હરકત છે ?

ન૦—કોઇ નહિ; સાંભળો તે પાટીયાપર જર્મીન ભાષામાં લખેલું છે કે. મેથો ભયંકર ખાડો યાદ રાખજો.

મું૦—વાહરે. નરેન્દ્રરાય" આટલી ન જીવી વાતમાં આટલા બધા બીહયા ? એવામાં તો પેલી પાટીયાવાળી ભયંકર મુર્તી અદૃષ્ય થઇ ગઇ અને તેની જગાએ આવી ગયેલી મુર્તીઆ કરતાં વિશેશ ભયંકર મુર્તી આવી ઉભી રહી, આ વખતે ડીટેકટીવો હસવાનું કાર્ય છોડી, ગંભીર ચહેરો રાખી, બારીકાઇથી ઉભેલી મુર્તીને જોવા લાગ્યા, નરેન્દ્ર' વળી પાછો ડીટેકટીવ મુંકુદ રાયનો હાથ દબાવ્યો, અને બોલ્યો કે.

ન૦—મુંકુંદરાય" સાવધ થાઓ કારણકે સામે ઉભેલી ભયંકર મુર્તી પોતાના તરફ આવતી હતી.

# પ્રકરણ ૯ મું.

## અદ્દભુત ખુની.

વાંચક, આપણે ગયા પ્રકરણમાં વાંચી ગયા કે; ડીટેકટીવ નરેન્દ્ર પોતાની તરફ આવતી ભયંકર વ્યક્તિનું ઘણીજ બારીકાઇથી અવલોકન કરી રહ્યો હતો. ભયંકર વ્યક્તિની વિચીત્ર ચાલ, તથા વિચીત્ર હાવભાવો તે કળી ગયો હતો. એટલેજ તે વખતે, ડીટેકટીવ મુકુંદરાયનો હાથ દબાવતાં બોલ્યો કે, સાવધ થઇ જાઓ, હવે જો ગફલતમાં રહીશું તો, આપણા હૃદયને, તે ભયંકર વ્યક્તિ કળી જશે. એટલામાં ભયંકર વ્યક્તિ મંદહાસ્ય કરતી, ધીમે પગલે, ડીટેકટીવ નરેન્દ્ર, તથા મુકુંદની પાસે આવી ઉભી રહી.

તેનું શરીર ઘણું મજબુત, તથા બીહામણું જણાતું હતું. તેનો દેખાવ કાચી છાતીવાળાને ભય ઉપજાવે તેવો હતો. તેનો ભયકર અવાજ માણસોના હૃદયને કંપાયમાન કરી, રૂવાંટા ઉભા કરાવે તેવો હતો. તેણે અત્યારે શ્યામ વસ્ત્રો પરિધાન કરેલાં હતાં, આવો વિચીત્ર પ્રકૃતીવાળો ભયંકર અદભુત માણસ, ડીટેકટીવોને સંબોધી કહેવા લાગ્યો કે, મહારાયો ? આજે આ ગરિબ સેવકની ઝુપડીની મુલાકાત લેવાનું પ્રયોજન.

ન૦—પ્રયોજન ? માત્ર મોજશોખ માટેજ, તમારી એકાંત સ્થળની મુલાકાત લેવી પડી છે હાં...પરંતુ, આ વિશાળ સ્થાનના માલીક આપજ હશો ?

અદભુત, ચારે બાજુ પોતાની ખુની જેવી જણાતી આંખો ફેરવતો બોલ્યો કે.

અદ્ભુત—જી...હા...આ વિચીત્ર સ્થાનનો માલીક હું પોતે જ છું.

ન૦—અને, આપનું નામ ?

અ૦—અદ્ભુત ધોસ

ન૦—અદ્ભુત ધોસના વાકય પર જરા ચોંકયો, પરંતુ, તે વિચારને તરતજ પાછો દબાવી દીધો.

અ૦—કહો, મહાશયો ? તમારે અત્રે કેવી મોજ માણવી છે ?

મું૦—અદ્ભુત ધોસ, અમારે એકાદ સુંદરીની સાથે, મોજ માણવાનો વિચાર છે.

અ૦—( ઠાવકું મોઢું રાખીને ) એમ કે ? સુંદરીની સાથે મોજ મજા માણવી છે ?

અદ્ભુત ધોસના વિચીત્ર પ્રશ્નનો ભેદ ડીટેકટીવ " નરેન્દ્ર " તરતજ કળી ગયો, અને મન સાથે વિચાર કરવા લાગ્યો કે, જરૂર આ બદમાસ અમોને ઓળખી ગયો હશે, નહિ તો આવો વિચીત્ર પ્રશ્ન કરેજ નહી.

મું૦—જી, હા, અમો એવીજ અભિલાષાએ, તમારા વિલાસ ભુવનમાં આવ્યા છીયે.

અ૦—ઠીક છે, તમારી અભીલાષા અત્રે બરાબર પૂર્ણભુત થશે, વારૂ ! કહો કે, તમોને કેવી સુંદરીની દરકાર છે ?

મું૦—કોઇ નાજુક બાંધાની, સર્વ અંગને શોભાવનારી, નીરખતાં અમોને મોહ ઉપજાવે તેવા, સુંદરીની દરકાર છે.

અ૦—જરૂર, તમને તમારી ઇચ્છા અનુસાર, તેવી સુંદરી મળશે, કોઇ સ્થળે નહિ મળેલો સંતોષ પણ આ સ્થાનમાંજ મળશે. મુકુંદની નીર્દોષતા થોડીવારમાં ભયંકર સ્વરૂપ ધારણ કરશે,

તથા અદ્દભુતની ભયંકરતાં હમણાંજ કાળો કહેર વર્તાવી મુકશે, એમ ધારી, આગળ ચાલતી વાતને અટકાવવા નરેન્દ્ર, મુંકુંદરાયનો હાથ દબાવ્યો, મુંકુંદરાય નરેન્દ્રની છુપી સંજ્ઞા સમજી ગયો, એટલે આગળ ચાલતી વાતને બંધ કરી.

અદભુત ઘોસે ચારે તરફ પોતાની વિચીત્ર ભયસુચક નજર નાખી, પોતાનો જમણો પગ જમીનપર જોરથી પછાડયો, તે સાથે એક ભયંકર અવાજ થયો. વળી પાછી પેલી દીવાલ ફાટી, તેમાંથી ચાર ભયકર બુરખાવાળી વ્યક્તિઓ અદભુત ઘોસ પાસે આવી ઉભી રહી. એટલે અદભુત ઘોસે ભયંકર ગર્જના કરી, આવેલી ભયંકર વ્યક્તિઓને હુકમ કર્યો, કે.

અ૦—જાઓ, મેવા, મીઠાઇ, મહુડાની બે તાજી બાટલી, તથા સીગારેટ, વિગેરે જોઇતા સાહિત્યો વડે આવેલા મહેમાનનું. યોગ્યતા પુર્વક સન્માન કરો. ધ્યાન રાખજો મહેમાની કરવામાં જો જરાક પણ ગાફેલ રહેશો, તો તેની સજા માટે પેલા ભયંકર ખાડાની તમારે મુલાકાત લેવી પડશે. ભયંકર ખાડાનું નામ સાંભળી આવેલી ભયંકર વ્યક્તિઓ પોતાના માલીકને માથું નમાવી ચાલતી થઇ. તેના જવા પછી અદભુત ઘોસ ગર્જના કરતો ભયંકર અવાજ સાથે અદશ્ય થયો.

અદભુતના એકાએક ગુમ થઇ જવાથી બંને ડીટેક્ટીવો ચકીત થઇ ગયા, કે, આ તલેસમ, ઘણું જ ભેદ ભરમોથી, ભરપુર હોવુંજ જોઇયે, મુકુંદરાય તો આ ઘટનાનો વિચાર કરવા ઘણા જ ઉંડાણમાં ઉતરી ગયા.

ન૦—મુંકુંદરાય કંઇ ઉંડાણમાં ઉતરી જવા જેટલો આ વિષય નથી. કારણ કે, ગામ હોય ત્યાં ઢેડવાડો તો જરૂર હોય,

માટે બુદ્ધિને કાબુમાં રાખી. તર્ક શક્તિને મજબુત કેળવી, સવાલો જવાબ કરજો, નહિ તો આપણે પણ અદ્ભુત ઘોસના ભયંકર ખાડાની મુલાકાત લેવી પડશે.

મુકુ૦—નરેન્દ્રરાય? તમારી સંજ્ઞાઓ બહુજ વિચીત્ર અને ભય ઉપજાવનારી છે, અદ્ભુત ઘોસ સાથે વાત કરતાં, અથવા તેની વર્તણુંક જોતાં, મને ભયંકર કંપારી છુટે છે, પરંતુ તેમાંથી કોઇપણ જાતની અસર તમારા ચહેરાપર બીલકુલ જોવામાં આવતી નથી.

નર૦—મુકુંદરાય? અસર જોવામાં આવે, અથવા ડીટેક્ટીવોના હૃદયની ગુપ્ત પ્રેરણીનું રહસ્ય સામો માણસ કળી શકે, તો ડીટેક્ટીનુ કાર્ય કરતાં પહેલાં મોતને વરવું પડે. માટે સાવધ રહેવું, એટલામાંતો, ભયંકર અવાજ સાથે અદ્ભુત ઘોસ" એક ખુબસુરત ઇન્દ્રની અપ્સરા જેવી દેખાતી મોહક સુંદરીની સાથે જ્યાં આપણા ડીટેક્ટીવો બેઠા હતા, ત્યાં આવીને ઉભો રહ્યો. અને ગંભીર અવાજે બોલ્યો કે.

અદ્૦—મહાશયો? આ મોહક સુંદરી તમારી સર્વ અભિલાષાઓ પુર્ણ કરશે.

નરેન્દ્ર આવેલી સુંદરીને મરનાર સ્ત્રીના ફોટા સાથે સરખાવી, ચીકીત્સા કરી બોલ્યો કે.

નરેન્દ્ર—અદ્ભુત ઘોસ? આ સુંદરી અમારી અભીલાષા પુર્ણ કરે તે અમારા માનવામાં આવતું નથી. પરંતુ" આથી પણ જો વિશેષ સ્વરૂપવાન હોય કોઇ ખાનદાન કુટુંબની હોય, અને જેની લાજ મર્યાદા હજુ સુધી મુકવામાં નઆવી હોય; તેવી

સ્ત્રી અમારી અભિલાષા પુર્ણ કરવા લાવી આપો, તો, તેવી સ્ત્રી અમારી અભિલાશા પુર્ણ કરી શકે, તેની જે કીંમત કહેશો, તે અમે આનાકાની વગર આપી આપને સંતુષ્ટ કરી શું, પૈસા માટે મુજવણને આપના રહદયમાં સ્થાન ન આપશો.

અદ્દભુત—ઠીક છે મહાશયો, હમણાંજ હું તેવી સ્ત્રી આપની પાસે હાજર કરૂં છું., એમ કહી સુંદરીને સાથે લઇ અદ્રષ્ય થઇ ગયો, અને થોડીજ વારમાં લગભગ ઓગણીસ વર્ષની ઉમરે પહોંચેલી સ્વરૂપવાન સુંદરી ને લઇને પાછો તેજ જગા પર આવી ઉભો રહયો, આવેલી સુંદરી ના નેત્રોમાં પતિવૃતાની શર્મનો આભસ હોવાથી ત્યા ચોધાર અશ્રુઓ આંખોમાંથી ટપકાવતી નીચું જોઇને ઉભી રહી હતી. નરેન્દ્રે સુંદરી તરફ પોતાની તીવ્ર દ્દષ્ટિ ફેંકી સમજી ગયો. કે ' અદ્દભુત ધોસનું જરૂર આ સુદરી ઉપર કોઇપણ જાતનું ત્રાસ દાયક દબાણ હોવું જોઇયે, એટલામાં અદ્દભુત ભયંકર ગર્જના કરી, સુંદરી ને સંબોધી કહેવા લાગ્યો કે !

અદ્દભુત—શુંશીલા "એટલું કહી ડીટેકટીવો ના ચહેરા તરફ તીવ્ર દ્રષ્ટિથી જોવા લાગ્યો. શુશીલા " શબ્દ સાંભળતાં બંને ડીટેકટીવો ચોકયાં કે ?? શુશીલા તો રમાકાન્ત શેઠની સ્ત્રીનું નામ છે ? અને તેણીનું ખુન થયેલ છે, છતાં આ બાઇને શુશીલા શબ્દથી સંબોધે તેનું કારણ શું હશે ? વળી પાછો અદ્દભુત બોલ્યો કે " આ મહાશયો ના દીલની તમામ અભિલાષા પુરી કરજે, તન મનથી સેવા કરજે, જો તેમાં જરાક પણ ગાફેલ રહી ત્યા મહાશયોને નિરાશ કર્યા, તો યાદ રાખજે કે !! તારે પણ પેલા ભયંકર ખાડાની મુલાકાત લેવી પડશે, બીજીજ પળે

ડીટેકટીવ તરફ મોઢું ફેરવી બોલ્યો કે " લ્યો સાહેબો. હવે હું રજા લઇશ. આ સ્ત્રી સાથે તમોને, દીલ ચ્હાય તેવી મોજમજા માણો, એટલું કહી અદભુત ઘોસ જોત જોતામાં ત્યાંથી અદ્રષ્ય થઇ ગયો, અદભુત ઘોસના જવા પછી પેલી ચાર વ્યકિતઓ મીઠાઇ મેવા તથા મહુડાની બાટલી લઇ આવી, ટેબલ પર સર્વ વસ્તુ મુકી ત્યાંથી જોત જોતામાં અદ્રષ્ય થઇ ગઇ.

# પ્રકરણ ૧૦ મું.

## ખુનની ચાલાકી-ડીટેકટીવો કેદ

વાંચક હવે વિલાસ ભુવનમાં ફક્ત બંને ડીટેકટીવો તથા આવેલી સુંદરી સિવાય કોઇ પણ ન હતું. સર્વત્ર શાંન્તી પ્રસરાઇ ગઇ હતી. છેવટે શાંન્તી નો ભંગ કરતાં ડીટેકટીવ નરેન્દ્ર બોલ્યો કે?

નરેન્દ્ર—સુંદરી " ગભરાશો નહી, આવો અહી બેસો, નરેન્દ્રનો અવાજ સુંદરીએ સાંભળ્યો ન હોય, તેમ જડવત બની પાષાંણુ ના પુતળાની માફક ત્યાંજ ઉભી રહી.

મુંકુદ—નરેન્દ્રરાય ? તમારી પાસેનો શુશીલાનો ફોટો આ બાઇ સાથે સરખાવી જુઓ, કારણ કે' મેં મરનાર સ્ત્રીને નજરે જોઇ હતી. તેથી અનુમાન બંધાય છે કે, આજ શુશીલા પોતેજ હશે.

નરેન્દ્ર—ઠીક છે " હું તેને માટે તર્ક શકિત બાધું છુ, એમ કહી ખીસા-માંથી, મરનાર સ્ત્રી શુશીલાનો ફોટો બહાર કાઢી ઉભેલી સ્ત્રી સાથે સરખાવ્યો, પરંતુ " તેમાં નરેન્દ્ર ને કાઇ પણ સમજ ન પડવાથી, અને ઉભેલી સ્ત્રીમાં તથા મરનાર સ્ત્રીમાં શું મત ભેદ છે, તે જોવા માટે ખીસામાંથી પેલી ડાબડી કાઢી તેમાંથી એક ગોળી મોઢામાં મૂકી દઇ આંખો મીચી, તર્ક શકિત બાંધવા ઉંડાણમાં ઉતરી ગયો, નરેન્દ્રનું અવું વર્તન જોઇ મુંકુંદ મનમાં હષ્યો, કે, નરેન્દ્રની શોધન ક્રીયા ઘણીજ વીચીત્ર છે? બીજીજપળે સામે નજર કરી તો, ઉભેલી સુંદરીને ચોધાર આંસુએ રૂદન કરતી હતી, તેને અશ્રુપાત કરતી જોઇ, મુંકુંદ-રાય બોલ્યો કે "

**મુકુંદ**—સુંદરી " રૂદન શા માટે કરે છે ? તારે અમારી પાસે બીલકુલ ગભરાવાની જરૂર નથી. તારે તારા દુઃખની કોઇપણ વાત કહેવી હોય, તો આવ, આ ખુરસીમાં બેસ, અને તારે જે કહેવું હોય, તે ખુશીથી કહે, મુકુંદરાયનું હૃદય શુધ્ધ તથા નિખાલસ જોવાથી સુંદરી મંદગતીએ ચાલતી ચાલતી મુકુંદરાય પાસે અવી ઉભી રહી. અને મંદ અવાજે બોલીકે !

**સુંદરી**—મહાશય ? હું શીયળવતી સ્ત્રી છું, મારા ઉપર બળાત્કાર કરશો નહી, ઇશ્વર આપનું ભલું કરશે.

**મુકુંદ**—જ્યારે ' તુ આવી પતીવ્રતા સ્ત્રી છે, ત્યારે આવા સ્થાનમાં કેવી રીતે આવી શકી ?

**સુંદરી**—પાપી અદભુત ઘોસ મારૂ નદી ઉપરથી હરણ કરી પોતાની ગુફામા લાવી કેદ કરેલી છે, એટલુંજ નહી. પણ પાપી અદભુત મારા ઉપર અત્રે ઘણોજ ત્રાસ વર્તાવે છે.

**મુકુંદ**—ત્યારે " તુ અહી આવી તે તેના ડબાણ ને લીધેજ આવીને ?

**સુંદરી**—હા, તેવા અત્યંત ત્રાસ દાયક ડબાણને લીધેજ મારે અહી આવવાની ફરજ પડી.

**મું૦**—ત્યારે " અદભુત ઘોસ સાથે તારે કાંઇ સબંધ નહી હોય ?

**સુંદરી**—મારો તે પિશાચ સાથે સબંધ કેવી રીતે હોઇ શકે ? કારણ કે' હું એક ઉંચકુળ ખાનદાનની કન્યા તથા અદભુત ઘોસ કલકત્તાનો એક ભયંકરમાં ભયંકર ખુની. તેવા બદમાસ સાથે મારો કેવી રીતે સંબધ હોઇ શકે ?

**મું૦**—ત્યારે, જેના નામથી અને ભયંકર કાળા કામથી ભલભલા પોલીસ અમલદારો ભય ભીત થઇ ધ્રુજે છે તેજ આ ભયંકર અદભુત ખુનિ છે. !

સુંદરી--જી, હા, તેજ આ ભયંકર અદભુત ખુની છે. માટે મહાશય ? મને આ પાપાત્માના ઝીલીમ પંજામાંથી બચાવી. મારા શાયળનું રક્ષણ કરો, હું આપનો જીવીત પર્યંત ઉપકાર નહી વિસરૂં, આપને શરણુ આવ્યા છતાં, જો મને મદદ આપી અદભુત ખુનિના પંજામાંથી નહી બચાવો, તો હુ આત્મ હત્યા કરી, સ્ત્રી હત્યાનું પાપ તમને આપીશ, નરેન્દ્રનુ ધ્યાન આ વખતે બનેની વાત ચીત્ત ઉપર મુદ્દલ નહતું, તેણે તો ઉભેલી ઓને ઓળખવા સમાધી લગાવી હતી.

મું૦—તું પરણેલી છે કે કુવારી ?

સું૦--પરણેલી,

મું૦—તારી ગ્નાતી કોણ !

સું૦--વણીક

મું૦—તારો પતિ હાલમાં કયા રહે છે. ?

સું૦—કલકત્તામાં,

મુ૦--મુંકુંદ, ચમકયો, તારા પતીનું નામ શું

સું૦--રમાંકાન્ત,

મુ૦--ઘણીજ આશ્ચર્યતાથી પુછવા લાગ્યો, કે" જે સ્ત્રિનું ખુન થયું છે, તે તું પોતેજ

સું૦--જી, હા. હું તે અભાગણી નામે શુશીલા પોતેજ

મુ૦--હવે તારે ગભરાવાની જરૂર નથી. થોડી વારે વિચાર કરીને હાં પણ શુશીલા બહુજ સાવધાનપણે કાર્ય કરીશું, તોજ અહીંથી સહી સલામત છુટી શકીશું નહીતો " આપણે માટે નિર્માણ કરેલો પેલો ભયંકર ખાડો તૈયાર છે.

શું૦—આપણે અડધા કલાક પછી અહીંથી પલાયન કરીશું, એટલું બોલી સુંદરી એક ખુરશીમાં નિશ્ચીંત મને બેસી ગઇ.

વાંચક—નરેન્દ્ર આ વખતે મુંકુંદરાય તથા સુંદરીની છુપી ઢીલચાલો અર્ધ ખોલેલી આંખોથી જોઇ રહ્યો હતો, જે વખતે મુંકુંદના મુખમાંથી શુશીલાના મનોમંદઉચ્ચાર નીકળ્યો, ત્યારથી જ તેણે આંખો પોતાની ખોલેલી હતી. છેવટે સંપુર્ણ આંખ ખોલી મુંકુંદરાયને ગંભીરથી કહેવા લાગ્યો કે.

ન૦—મુંકુંદરાય ? આ સુંદરીને તમે બેસાડી છે ?

મું૦—હા મે, જ તેને આશ્વાસન આપી સમજાવી બેસાડી છે.

ન૦—તેને બેસાડવાથી આપણને શો લાભ ?

મું૦—કેમ નહી ? જેને માટે આપણે મોતના મુખમાં પ્રવેશ કરી અદભુત ખુનિની સાથે બાથ બીડી છે, તે મરનાર બાઇનું ખુન નથી થયું. પરંતુ. અદ્ભુત ખુનીના પંજામાં સપડાયેલી તથા આપણી સામે બેઠેલી છે, તેજ સુંદરી શુશીલા પોતે જ, નરેન્દ્ર મુંકુંદરાયની મુર્ખતા ઉપર ગુસ્સે થઇ ગયો, અને બોલ્યો કે.

ન૦—તમે મારી બધી બાજી ઉંધીવાળી નાખી.

મું૦—તેનું કારણ ?

ન૦—કારણ શું. તમે જે સ્ત્રીને આશ્વાસન આપી બેસાડી છે, તે સ્ત્રી તલેસમાતી જેવા ભેદ ભરમોથી ભરપુર છે, હળાહળ વિષ તેના શરીરમાં વ્યાપેલું છે. મુંકુંદરાય, તેણીએ તમારા હૃદયનો બધો ભેદ ખેંચી લીધો, મુંકુંદરાય" તેણીએ પોતાનો ભાવ ભજવવાની શરૂઆત કરી દીધી છે, અને અલ્પ સમયમાં તો

તમારી ભુલને લીધે શું નવા જુની થશે, તે કહી શકાતું નથી. ખરેખર, મુંકુંદરાય, તેણીએ તમને સજજડ થાપ આપી છે.

મુ૦—ત્યારે, નરેન્દ્રરાય ? હવે શું કરવુ ?

ન૦—જે થાય તે આંખોથી જોયા કરવુ, કરેલી ભૂલનુ પરીણામ કેવું ભયંકર આવે છે, તેને ધૈર્યથી સહન કરવું. વાંચક—સુંદરી દરવાજા પાસે બેઠેલી હોવાથી બંને ડોંટકટીવોની છુપી મંત્રણા કોઈપણ અડચણ વગર ચાલી શકતી હતી. •

મુંકુદરાય" પોતાની ભુલ માટે ઘણો પસ્તાવો કરવા લાગ્યા, એટલામાં એક ભયંકર અવાજ થયો. તેની સાથે એક તરૂણ સુંદરી" વિલાસ ભુવનના દરવાજા આગળ થઇને પસાર થઇ ગઇ. જતાં જતાં ફક્ત બે શબ્દ બોલતી ગઇ, કે" બાહોશ નરેન્દ્ર' સાવધ મુંકુંદરાયની ભુલનું પરીણામ પેલો ભયંકર ખાડો છે,કાળ વાયુના વેગથી તમારી તરફ ધસી આવે છે. હીમત હારશો નહી. એટલી ચેતવણી આપી, દરવાજા આગળથી અદ્રષ્ય થઇ ગઇ, નરેન્દ્રે તે તરૂણ સુંદરીને પણ જોઇ, તથા તેણીની પોતા પૃત્યેની લાગણી પણ જોઇ. નરેન્દ્ર બાહોશ અને હીમતવાન હતો, તેને કોઇ પણ જાતનો ડર ન હતો તેને ફક્ત અફસોસ મુંકુંદરાયની ભુલનોજ થતો હતો. એક બાજુ નરેન્દ્રને સુંદરીએ મને ચેતવણી આપી. તેથી તેણી જરૂર મને ઓળખી ગઇ હશે, બીજી બાજુ પોતાની સામે બેઠેલી સ્ત્રીની હીલચાલ જોવી અને ત્રીજી બાજુ મુંકુંદરાય ફરીને આવી ભૂલ ન કરે, તે માટે સાવધ રહેવાની જરૂર. આ બધુએ રમખાણ નરેન્દ્રના મગજમાં રમી રહયું હતું.

મુ૦—નરેન્દ્રરાય આપણે નહાસી છુટી શું ?

મુ૦—તે શીવાય બીજો કોઇ આપણો રસ્તો છુટકારા માટે નથી આવો દ્રઢ નિશ્ચય કરે છે, એટલામાં એક ભયંકર અવાજ થયો, અવાજની સાથે ખુરસી ટેબલો, એ સિવાય વિલાસ ભુવનનું તમામ ફરનીચર જોતજોતામાં જમીનમાં ઉતરી ગયું બીજીજ પળે વિલાસ ભુવનમાનો પ્રકાશ દુર થયો, સર્વ સ્થળે અંધકાર પ્રસરાઇ ગયો. હવે વિલાસ ભુવન તે કાળ ભુવન જેવું જણાવા લાગ્યું બંને ડીટેકટીવો આ વિચીત્ર દ્રષ્ય માં પુરતો વિચાર કરે છે, એટલામાં બીજો ભયંકર અવાજ થયો તે સાથે ભુગર્ભમાંથી બે પીંજરા મજબુત લોખંડના બહાર આવ્યા, જેની અંદર આપણા બંને ડીટેકટીવો કેદ સપડાયા, એટલે નરેન્દ્રે મુકુંદરાયને કહ્યું કે.

નરેન્દ્ર–મુંકુંદરાય તમારી નજીવી ભુલને લીધે આ અંધારામાં કેવ ખરાબ કેદી જેવી સ્થીતી થઇ ગઇ, એક પળમાં કેવી વિચીત્ર ઘટના બદલાઇ ગઇ, ખરેખર પેલી તરૂણ સુંદરી મને સાવધ રહેવાનું કહી ગઇ હતી. તે મારા માટે અત્યંત લાગણી વાળ તો ખરીજ. પરંતુ મુકુંદરાય હવે તમને ખાતરી થઇ કે પેલી પીશાચણીએ તમને એક સજ્જડ થાપ આપી.

મું૦—હા. નરેન્દ્રરાય" તમારી તર્ક શક્તિ ખરી. તેણીએ મને સજ્જડ થાપ આપી.

# પ્રકરણ ૧૧ મું.

## ભયંકર ખાડાનું રહસ્ય.

આપણે ગયા પ્રકરણમાં વાંચી ગયા. તે મુજબ ડીટેક્ટીવ મુકુંદ તથા નરેન્દ્રરાય મુકુંદરાયની એકજ ગંભીર ભુલના પરિણામે ખુની અદભુત ઘોષના તલેસમમાં બેહાલ હાલતે કેદી બન્યા હતા. જે સ્થાને પીંજરામાં જકડાઇ મુકુંદ તથા નરેન્દ્ર છુટવા માટે વિચાર રૂપી વમળમાં ગોથા મારી પછવાડે છે.

રહ્યા હતા. એવામાં અદભુત દોષે પોતાના ચાર ભયંકર અંગરક્ષકો સહીત વિલાસ ભુવનમાંથી થઇ ગયેલા કાળ ભુવનમાં પ્રવેશ કર્યો. કેદી નરેન્દ્ર તથા મુંકુદરાય તરફ તિરસ્કાર ભરી દ્રષ્ટી ફેંકી ખડખડાટ હસી પડયો તેના ભયંકર હસવાના અવાજથી બંને ડીટેકટીવો વિચારમાંથી જાગ્રત થયા તો દાત કચ કચાવતો, ગુસ્સાના આવેશથી, લાલચોળ આંખોને આમ તેમ ફેરવતો, અદભુત ખૂનીને પોતાની સામે ઉભેલો જોયો.

અદભુતઃ—કેમ મહાશયો, હું ધારૂં. છું કે; તમોને તમારી ઇચ્છા મુજબ મોઝમઝા મળી હશે? કદાચ તેમાં જો ન્યુનતા રહી ગઇ હશે તો. અલ્પ સમયમાં તે પણ પુરી થશે. અદભુત ખૂનીના વિચિત્ર સવાલનો જવાબ આપવા જેટલુ સામર્થ્ય ડીટેકટીવ મુકુન્દની મગજ શક્તિમાં રહ્યું નહતુ. તેના હૃદયમાં તો ફકત, અદભુત ઘોષે વારંવાર કહેલા ભયંકર ખાડાનાજ વિચારો તરતા હતા, અને તે ભયંકર ખાડાનું સ્મરણ થતાં મુકુન્દરાય ભયથી કંપી ઉઠતો. મુકુન્દની મગજ શક્તિ નબળી પડી ગયેલી હોવાથી તથા તેના ચહેરા ઉપર ભયનાં ચીન્હો સ્પષ્ટ જણાતાં હોવાથી બાહોશ નરેન્દ્ર મુકુન્દરાયના હૃદયમાં

થતાં વિચિત્ર રમખાણોનો ભાવાર્થ કળી ગયો હતો. પરંતુ ડીટેકટીવ નરેન્દ્ર હજુ સુધી હિંમત હારી ગયો નહતો. તેણે પોતાની તીવ્ર દ્રષ્ટિથી અદ્દભુત ઘોષના હૃદયને ઓળખી લીધું હતું. અને તેથીજ પોતાના ચહેરા ઉપર થતા ફેરફાર અટકાવી બોલ્યો કેઃ—

નટ—અદ્દભુત ઘોષ હું નહોતો ધારતો કે, તમે આવા કાવા દાવાથી ભરપુર તથા મહાન ડાકુઓની પંકિતમાં ગણાતા એક ભયંકર ડાકુ હશો પરંતુ હવે મને સંપૂર્ણ ખાત્રી થઇ છે કે " આ તમારૂં તલેસંમ નિર્દોષ પ્રાણીઓના જીવન નષ્ટ કરવા, તથા સતિ સ્ત્રીઓની ઇજ્જતની બરબાદી કરવા, માટેજ, આવા એકાંત ભયંકર સ્થળમાં આવેલું છે."

નરેન્દ્રે પોતાની ગુપ્ત મંત્રણા છુપાવવાનાં ઉદ્દેશથીજ આવા શબ્દો ઉચ્ચાર્યા હતા.

અદ્દભુત ઘોષઃ—કમભાગી પુરૂષ ! તમારી કોઇપણ યુકિત, અથવા બાહોશ મગજની ચલાકી, આ અદ્દભુત ઘોષ પાસે ચાલી શકે તેમ નથી. " તમારા પોલીસ ખાતાની હજારો યુકિતઓ આ અગમ ચેતી અદ્દભુત ઘોષના ભેદને પાર પામી શકે તેમ નથી. જેવી રીતે તમે મારો કયાસ બાંધી, વેશ બદલો કરી બહુરૂપીના સાંગમાં અત્રે આવી મારા ગુપ્ત રહસ્યથી વાકેફ થવા ઇચ્છા ધરાવો છો ? તેવીજ રીતે હું પણ તમારો કયાસ સંપૂર્ણ બાંધી શકુ છુ.

આ વખતે અદ્દભુત ઘોષની પ્રકૃતિમાં અજબ ફેરફાર થઇ ગયો હતો, તેનો ચહેરો ગુસ્સા ના આવેશથી લાલચોળ બની ગયો હતો, તેની ભયંકર આંખોમાંથી અગ્નિ વરસતો હોય તેવો આભાસ સ્પષ્ટ જણાતો હતો. અદ્દભુત ઘોષ આ વખતે શું કરશે ? ડીટેકટીવ નરેન્દ્રનો

કયાસ બાંધી કેવો જુલ્મ ગુજારશે તે કહી શકાય તેમ નથી. આંખ-ના ભવાં ચઢાવી. હાથની મુઠીઓ વાળી નરેન્દ્ર સામે દાંતીઆ કરતો ભયંકર અવાજે બોલ્યો કે " સરકારના બહાદુર અને વફાદાર ડીટે-કટીવ નરેન્દ્રરાય તમે અમદાવાદ છોડી કલકત્તા જાસુસી કરવા આવ્યા હો. " અત્રે આવી મારા બે માણસોને ઘાયલ કરી જેલમાં પુર્યા છે, તથા એક વૃદ્ધ માણસને મ્હારાજ સ્થાન આગળ ઘાયલ કરી પ-લાયન કરી ગયા હતા. એ દરેક બાતમી મારી ધ્યાન બહાર બીલ-કુલ નથી. અને તેથીજ ડીટેકટીવ સાહેબ આજે તે સર્વનુ વેર વ્યાજ સહીત તમો બન્ને ડીટેકટીવો પાસેથી વસુલ કરીશ

ન૦—કેવી રીતે વસુલ કરી શકીશ ?

અદ્દભુત—કેવી રીતે લેઇ શકીશ " પેલો ભયંકર ખાડો યાદ છે ? "

ભયંકર ખાડાની વાત યાદ આવતાં નરેન્દ્ર ચોંક્યો. ભયંકર ખાડાનું રહસ્ય શુ હશે તે સંબધી વિચાર વળી પાછો પોતાના મગજમાં તરતો થયો. નરેન્દ્રને આંખે અંધાળાં આવી ગયા. તરતજ પોતાની આખો બંધ કરી નીચે બેસી ગયો. અદભુતને આવો ઓચિંતો લાગ મળવાથી તથા બન્ને ટીટેકટીવો બેભાન સ્થીતિમાં હોવાને લીધે તેઓને કેદ કરેલું પીંજરૂં અદ્રસ્ય કર્યું. અને બન્ને ડોટેકટીવોને અવળા હાથે મુસ્કેટાટ બાંધી લેવા પોતાના માણસોને ફરમાવ્યું. જોતજોતામાં અદભુત ઘોષના ચારે માણસોએ બન્ને ડીટેકટીવોને દોરડાવતી મજબુત બાંધ્યા. ડીટેકટીવોને બધાયેલા જોઈ તે બદમાસ ડાકુ ખડખડાટ કરતો હસી પડયો, બીજીજ પળે પોતાના માણસોને હુકમ કર્યો કે આપણી બાતમી મેળવનાર બન્ને કમભાગી ડીટેકટીવોને પેલા ભયંકર ખાડા પાસે લઇ જાવ. એમ કહી અદભુત ઘોષ ત્યાંથી

અદ્રશ્ય થઇ ગયો. ત્યાં ઉભેલા ચાર કદાવર માણસોએ પોતાના માલીકના હુકમને માન આપી માથું નમાવ્યું અને બન્ને ડીટેક્ટીવોને ખભા ઉપર મુકી ચાલવા માંડયુ. કેટલાક વિચિત્ર-મય રસ્તા ઓળંગી અદભુત ઘોષે બતાવેલા ભયંકર ખાડા પાસે આવીને અટક્યા. બન્ને ડીટેક્ટીવોને ખભા ઉપરથી નીચે ઉતારી ખાડાની નજદીક મુકયા, તેઓ નાસી જવાની કોશીશ ના કરે તે માટે ચારે બદમાસો પોતાના હસ્તમાં જલ્લાદી છરા-ઓ પકડી ડીટેક્ટીવોની આજુબાજુ સાવધ પણે ઉભા રહયા થોડીવારમાં અદભુત ઘોસ પણ ભયકર ખડા આગળ આવી હાજર થયો અદભુત ઘોસના આવી ગયા બાદ એક પછી એક ભયકર ચહેરાવાળા કદાવર માણસો આવવા લાગ્યા. જોતજોતામા તો ખાળાવાળું ભયંકર સ્થાન હજારો કાળા બુરખાવાળા નર પીશાચોથી ઉભરાઇ ગયુ અસંખ્ય માણસો-ના ભયંકર અવાજોથી તથા ભયકર હસવાના અવાજોથી. બધન થયેલા બને ડીટેક્ટીવો જાગી ગયા, અને જોયું તો, પોતાને દોરડા વતી મજબુત બાંધી લેવામાં આવ્યા હતા, તથા અ-સંખ્ય બદમાસોથી ઘેરાઇ ભયકર ખાડાની નજદીક પડયા હતા.

# પ્રકરણ (૧૨) મું.

## નરેંદ્રનું સાહસ અને ગેબી મદદગાર.

મું૦—આ સમયે મુંકુંદે નરેન્દ્રને છુપી સંજ્ઞા કરી કે; ખૂની આ-પણુને ઉપાડી ક્યાં લાવ્યો છે?

ન૦—તમોએ કરેલી ભયંકર ભુલનું ફળ ચખાડવા ભયંકર ખાડાને આપણું બળીદાન આપવા લાવ્યો છે, પરંતુ; હીંમત હારશો નહી. જે થાય તે આંખથી જોયા કરજો.

મું૦—પરંતુ: આ કાળના પંજામાંથી મુક્તિ મેળવવા આપણે કોઇ-પણ યુક્તિ પ્રયુક્તિ ચલાવવી જોઇયે, નહી તો આ અદભૂત ખૂનિ જરૂર આ ભયંકર ખાડાને આપણુ બળીદાન આપશે.

ન૦—આ વખતે યુક્તીનું કામ નથી. કારણ કે ' ખૂનીના દીલનો ઇરાદો હું સમજી ગયો છું. એટલું બોલી નરેન્દ્ર પોતાનું મોઢું મુંકુંદરાયના કાન આગળ રાખી કોઇ સાંભળી શકે નહી, તેમ છુપો ગણગણાટ કર્યો. મુકુંદરાય " નરેન્દ્રના ગણગણાટનો ભાવાર્થ તરત સમજી ગયો.

મું૦—પરંતુ; તે કોરા કાગળમાં એટલું બધું શું રહસ્ય હશે?

ન૦—તે પણ વખત આવે સમજાશે. એટલું બોલી નરેન્દ્ર ખડખડાટ હસી પડયો, અને બોલ્યો કે; મુકુંદરાય " બીલકુલ ગભરાશો નહી, આ બદમાસ આપણા એક વાળને પણ ઇજા કરી શકે તેમ નથી. કારણ કે; આ ભયકર સ્થાનમાં મારો એકાદ મિત્ર જરૂર છે.

મું૦—તે વળી કયો મિત્ર છે, કે; આ ભયંકર ખૂની સામે બાથ ભીડી આપણુને બચાવી પોતે મરવા તૈયાર થાય.

ન૦—આપણને આ સ્થાનમાં પ્રવેશ કરાવનાર પેલી તરૂણ સુંદરીને ઓળખો છો ?

મું૦—હા, તે સુંદરીએ તો આપણને સાવધ થવાને ચેતવણી આપી હતી.

ન૦—હા, તે જ ભેદી સુંદરી" કદાચ આપણને અહીંથી છુટા થવામાં મદદ કરી શકે, કારણ કે, આ તલેસ્માતી ગુફાના રસ્તાની તેણી સંપુર્ણ માહીતગાર હોવી જોઇએ.

મું૦—" પરંતુ; નરેન્દરાય;—તેણી આ ઉભેલી ભયંકર ભુતાવળો સાથે કેવી રીતે બાથ ભીડી શકશે ?

ન૦—મુંકુંદરાયઃ—જે સુંદરી: અત્રે ઉભેલા હજારો ડાકુઓના સહવાસમાં નિરંતર રહેતી હશે, તે કાંઇ સાધારણ હશે ? નરેન્દ્ર તથા મુકુંદનો છુપો ગણગણાટ સાંભળી અદભુત ઘોસ ખડખડાટ હસી પડયો. અને બોલ્યો કેઃ—

અ૦—મહાશયોઃ—તમારો બચાવ કરવા માંગતા હો, તો પેલો કાગળ લાવો.

ન૦—કાગળ શાનો ? અમે કોઇપણ કાગળ વીષે બીલકુલ જાણતા નથી. નરેન્દ્રે ન જાણવાનો ડોળ બતાવતા કહ્યું.

અ૦—નથી જાણતાં તો આ ભયંકર ખાડામાં તમારૂં બળીદાન અપાશે તે ખુબ યદ રાખજો.

નરેન્દ્રે આ વખતે સ્થીર ચહેરો રાખી, એકાદ યુક્તી લઢાવવાનો દાવ અજમાવતાં બોલ્યો કેઃ—

ન૦—હાં...કદાચ તમોને કાગળની દરકાર હશે, તો તે કાગળ તમોને જરૂર મળશે, " પરંતુઃ—અમોને અહીંથી સહીસલામત બહાર નીકળવા દે, નીકળ્યા પછી તારા કોઇ વિશ્વાસુ માણસને અમારી

સાથે મોકલી આપજે, એટલે કાગળ તારા માણસ સાથે રવાના કરીશ

અ૦—અરે વાહરે વાહ કીસ્સાબાજ જવાન ખરેખરી યુક્તિ લડાવી પરંતુ" તને ખબર છે કે: હું કોણ છું?

ન૦—હું તારા નામથી અગર કામથી ક્યાં અજાણ્યો છુ જો અજાણ્યો હોત તો તારા આ ભયંકર સ્થળમાં હું પ્રવેશ ન કરી શકત.

અ૦—"ડીટેક્ટીવ સાહેબ જુઓ, આ ભયકર ખાડામાં કેટલુ બધું સુંદર રહસ્ય છે?

નરેંદ્ર બારીક નજરે ખાડામાં જોયું, જોતાંજ નરેન્દ્રના રૂવાડા ઉભા થઇ ગયા. કારણકે, ખાડો પૃથ્વી ઉપરના અનેક ઝેરી જનાવરોથી ભરપુર હતો. થોડીવાર માટે તેણે પોતાના બાહોશ મગજને વિચાર કરવાની તસ્દી આપી. બીજી પળે પાછી હીમત રાખી છાતીને વજ્ર સમ મજબુત બનાવી. એટલે અદભુત બોલ્યો કે.—ડીટેક્ટીવ સાહેબ ખાડામાંનું રહસ્ય જોયું?

ન૦—હા, જોયું? નરેન્દ્રે નીડરતાથી જવાબ આપ્યો.

અ૦—તો હવે સહીસલામત ઘર તરફ જવાની ઇચ્છા હોય તો પેલો કાગળ આપી મારી પુંઠ પકડવાના સોગન લઇ ચાલ્યો જા. નહિ તો નિરૂપાયે આ ભયંકર ખાડાને તારૂં બળીદાન આપવું પડશે.

ન૦—સેતાન! તારે માટે અમદાવાદથી કલકત્તા આવી મને જે મહેનત પડી છે તે મહેનત નિષ્ફળ જવા દઉં? તું મને ઓળખે છે કે હું એક બાહોશ ડીટેક્ટીવ છું?

અ૦—ડીટેકટીવ સાહેબ તે હું સંપુર્ણ જાણું છું. દુનિયા પણ જાણશે કે, "અદભુત ખૂનીની ચાલાકી અને ડીટેકટીવ નરેન્દ્રનું સાહસીક બળ કેવુ હતું!"

ન૦—અને તે સાહસીક બળથી તારા પંજામાંથી છુટી શકું તેમ છું. પરતુ આ ખાડામાં શું રહસ્ય છે તે જાણવા માટેજ મૌન્ય ધારણ કરી સહન કરૂં છું. નહિ તો. તારા જેવા હજારો ખૂનીને ટુંક મુદતમાં પકડી આ બહાદુર નરેન્દ્રે ફાસીને માંચડે ચઢાવી દીધા છે. તો તારા જેવા સાધારણ ખૂનીનું મારી સામે શું ગજું?

અ૦—નરેન્દ્રરાય, તે ઘણા ખૂની જોયા હશે. પરંતુ, આ અદભુત ખૂની જેવો ભયકર માણસ નહી જોયો હોય. નિર્માલ્ય ખુનીઓને પકડવામાં તેં તારી બહાદુરી તથા બાહોશી ચલાવી હશે, પરતુ આ અદભુત ખુનીને પકડવા તારી બહાદુરી, કે બાહોશી નહિ ચાલે, તેમાંનું સત્વ જરાપણ તારામાં હોય તો આ બધાએલા બધન ઉપર અજમાવી મુક્તિ મેળવ.

ન૦—અદભુતની વાત સાંભળી ખડખડાટ હસી પડયો. આ વખત તેનો હસવાનો અવાજ, એવો તો ભયંકર હતો, કે ત્યાં ઉભેલા હજારો બદમાસો થથરી ગયા, અને ભયંકર ગર્જના કરી બોલ્યો શું! તું મને બંધનમાં બંધાએલો સમજી આવા શબ્દોનો ઉચ્ચાર કરે છે! પરંતું તારી આંખ ફાડીને જો, કે આ નરેન્દ્રને તારા દોરડાં બીલકુલ અસર કરી શકે તેમ નથી. આ ડીટેકટીવ સાહેબ [illegible] છે. એટલું કહી શરીર ઉપર વિંટાએલાં મજબુત દોરડાં પોતાના [illegible] શરી-

રના અગાધ બળથી તોડી નાખ્યા. તરત જ બીજી પગે બાજુમાં ઉભેલા બદમાસના માથામાં. જોરથી હાસો મારી, બેભાન કરી દીધો. બેભાન થનાર માણસની પાસેથી રીવોલ્વર તથા છરો ખુંચાવી લઇ રીવોલ્વર અદભુત ઘોષ તરફ તાકી બોલ્યો, કે સભાળ ખુની આ રીવોલ્વરની ગોળી મારા પહેલાં તનેજ આ દુનિયામાં હતો ન હતો કરી મુકે છે. તરત જ નરેન્દ્ર રીવોલ્વરનો ઘોડો દબાવ્યો, સણસણાટ કરતી ગોળી છુટી અને સામે ઉભેલા અદભુત ઘોષના ખભા ઉપર આબાદ લાગી. અદભુત ઘોષનો એક હાથ સદાને માટે નિસ્તેજ થઇ ગયો. નરેન્દ્રનું અદભુત સાહસ જોઈ તથા પોતાનો નિસ્તેજ હાથ થયેલો જોઈ, ખુનીએ ગર્જના કરી પોતાનું અદભુત પરાક્રમ બતાવવા નરેન્દ્ર ઉપર ધસ્યો.

ન૦—ખબરદાર પાપી ત્યાંજ ઉભો રહેજે. જો આગળ વધ્યો તો એક હાથને બદલે બે હાથ નિસ્તેજ થશે. ડીટેકટીવ નરેન્દ્રના હાથમાં રીવોલ્વર જોઇ ખુની ત્યાંજ અટકી ગયો, અને હવે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. એટલામાં એક ભયંકર ગર્જના સભળાઇ, કે "બહાદુર નરેન્દ્ર સાવધ થા. ભયંકર ખુનીથી તારા શરીરનું રક્ષણ કર. તારી બહાદુરી જોઈ ઇશ્વર તને ગેબી મદદ આપશે ત્યાર પહેલાં તારી રસાયણ દવાનો ઉપયોગ તારા તથા મુકુંદરાયના નાક ઉપર અજમાવજે" નરેન્દ્ર ચોકયો, કે આ ગેબી અવાજ કોનો હશે ! રસાયણ દવા મારી પાસે છે, તેની બાતમી, કોણે આપી હશે ? પરંતુ આ વખત વિચાર કરવાનો ના હોવાથી, ગેબી અવાજની સુચના મુજબ, રસાયણ દવા ખીસ્સામાંથી કાઢી, પોતાના તથા મુકુન્દરાયના

નાક પર લગાડી કે જ્યાં શ્વાસોશ્વાસની ગતી ચાલુ હતી. મુકન્દરાય આ વખતે ભયંકર ખાડાની દેસત લાગવાથી જરા બે ચેન થઇ પડયા હતા. એવામાં હજારો ડાકુ પોતાના અંગ ઉપર ધસી આવે છે, તે જોઇ નરેન્દ્રે મુકન્દરાયના બંધન છરીની મદદતથી કાપી નાખ્યાં. અને દવાની મદદતથી સુદ્ધીમાં લાવી નરેન્દ્રે કહ્યું. કે ?

ન૦—મુકુન્દરાય•સાવધ થાવ હ્યો આ રીવોલ્વર. આપણા બચાવ માટે કદી હજાર ખૂન થાય તો વાંધા જેવું નથી. માટે આ વખતે, મારસનલો કરવાની જરૂર છે. જુઓ, સામેથી હજારો ડાકુઓ દોડતા આપણા ઉપર ધસી આવે છે. માટે સાવધાન.

મુ૦—નરેન્દ્રરાય હવે હું પુર્ણ રીતે સાવધ છું એમ કહી પોતાના અંગ ઉપર ધસી આવતા ડાકુઓ ઉપર મુકુન્દરાયે મારસનલો એટલે ગોળીબાર શરૂ કર્યો. ડીટેકટીવોનું અદભુત સાહસ જોઇ અદભુત ખૂની મુકુન્દરાયના અંગ ઉપર ધસ્યો, અને પોતાના મજબુત હાથનો પ્રહાર મુકુન્દરાયના રીવોલ્વરવાલા હાથ ઉપર કર્યો, જેથી રીવોલ્વર નીચે પડી ગઇ. એ અરસામાં, એક વિચીત્ર બનાવ બનવા પામ્યો, તે એજ કે, ચારફુટ લાંબો વાંદરો મનુંષ્ય ગતિએ, ભયંકર ખાડા આગળ આવી ઉભો રહયો. અને ભયંકર ગર્જના કરી બોલ્યો, કે “ નરેન્દ્ર તથા મુકુન્દ સાવધાન, હવે પળ નથી. બનતી ત્વરાથી આ ઝાલીમ અખાડાને છોડી પલાયન થવાની કોશીશ કરો,” અને અદભુતઘોષ, “તને પણ ચેતવણી આપુંછું કે સંભાળ” એટલું બોલી વાંદરાએ

પ્રથમથી છુપાવી રાખેલો, એક ચમત્કારીક રસાયણ ગોળો બ-હાર કાઢયો. ડીટેકટીવ નરેદ્રન્તે છુપી સંજ્ઞા કરી બહાર નિકળ-વાનો રસ્તો બતાવ્યો.

તે પછી હાથમાં રાખેલા રસાયણ ગોળાને જમીન ઉપર પછાડી, વાંદરો કુદતો, કુદતો ત્યાંથી અદ્રસ્ય થઇ ગયો, ગોળો પછાડતાંની સાથે એક ભયંકર અવાજ થયો. અને આખુ તલેસ્માતી ભોંયરૂં ઝેરી ગ્યાસના ધુમાડાના ગોટેગોટાથી ભરાઇ ગયું. જ્યાં જુઓ ત્યાં ધુમાડા શીવાય જમીન ઉપર પડેલી નજીવી વસ્તુ પણ જોઇ શકાતિ નહતિ.

# પ્રકરણ ૧૩ મું

## તરૂણ સુંદરી કોણ ?

રાત્રીના દોઢેક વાગ્યાનો સમય હતો શીયાળવાનું રડવાનો અવાજ, તથા નદીના પ્રતિઘોષ સિવાય, સર્વત્ર શાન્તિનું સામ્રાજ્ય છવાયું હતું. એવામા બાજુની ઝાડીઓમાં કંઇક ખડખડાટ થયો. વાંચક જરા ધીરે થા. ઝાડીમા થયેલો ખડખડાટનો તાદ્રશ્ય ચિતાર, હમણાં જનારી નજર આગળ પેશ કરૂં છું. આવી ભયંકર રાત્રીને સમયે, એક તરૂણ સુંદરી, બે વ્યક્તિઓને લઇને, ઉતાવળી ગતિએ નદી તરફ આવતી હતી. એવામાં, બીજા નંબરની વ્યકિતએ પોતાની સાથે ચાલતી તરૂણ સુંદરીને પ્રશ્ન કર્યો કે:—

બીજીવ્યકિત—સુદરતાની દેવી ? આપેજ અમને જીવતદાન દીધુંછું. નહિ તો, ભયંકર ખૂની અમારી શી દશા કરત, તે કહી શકાતુ નથી.

સું૦—મહાશય, મેં મારી ફરજ ઉપરાંત કાંઇ પણ કર્યું નથી. વળી તમારી અકાલ્પ જીંદગી બચાવનાર તો બીજીજ વ્યકિત હશે. હુ તો ફકત તમને નદીપર જવાનો માર્ગજ બતાવી શકુછું.

૧ વ્યક્તિ૦—હા, હા, તમારી તે વાત પણ ખરી છે કે, અમારી જીંદગી કોઇ ગેબી મદદગારના આવવાથી બચી ગઇ છે.

૨ વ્યક્તિ૦—હા,અને તે ગેબી મદદગાર સાફ, રીંછ વાંદર જાતને ઘણો જ મળતો આવતો હતો. પરંતુ, તે કોણ હશે, તે, સમજી શકાતુ નથી.

સું૦—મહાશયો, તે કોણ હતું, તેની ઓળખ આપને પર્યંત આવે

મલશે. આ વાત કરનાર ત્રણ વ્યકિતઓને વાંચક ઓળખીજ હશે કે, જે, બે વ્યકિતઓ, તરૂણ સુંદરી સાથે વાત કરતી હતી, તે બીજા કોઇ નહિ, પરંતુ, આપણી વાર્તાના નાયક, ડીટેકટીવ મુકુન્દ તથા નરેન્દ્ર હતા. તેઓએ ગેબી મદદગારની મદદથી તથા ઝેરી ગ્યાસના ધુમાડાનો આશ્રય લઇ, તરૂણ સુંદરી સાથે, પલાયન કરવામાં ફતેહ પામ્યા હતા. તરૂણ સુંદરી એ આપણને ઘણાં પ્રકરણમા દર્શન આપેલાં હોવાથી, તથા, તેની બહાદુરી અને જોખમ ભરેલું સાહસ જોઈ, તેણી કોણ હશે. તે જાણવાને વાંચકને જીજ્ઞાસા ઉત્પન થઇ હશે. તો તે જીજ્ઞાસાને શાંત કરવા લેખક પોતાની ફરજ અદા કરે છે. વિવિધ વાર્તાલાપ કરતાં ત્રણે વ્યકિતઓ કીનારા પાસે આવી પ્રથમની ઉભી રાખેલી હોડીમાં બેઠી હોડી પવન અનુકુળ ન હોવાથી મંદ ગતિએ રસ્તો કાપતી હતી. હોડીમાં બેઠા પછી તરૂણ સુંદરીની ભેદ ભરી વાતો તેમજ તેના આખા શરીરનું સૌન્દર્ય, તથા મોહક ચહેરાનું ડીટેકટીવ નરેન્દ્ર બાહોશીથી અવલોકન કરી રહ્યો હતો. તે તરતજ બોલ્યો.

ન૦—સુંદરી ! તમે જે શબ્દ કહ્યો હતો, કે વખત આવે બરાબર ઓળખ મળશે. તો, આ સમયે, અન્ય વ્યકિત ન હોવાથી તમારો ભેદ ખોલવા મહેરબાની કરશો. કદાચ, તમારો ભેદ ખોલવા દીલમા અચકાતાં હો, તો, હું પોતેજ આપનું નામ, ઠામ, તથા જ્ઞાતિ વિગેરેનો કયાસ બાંધી જણાવી શકું તેમ છું. એટલું બોલી તરૂણ સુંદરીના ચહેરાપર થતા ફેરફાર નીહાળવા નરેન્દ્ર તિવ્ર દ્રષ્ટિ ફેંકી. નરેન્દની તર્ક શકિત તથા બાહોશી જોઇ તરૂણ સુંદરી ખડખડાટ હસી પડી, અને બોલી.

સું૦—વારૂ મહાશયો તમે મને કયાં જોઇ હતી. કે, જેથી મારા ભવિષ્યના તમો વાકેફગાર છો ?

મુ૦—પ્રથમ અમારા પોલીસ સ્ટેશન પાશે સંગીત ગાતા મેં મારી આંખથી જોયા હતાં, બીજીવાર અમે આજ પોશાકમાં તમારી તલેસ્માતી ગુફા તરફ આવ્યા ત્યારે, પડેલા ગેબી પત્થર પાસે જોયાં હતાં.

ન૦—મુકુંદરાયનું કહેવું બરાબર છે. ત્રીજી વખતે અમે જ્યારે તલેસ્માતી ગુફામાં કેદ થયા હતા. ત્યારે હિંમત આપી સાવધ રહેવાની છુપી સંજ્ઞા પણ આપેજ કરી હતી. અને ચોથીવાર ઝેરી ગ્યાસની મદદથી અમારો બચાવ કરી, સહિ સલામત ઘર તરફ, જવાનો રસ્તો બતાવતાં, અમારી સાથે હોડીમાં બેઠાછો.

સું૦—નરેન્દ્રરાય, કદાચ તમારો ક્યાસ ખરો પણ હશે.

ન૦—હશે નહિ ? પરંતુ હોવોજ જોઇએ. તેથી મહેરબાની કરીને ઝેરના કટ્ટાના દુસ્મન પ્રકાશમાં આવો જાવ. પોતાના કૃત્તિમ વેશને નરેન્દ્ર કળી ગયો છે. એમ સમજી પોતાનો સુંદરીનો સ્વાંગ, શરીરપરથી દૂર કર્યો. નદીનાં સ્વચ્છ પાણીથી મુખધોઇ નાખ્યું એટલે સુદરીનો ચહેરો અસલી જગા ઉપર આવી ઉભો રહ્યો સુંદરીનો ચહેરો જોતા, નરેન્દ્રરાય, હર્ષના આવેશમાં આવી જઇ બોલ્યો કે, ધન્ય છે, મારા લઘુબંધુ અમૃત તારી અદભુત શકિત જોઇ મને અત્યારે ઘણોજ આનંદ થાય છે. એટલુ બોલી. અમૃતને પોતાની છાતી સરખો ચાંપી, બધુત્વના પ્રેમના આંખમાંથી હર્ષના બીંદુઓ ટપકી પડયા. તરૂણસુંદરીનો ભેદ ખુલ્યો તરૂણ કુમારીકા મટીને, અમૃત, કુમાર થયો, તે જોઇ મુકુન્દરાય, પણ ગળગળીત અવાજે બોલ્યો કે, કોણ

અમૃતભાઇ ? વાહ, વાહ, તમારી બહાદુરી જોઈ હુ ઘણોજ ખૂશ થયો છું તમારી ચાલુ સર્વીસના ચાન્સ માટે હું સરકાર બહાદુરને જરૂર જરૂર અરજ કરીશ. અહા ? આટલી નાની વયે ભલભલાંના ગાત્ર ગળી જાય, તેવા ભયંકર સ્થાનમાં રહી તમોએ છુપી પોલીસનાં કામને પણ શરમીંદા બનાવ્યા છે. તે કાંઇ સધારણ હિંમત ના કહેવાય ? વાંચક, તારા મગજમાં આ વાર્તાલાપ વિષે વિચિત્ર રમખાણ ચાલ્યું હશે કે, નદિમાં આટલી બધી વાત્તચીત કેમ થવા પામી ? પરંતુ, એવા ખોટા રમખાણોને સ્થાન આપવાની જરૂર નથી કારણ કે હુગલી નદિનો પટ પહોળો હોવાથી તથા પવનની મદ ગતિને લીધે હોડી મરેલા મડદાની માફક ચાલતી હતી. હોડીને કિનારે પહોંચવાને ટાઇમ હોવાથી મુકુન્દરાય બોલ્યા કે —

મું૦—અમૃતભાઈ, તમો તમારા ભાઇથી છુટા પડી કયાં ગયા હતા ? ત્યાં ભયંકર સ્થળમાં આશ્રય કેવી રીતે મેળવ્યો હતો ?

અ૦—સાંભળો. મારા વડીલ બંધુથી જુદા પડી, મેં એક વિણા મુલ્ય આપી ખરીદ કરી. પ્રથમથીજ મને સંગીતનો શોખ હોવાથી એક તરૂણ સુંદરીનો કૃતિમ વેશ ધારણ કર્યો સંગીત દેવી હું પોતેજ છું, તથા મારા કૃતિમ વેશને કોઇ પણ કળી શકશે નહિ. એવી ખાત્રી કરી હુગલી નદીના કિનારા ઉપર આવી શોખથી સંગીત ગાવા લાગ્યો. એ અરસામાં એક વૃદ્ધ માણુસ ખાંસીના રોગથી પીડાતો, મારી પાસે આવી પુછવા લાગ્યો કે, સંગીત દેવી ? તમો કોણુ છો ? તથા રાત્રીને વિષે આવા નિર્જન સ્થાનમાં કયા ઉદેશથી બેઠા છો. મેં કહ્યું કે મહાશય ?

એક કુમારીકા છું, નોકરી રહેવાના ઇરાદા પુર્વક નહિ ઉ-પર સગીત ગાઉં છું. જે સગીતના શોખીન સજ્જનો હશે, તે મને જરૂર પોતાની નોકરીમાં રાખશે. એટલે આવેલો વૃદ્ધ બોલ્યો કે, ત્યારે દેવી, મારે ત્યાં નોકરી કરવા ખૂશી છો જીહા, જે મને નીડર રાખશે તેની, તનમનથી સેવા બજાવીશ. પરંતુ, એક સરતે કે જે કોઇ મારાપર કુદ્રષ્ટિ કરશે તો કુદ્રષ્ટિ કરનારને જુનીયાની સપાટીપર વધુ વખત ટકવા દઇશ નહિ. અને તેની સાથે હું પણ આત્મહત્યા કરી મરી જઇશ. મારા કડક સવાલથી આવેલો વૃદ્ધ થોડીવાર વિચાર કરીને બોલ્યો કે તે વિષે આપ બે ફીકર રહો. એટલું કહી વૃદ્ધ મને હોડીમાં બેસાડી સામે કિનારે લઇ ગયો. બાદ અમો બન્ને પગ રસ્તે ચાલી, જે સ્થળમાં તમો કેદી બન્યા હતા, તે ભયંકર સ્થળમાં અમો ગયા. અંદર પ્રવેશ કર્યા પછી, તે વૃધ્ધે એક ભયંકર ગર્જના કરી તે સાથે હજારો ભુતાવળોથી તે સ્થળ ઉભરાઇ ગયું, કે તરતજ, તે વૃધ્ધે પોતાનો હુકમ દરેક ભુતાને ફરમાવી દીધો કે, " આ સંગીત દેવીપર કોઇ પણ વ્યકિત કુદ્રષ્ટિ કરશે તો તે અભાગી વ્યક્તિને પેલા ભયંકર ખાડાની મુલાકાત લેવી પડશે. આ ઉપરથી હું સમજી શકયો કે આ વૃદ્ધ, આ ભયંકર સ્થળનો માલીક યા બળવાન ડાકુ છે. ત્યારબાદ એક દિવસ ખુન સંબંધી કંઇક બાતમી મળવાની આશાએ તમારા પોલીસ સ્ટેશનની નજીક આવેલી વિશાળ જગા ઉપર સંગીત ગાતો હતો. એવામાં મારા વડીલ બંધુએ આવી હજારો માણસો વચ્ચે ઉભેલા બે બદમાસોને ઘાયલ કરી, ખુન સંબંધી મુદ્દાનો કાગળ, બદમાસોના ખીસ્સામાંથી કહાડી લીધો હતો. આ

વિચિત્ર ઘટના જોઇ હું ત્યાંથી મારા સ્થાન પ્રતિ જવા ચાલી નીકળ્યો. બીજે દિવસે, તમારો મને તલેસમાનનીના ગેબી પત્થર પાસે અચાનક મેળાપ થઇ ગયો. પછીનો સર્વ વૃતાંત આપ જાણો છો.

ન૦—હાં, પરંતું, અમૃત પેલો વાંદરાનો કૃતિમ વેશ જવનાર કોણ હતો ?

અ૦—મોટાભાઇ, તમે તેને ન ઓળખી શકયા ?

ન૦—ના, તેને ઓળખવા માટે મને પુરો અવકાશ મળ્યો ન હતો. પણ ઝેરી ગ્યાસની દવા મારી પાસે છે, તે તારા સીવાય અન્ય વ્યકિતના જાણુવામાં ન હોવાથી, હું સાધારણ અનુમાન બાંધી શકયો હતો કે, વાંદરોના કૃતિમ વેશ ધારણ કરનાર પણ તુંજ હશે.

અ૦—હા, તેમજ હતુ. વાંદરાનો કૃતિમ વેશ ધારણ કરી, તમોને સાવધ થવાની સંજ્ઞા આપનાર, હજારો બદમાસોની લાશો બનાવી તલેસ્માતી ગુફાને સ્મશાનવત બનાવનાર, આ તમારો શિષ્ય અમૃતજ હતો.

ન૦—ત્યારે છેવટે મારો ક્યાસ સાચો પડયો ખરો ?

અ૦—હા, મોટાભાઇ, તમારો કયાસ તદ્દન સાચો હતો.

ન૦—હાં, પણ અમૃત, જે સ્ત્રીનુ ખૂન થયું છે એનીતો બાતમી બીલ્કુલ મળીજ નહિ હોય ?

અ૦—મોટાભાઇ, મેં ફરીને આખુ તલેસમ જોયું છતાં, કોઇ પણ સ્થળે તેનું શબ યા ખૂન સંબધીનું એક પણ ચીન્હ મારા જોવામાં આવ્યું નહિ.

આગળ ચાલતી વાત અટકી ગઇ કારણુ કે હોડી કીનારાપર આવી ગઇ હતી. એટલે મુકુન્દ, નરેન્દ્ર તથા અમૃત હોડીમાંથી નીચે ઉતર્યા. નરેન્દ્રે હોડીવાળાને પૈસા ચુકાવી, અમૃતને મુકુન્દ સાથે, હુગલી કિનારો છોડી ઘર પ્રતિ જવા પ્રયાણ કરવા માંડયું. એવામાં ટાવરના ઘડીયાળમાં ચારના ટકોરા થયા.

ન૦—મુકુન્દરાય રસ્તામાં જરા સાવધાન પણે ચાલજો, નહીતો, વળી પાછી, કોઇ અણધારી આપત્ત આવી પડશે.

મું૦—તમારૂં કહેવું સત્ય છે તેમ દુસ્મણો પણ વધી ગયા છે, અત્યારે હજારો માણસો જેરી ગ્યાસના ભોગ થઇ પડયા છે, તો તેનો સરદાર અદભુત ખુની જરૂર આપણી પુંઠ પકડી જંપીને બેસવા દેશે નહિ. એવી રીતે વાર્તાલાપ કરતાં ત્રણુ જણુ સહીસલામત મુકુન્દરાયને ત્યાં પહોંચ્યા, એ સમયે વળી પાછો ટાવળની ઘડીઆળમાં સાડાચારનો એક ટકોરો સંભળાયો, સમય ઘણો વ્યતીત થયેલો જાણી ત્રણે જણા થાકયા.પાકયા ખુન સંબંધી વીચાર કરતા પલંગપર આરામ લેવા સુતા, બીછાનામાં પડતાની સાથે મુકુન્દરાય તથા અમૃત નિદ્રાદેવીના સપાટે ચડી ગયા. પરંતુ ડીટેકટીવ નરેંદ્ર નિદ્રાદેવીના સપાટામાંથી બચી ગયો હતો તે પડયો પડયો થયેલા ખુન સંબંથી નવીન તર્ક સંકતીઓ બાંધતો ચારે બાજુ પોતાની તીવ્ર નજર ફેંકી રહ્યો હતો, જેમ ડુબતા માણસને એક તરણું મળતાં બચવાની આસા રહે છે, તેવીજ રીતે મળેલા ગુપ્ત લખાણુના ભેભેદી કાગળોથી ખુન સંબંધીનો ભેદ ખુલો કરવાની આસા અત્યારે નરેંદ્રને હતી, એવામાં એકાએક વીચાર આવતાં, નરેંદ્ર પલંગમાં બેઠો થઇ ગયો, પોતાનું બાહોશ ભેજુ દોડાવી બબડયો કે, જયાં

ઘરનો રૂપીઓ ખોટો, ઘરમાં કુટ, ત્યાં બીજા કોને દોસ દેવો એવામાં દરવાજા આગળ ખળખળાટ થયો, નરેંદ્ર ચમક્યો, અને પીસ્તોલ લઇ દરવાજા તરફ તાકી રહ્યો, તો દરવાજાની ફાડ- માંથી કોઇ બદમાસે બારથી એક કવર નાખતાં સ્પષ્ટ જણાયો, આવું ભેદી રહસ્ય જોઇ હાથમાં રીવોલ્વર પકડી દરવાજા તરફ આવ્યો, દરવાજાની પાસે જઇ નરેન્દ્રે નીચે પડેલું કવર ઉપાડી લીધુ, એડ્રેસ વાંચતા મુકુન્દરાયના નામનુ હતુ, જેથી કવર ફોડયા વગર પોતાને ઉસ્તકે મુકી, નીરશ્ચીત મને આરામ લેવા આડે પડખે સુતો, તેજ વખતે વળી પાછા ટાવરના ઘડીઆળમાં પાંચના ટકોરા સંભળાયા, રાત્રીનો પ્રહર સંપુર્ણ થયો જાણી, પોતાના બાહોશ મગજને સાંન્તી આપવાના ઇ- રાદાથી ઉગવાનો ઢોંગ કરી આંખો મીચી સુઇ ગયો:—

# પ્રકરણ ૧૪ મું

## આફતનું વાદળું

તલેરમાતી ગુફાની વિચિત્ર ઘટનાને આજે બીજો દિવસ થયો હતો. લગભગ બે વગ્યાને સુમારે ડીટેકટીવ નરેન્દ, મુકુન્દ, તથા અમ્રત જમી પરવારી ગઇ રાતની વિચિત્ર ઘટનાનુ અવલોકન કરી રહ્યા હતા. એવામાં નરેન્દ્રને કંઇક વિચાર આવતા ઉભો થઇ ઓશીકા નીચે છુપાવી રાખેલો રાતનો કાગળ લાવી મુકુન્દરાયના હાથમાં આપ્યો.

મુ૦—કોનો પત્ર આવ્યો છે. ?

ન૦—આપના કોઈ સ્નેહી, કે શત્રુનો હશે. એ સિવાય કોઇ અન્ય વ્યક્તિનો નહિજ હોય. એટલું બોલી નરેન્દ્ર મુછમાં હસવા લાગ્યો. તેનું હસવાનું એક પણ ચીન્હ કોઇના જાણુવામાં આવ્યું નહિ. મુકુંદરાયે કવર ફાડી પત્ર બહાર કાઢયો. પ્રથમ પત્રની બીના મનમાં વાંચી મુકુન્દરાય ઘણાજ ઉંડા વિચારમાં ઉતરી ગયો. મુકુન્દરાયના લલાટમાં પડતી કરચોલીયો જોઇ, નરેન્દ્ર બોલ્યોકે શું પત્રમાં કાંઇપણ જાણવા જોગ ગુપ્ત રહસ્ય છે. ?

મુ૦—નહિ, ફક્ત ખુનીએ આપેલી ભયની ચેતવણીજ છે. એમ કહી કાગળ નરેન્દ્રના હાથમાં આપ્યો. નરેન્દ્ર કાગળ વાંચવા લાગ્યો.

"ડીટેકટીવો સાવધ"

તમારી જીંદગી સહીસલામત ચાહતા હોતો, હવે પછી મારી પુંઠ પકડવાની, તથા છુપી હાલ ચાલો જોવાની કોશીશ કરશો નહિ. મારી હિલચાલ તથા પુંઠ પકડવાની કોશીષ જરા પણ-

થશે તો, આ થએલા, એક સ્ત્રીના ખૂન સાથે, બીજાં પણ અનેક ખુન થવાનો સભવ રહેશે. અને તે ખૂનો પણ તમારી નજર સન્મુખજ કરવામાં આવશે.

લી.

તમારો હરીફ.

ભેદી પત્ર વાંચી રહ્યા પછી નરેન્દ્ર ખીસ્સામાંથી દાબડી કાઢી, તેમાંથી એક ગોળી મોમાં મુકતાં બોલ્યોકે—

ન૦—મુકુંદરાય, જરા દરવાજાની ફાડમાં જુઓ કે, આપણા મકાનની પાસે આમ તેમ કોણ ટહેલ્યા કરે છે. ?

મુ૦—અત્યારે બપોરના મધ્યાન્હ સમયે આપણી હીલચાલ જોવા, કોણ એ કામનું બેસી રહ્યું હશે. ?

ન૦—મુંકુન્દરાય, ગાફેલ નબનો. ત્વરાથી ઉઠીને તપાસ કરો. કે જાસુસી કરનારી વ્યક્તિઓ કોણ છે ? નહિતો વિના મોતે માર્યા જશો. મુકુન્દરાયે ઉભા થઇ દરવાજાની ફાડમાંથી જોયું તો, બદમાસોને આપસમાં ગુપ્ત મંત્રણા કરતા જોયા, જેથી મુંકુન્દરાય બે ડગલાં પાછળ હઠયો. આ લોકો મારા ઘર પર દરોડો પાડવાની યા અમોને ફસાવવાની કોઇ કપટ જાળ પાથરતા હશે. એવા વિચાર કરતાં કરતાં મુંકુન્દરાય, પોતાની બેઠક ઉપર આવી બેઠા મુકુન્દરાય ના ચહેરા ઉપર થતા ફેરફાર જોઇ નરેન્દ્ર બોલ્યોકે:—

ન૦—કેમ, મુકુન્દરાય, મારો કયાસ ખરો, કે ખોટો ?

મુ૦—તદન ખરો છે, નરેન્દ્રરાય, તમો પણ કોઇ અજબ ડીટેકટીવ

છો. એવી આજે મને સંપૂર્ણ ખાત્રી થાય છે. પરંતુ, તે બ- દમાસો અત્રે શા નિમિત્તે આવ્યા હશે. ?

ન૦—તેની બાતમી પણ આપણને મળશે. એમ કહી અમૃતના કાનમાં કંઇક છુપી સંજ્ઞા કરી. ચાલાક અમૃત તરત સમજી ગયો, અને કોઇપણ જાતની પરવા કર્યા વગર, દરવાજો ઉઘાડી, નરેન્દ્ર ત્થા મુકુન્દની નજર બહાર થઇ ગયો. અમૃત ના જવા પછી, નરેન્દ્ર પોતાની બેગ ઉઘાડી તેમાંથી અદભુત કાચનું યંત્ર બહાર કાઢી એક પાઇપ સાથે જોઇન્ટ કર્યું, ત્યાર પછી બોલ્યોકેઃ- મુકુંદરાય, આવું યંત્ર તમે કદિ જોયેલું હતું. ?

મુ૦—નહિ આવું યંત્ર તો હું આજેજ નિહાળું છું. પરંતુ તેમાં શું રહસ્ય સમાયેલું છે ?

ન૦—તે હમણાંજ બતાઉં છું. એમ કહી એક બારીવાટે' ને કાચના યંત્રના, એક ભાગ તે રસ્તા ઉપર થતી, દુશ્મનોના હિલચાલ જોવા બહાર કાઢયો, બીજો ભાગ પોતાની પાસે રાખી, મુંકુ-ન્દરાયને સંબોધી બોલ્યો કેઃ—હવે, દુશ્મનોની હિલચાલ કેવી વિચિત્ર છે, તેનો અનુભવ કરો. હું જરા બહાર જઇ હમણાંજ આવું છું, પરંતુ, તમે સાવધ રહેજો. એમ કહી નરેન્દ્ર ત્યાંથી ઉઠીને એકાએક ઘરની બહાર ચાલ્યો ગયો. નરેન્દ્ર દુશ્મનોની હિલચાલ જોવા માટે, નવિન કરેલી શોધ જોઇ, મુકુન્દ ઘણોજ અજાયબ થયો, મુકુન્દરાયે યંત્રમાં જોયું છે, દુશ્મનો, પોતાના ઘરથી, થોડે દુર ઉભા રહી, પોતાના ઘરની જાસુસી કરી રહ્યા હતા, એવામાં એક બદમાસે પોતાના ઘર પ્રતિ આંગળી બ- તાવી કહ્યું કે, દોસ્ત, આ સ્હામે દેખાયછે તેજ ડીટેકટીવ

નરેન્દ્ર, તથા મુકુન્દરાયનુ મકાન છે. પરંતુ, હાલમાં તે બન્ને જાસુસ બહાર નીકળી શકે તેમ નથી. સાંજના સમયે, ચોક્કસ બહાર નીકળશે, તે વખતે આપણા માલીક ના હુકમ મુજબ બન્ને જણને એકજ ફટકાથી જમીન દોસ્ત કરી, પેલો ભેદી કાગળ, તેના ખીસ્સામાંથી કહાડી પલાયન કરી જઈશું. તેના જવાબમાં બીજો બદમાસ બોલ્યો કે, મારો તેરોજ દ્રઢ નિશ્ચય છે, પરતુ તેવુ સાહસ કરતાં આપણે ઘણીજ સાવચેતી રાખ વાની જરૂર છે, ડીટેકટીવ નરેન્દ્ર ઘણોજ-બુદ્ધિશાળી, તથા બળમાં, કસરત બાજ પહેલવાનનું ભાન કરાવે તેવો છે. હા; દોસ્ત, તારી તે વાત તો ખરી છે, કે, તે બદમાશ નરેન્દ્ર આ પણા માલીકની આંખમા ધુળ નાખી, એક હસ્તને સદાને માટે નિસ્તેજ કરી, દોરડાં ના બંધન, પોતાના મજબુત કસાયેલા શરીરથી તોડી નાખી આબાદ છટકી ગયો હતો તેથીજ હું કહું છું કે તે ચાલાક પોલીસ કુતરાથી સાવધ રહી, આપણું કામ કાઢી લેવાનું છે. આ પ્રમાણે બન્ને બદમાશો વતો કરી રહ્યા છે, એવામાં કોઇ અદ્રશ્ય રહીને બોલ્યું કે, નરેન્દ્ર પાસેથી કામ કાઢી લેવાનો તમારે હજુ બીજો જન્મ લેવો પડશે, જો તમારા જેવા નિર્માલ્ય બીકણો, બહાદુર ડીટેકટીવોને હંફાવશે તો પછી સરકાર બહાદુર ડીટેકટીવ લાઇન ના અનુભવી, તથા બાહોશ મા-ણસોની કદર કેવી રીતે કરી શકશે? માટે પગલું ભરો તો સં-ભાળીને ભરજો. આવો વિચિત્ર અવાજ સાંભળી એક બદમાસ બોલ્યો કે, આવી ભયસુચક પ્રેરણી આપણને કોણ કરી રહ્યું હશે. તરતજ બીજો અવાજ સંભાળાયો કે, તમારો કાળ. એ-ટલે બીજો બદમાશ બોલ્યો કે, દોસ્ત, માન કે ના માન, પરંતુ

આટલામાં કોઈ પોલીસ ખાતાનો જાસુસ જરૂર આપણી હીલ ચાલ છુપી રીતે જોતો હોય, એમ લાગે છે, બીજો બદમાશ બોલ્યો કે, ભલેને જુએ પોલીસનો બાપ આવે તોપણ આપણા જેવા ભયંકર ડાકુ ને બીક કોની છે એવામાં એક પંદર વર્ષનો પોષ્ટ-મેન છોકરો ઉભેલા બદમાશોને અથડાઇ, દોડતો દોડતો ત્યાંથી પસાર થઇ ગયો. અને મુકુન્દરાય ના દરવાજા પાસે આવી, દરવાજા પર ત્રણ ટકોરા ના અવાજ કર્યા; જેથી યંત્રને હાથમાં લઇ, મુકુન્દરાય જે અત્યાર સુધી દુશ્મનોની હિલચાલ જોઇ રહ્યા હતા, તેમણે યંત્રને નિચે મુકી દરવાજો ઉઘાડયો, તો એક છોકરાને હાથમાં કાગળ લઇ ઉભલો જોયો. મુકુન્દરાયને બહાર નીકળતાંજ છોકરાએ પૂછ્યું કે સાહેબ, મુકુન્દરાય આ-પનુ નામ છે ?

મુ૦—હા, હું પોતેજ મુકુન્દરાય.

છોકરો—તો, આ તમારા નામનો કાગળ છે.

મું—કોણે આપેલા છે ?

છો—સાહેબ, હું દારૂના પીઠામાં દારૂને ઇન્સાફ આપતો હતો, તેવામાં ત્યાં એક વૃદ્ધ પુરૂષ આવી અને કહ્યું કે, આ કાગળ મુકુન્દરાયને હાથો હાથ પહોંચાડી આવો. એટલું બોલી મારા હાથમાં એક રૂપીઓ મુકી ચાલતો થયો.

મું—ત્યારે લે, હું પણ તને એક રૂપીઓ બક્ષિસ આપું છું. એમ કહી પાટલુનના ખીસ્સામાંથી એક રૂપીઓ કાઢી છોકરાના હાથમાં મુકયો. એટલે છોકરો ખૂસી થતો અને ઠેકડા મારતો ત્યાંથી જોતજોતામાં અદ્રશ્ય થઇ ગયો. છોકરાના ગયા પછી, મુંકુન્દ દરવાજો બંધ કરી એકવાર પેલા યંત્રમાં નજર ફેરવી તો કોઇપણ દ્રશ્ય જણાયું નહિ. એટલે છોકરાએ આપેલો કાગળ વાંચવા લાગ્યો. જેમાં જણાવ્યું હતું કે.

ડીટેકટીવ મુંકુન્દરાય

આજે રાત્રે નવ વાગે, કાલીચરણ ઘોષ દારૂવાળાની દુકાને સાવધપણે આવજો. પરંતુ આ કાગળની સાથે જે ભેદી કાગળ મોકલાયો છે, તેનો ભેદ પણ સંપૂર્ણ મેળવી સાથે લેતા આવજો. મને સમજ ન પડવાથી તે ભેદી કાગળ આપના તરફ રવાના કર્યો છે. પરંતુ કાગળનો ભેદ ઉકેલી રાત્રે કાલીચરણની દુકાન તરફ આવો ત્યારે કાગળને સહીસલામત જગાએજ છુપાવીને નીકળજો. નહિ તો વળી પાછી નવીન અણધારી આફત આવવાનો સંભવ રહેશે. ગઇકાલના બનાવથી અદભુત ઘોષે આપણને દુનિયામાંથી નાબુદ કરવા, તથા ભેદી કાગળ પોતાને હસ્તક કરવા ઘણા બદમાસોને આપણી પછવાડે છોડયા છે. માટે ઘણીજ સંભાળથી, અને બાહોશીથી પગલે પગલું વિચાર કરીને ભરજો. હું દસ વાગ્યા સુધી કાલીચરણ ઘોષની દુકાને તમારા આવવાની રાહ જોતો બેસી રહીશ.

લી. તમારો સુભેચ્છક.

મુંકુન્દે કાગળ વાંચી રહ્યા પછી ઠેકાણા સંબંધીનો કાગળ ફાડીને બાળી નાખ્યો. ફક્ત જે ભેદી, લખાણ વગરનો કોરો કાગળ હતો, તેનેજ સહિસલામત સાચવી રાખ્યો. મુંકુન્દરાયે ભેદી કાગળને ટેબલ પર ખુલ્લો કરી તેમાં લખેલા રહસ્યને વાંચવા માટે ઘણી મહેનત કરી. પરંતુ તે સઘળી મહેનત છેવટે નિષ્ફળ નિવડી. એવામાં મુંકુન્દને કાને અવાજ આવ્યો કે પોતાના દરવાજા આગળ મારી હિલચાલ જોઇ, કોઇ મન્દ હાસ્ય કરી રહ્યું છે. તે વખતે જ હાથમાં પીસ્તોલ લઇ દરવાજો ઉઘાડી જોયું, તો ત્યાં કોઇ પણ જણાયું નહિ. ખરેખર આજે આફતનું વાદળુ ઝઝુમી રહ્યું છે, પરંતુ ફીકર નહિ. જોઇ લેવાશે.

# પ્રકરણ ૧૫ મું.

## અણધારી આફત.

ડીટેક્ટીવ મુંકુદરાય—ભેદી કાગળના રહસ્યને બરાબર ન સમજી શકવાથી ઘરમાં આમતેમ ટેલી રહ્યો હતો. એવામાં મંગળાગૌરીએ મુંકુદરાય પાસે આવીને કહ્યું કે ”

મંગળા—રસોઇ તૈયાર થઇ ગઇ છે, કહો તો થાળી પીરસી લઇ આવું, મુંકુન્દે ઘડીયાલ તરફ નજર કરી તો, ઘડીયાલમાં આઠ ને પીસ્તાળીસ મીનીટ થઇ હતી.

મું૦—હા, હા, ટાઇમ થઇ ગયો છે, માટે જલ્દી લાવ.

મં૦—શું ? આજે કાંઇ અગત્યના કામ માટે જવું છે ?

મું૦—હા, અત્યારે મારે ઘણાજ જરૂરી કામ માટે બહાર જવાનું છે. પોતાના પતીને ઘણીજ ઉતાવળ હોવાથી. વિષેશ ત્યાં નહિ થોભતાં રસોડામાં ચાલી ગઇ, અલ્પ સમયમા એક થાળી પીરસી મુકુન્દરાયના ટેબલ ઉપર મુકી. તરતજ મુંકુન્દે રૂચી પ્રમાણે ભોજન કરી લીધુ. બાદ કપડાં પહેરી, રીવોલ્વર ખીસામાં મુકી, પેલા ભેદી કાગળને સહીસલામત જગાએ છુપાવી દીધો, કઇક નવીન વીચાર યાદ આવતાં, મંગળાને તે સંબોધી કહેવા લાગ્યો કે; ધ્યાન પુર્વક સાંભળી લે, મારા અહીંથી ગયા પછી ઘણી જ સાવધાનપણે રહેજે, કોઇ પણ માણુસ મારૂં નામ દઇ, અથવા કહે કે; ખાસ અગત્યનું કામ છે, આવા ઉદેશથી અત્રે આવે તો, દરવાજો ઉઘાડીશ નહી. તથા અજાણ્યા માણુસને ઘરમાં દાખલ કરીશ નહી. કારણ કે;

અત્યારનો મામલો ધણોજ પ્રાણઘાતક તથા ગંભીર થઇ ગયો છે, એવામાં ઘડીયાલમાં નવના ટકોરા થયા, તે જોઇ, પોતાની સ્ત્રી મંગલાને સાવધ રહેવાની સુચના આપી, મુંકુદરાય ઘરની બહાર નીકળી પડયો.

મુકુંદરાયના જવા પછી મંગલાગૌરી દરવાજો બંધ કરી હાથમાં ભરેલી રીવોલ્વર લઇ સાવધપણે ધાર્મીક ચોપડીઓ વાંચવા લાગી.

મુંકુંદરાય, ઘરની બહાર નીકળ્યા પછી આડા અવળા રસ્તા ઓળંગી એક અંધારી ગલીમાં પેઠો, મુકુંદરાયની પછવાડે એક ભુત જેવી જણાતી વ્યક્તિ પણ પેઠી.

બિચારા મુકુંદને શી ખબર કે, તેને માથે અત્યારે શું? વિતવાની છે. પરંતુ " બિચારા મુંકુદને કોણ ચેતાવે કે, તારે માટે પ્રપંચીઓ કાવત્રુ રચી તને સપડાવવા તૈયાર જ થઇ રહ્યા છે? મુંકુદરાય તો પોતાનો ટાઇમ થઇ જવાથી ઉતાવળે પગલે કાલીચરણ ધોપની દુકાન તરફ જઇ રહ્યો હતો- એવામાં એકાએક મુંકુદરાયના માથા ઉપર સજ્જડ ફટકાનો પ્રહાર થયો. ફટકો પડતાની સાથેજ મુંકુદ તમ્મર ખાઇ જમીન ઉપર ગબડી પડયો. અને સખત મારને લીધે બાહોશ થઇ ગયો.

મુંકુંદરાયના જમીન ઉપર પડવાની સાથેજ. બે બદમાસો હાથમાં મોટા છરાલઇ. મુંકુદરાયની છાતી ઉપર ચઢી બેઠા. બે બદમાસો માંથી એક જણે મુંકુંદરાયના ખીસાની બધી ઝડતી લઇ લીધી. પરંતું, બદમાસોને આખરે નિરાશાજ મળી. એક રીવોલ્વર સિવાય બીજી કોઇ પણ વસ્તુ જડતી લેતા મળી શકી નહિ. થોડીવારે મુંકુદ જરા

શુદ્ધિમાં આવવા લાગ્યો, અને પોતાની આંખ ઉઘાડી જોયું તો, બે બદમાસોને હાથમા મોટા છરા લઇ પોતાની છાતી ઉપર બેઠેલા જોયા. તે ક્રુરજલ્લાદોના હાથમાં છુટવા માટે તથા પોતાની સાથે આવી ક્રુર-વર્તણુક ચલાવવાનું કારણ શોધવા માટે બદમાસોને સંબોધી કહેવા લાગ્યો કે. તમો કોણ છો ? તથા આવુ સાહસ શા સારૂં કર્યું ?

તને જહાન્નમનો માર્ગ બતાવવા માટે. બદમાસ બોલ્યો, મેં તરૂં શું બગાડયું હતુ ? મુંકુંદે કહ્યું.

તેં તથા તારા સાથીએ અમારા માલીક અદભુત ઘોસનો એક હાથ સદાને માટે નાબુદ કરી નાંખ્યો છે, તેનું વ્હેર લેવા, તને તથા તારા સાથીને આ દુનીઆમાંથી નાબુદ કરવાનો અમે દ્રઢ નિશ્ચય કીધો છે. છતાં અમને તારી દયા આવે છે, તેથીજ તને જીવતો છોડી દેવા માં આવે છે. પરતુ એક શર્તથી. નહી તો નહિ ?

મુંકુંદરાયે વિચાર કર્યો કે, સમય સુચકતા વાપરવામાંજ સાર છે. નહીતો, જીંદગી જોખમમાં છે. એમ ધારી મુંકુંદ બોલ્યો કે, તારી શું ? શર્ત છે ?

શર્ત એટલી કે અમારા માલીકની પુઠ પકડવી તથા તેની છુપી હીલચાલ પણ જોવાની કોશીશ ન કરવી. બીજી શર્તમાં પેલો ભેદી કાગળ અમારે સ્વાધીન કર. બદમાસ ગુસ્સાથી બોલ્યો.

હું તારી શર્ત કબુલ કરૂંછું. પરંતુ, તારી બીજી શર્ત પ્રમાણે જે કાગળ માગે છે, તે કાગળ હાલ મારી પાસે નથી. જો તમો બંને મારી સાથે મારે ઘેર આવો તો હું ખુશીથી તે કાગળ આપી શકું છું. મુંકુંદરાયે મુક્ત થવા યુકિત અજમાવી.

તારી ડીટેકટીવ પૉલીશી હવે અમારી પાસે મુદ્દલ ચાલે તેમ નથી. માટે જીવવાની આશા હોય તો, પેલો કાગળ અમારે સ્વાધીન કર, નહી તો, આ જલ્લાદી છરા જોયા છે ? હમણાજ તારા ગળાની આરપાર ઉતરી જશે, અને પળવારમાં તો, તું દુનિઆમા હતો, ન હતો. થઇ જઇશ.

છેલ્લાં નિશ્ચય પર આવી બદમાસ બોલ્યો.

મુંકુંદરાય છરા જોઇ ગભરાયો, થોડીવારને માટે તેનુ આખું શરીર કંપાયમાન થઇ ગયું. છતાં હીમત રાખી ક્રોધ યુક્ત બદમાસોને કહેવા લાગ્યો કે, તમારી આ ખોટી હઠ છે. હજુ પણ કહું છું કે, મારી સાથે ચાલો એટલે હું તમને તે કાગળ આપી દઇશ.

બદમાસે કહ્યું કે. હુ તારો એક પણ શબ્દ સાભળવા માગ... પુરૂં વાક્ય બોલતાં બદમાસ અટકયો, કારણકે, કોઇનો પગરવ પોતાના તરફ આવતો સંભળાયો. પોતાની પાછળ કોણ આવે છે ? તે જોવા માટે બંને બદમાસો પાછુ વાળીને જોવા લાગ્યા.

બદમાસો, અત્યારે બે ધ્યાન હોવાથી મુંકુંદને લાગ સારો મળેલો હતો. આવો મળેલો ઉત્તમ લાગ જોઇ, મુકુંદરાયે, બળ પુર્વક બને બદમાસોને છતી ઉપરથી દુર ફેંકયા, બદમાસોને જમીનનો માર સજ્જડ લાગ્યો હતો, છતાં, જમીન ઉપર પડતાં પડતાં એક સીટી વગાડી. જેથી બીજા બે, ભયકર ચહેરાવાળા બદમાસો ત્યાં આગળ દોડી આવ્યા, તો પોતાના બે માણસોને ઘાયલ કરી મુંકુંદરાય ન્હાસવાની કોશીશ કરી રહયો હતો. કે બીજીજ પળે બંને બદમાશોએ વળી પાછો એકજ ફટકાથી મુકુંદરાયને બે હોશ બનાવી જમીન ઉપર પટકી દીધો.

પછી આવેલા નવીન બે બદમાસોએ નિચે પડેલા બે બદમાસોને ઉભા કરી, શુદ્ધિમાં લાવવાનો યોગ્ય ઉપચારો કરવા લાગ્યાં. થોડીકવારમાં બદમાસો શુદ્ધિમાં આવી ગયા, અને મુંકુદરાય તરફ દ્રષ્ટિ કરીતો, તે પણ ધીમેધીમે શુદ્ધિમાં આવવા લાગ્યો હતો, મુંકુદ રાયને શુદ્ધિમા આવતો જોઇ. ચારે બદમાસો હાથમાં છરા લઇ દોડયા અને મુકુદરાયની છાતી પર વળી પાછા ચઢી બેઠાં. મુકુદરાય વિચારમાં પડયો કે. આ બેમાંથી વળી પાછા ચાર જણા થયાં, તો નક્કિ તે લોકો આજે મારો જીવ લેશે ? એવામાં એક બદમાસ બોલ્યો કે, પોલીસ કુતરા તેં તારો ભાવ ભજવવામા બાકી રાખી નહી. પરંતુ તુ કમ ભાગ્ય હોવાથી. વળી પાછો અમારા હાથમાં સપડાયો, પરંતું ખેર હુ તારી વતણુક સામે મુદ્દલ પણ લક્ષ આપતો નથી. પરંતુ પેલો કાગળ લાવ, એટલે તુ તારે રસ્તે અને અમે અમારે રસ્તે.

મુકુદરાયે છેલ્લોજ જવાબ આપ્યો કે, મારી પાસે હાલ તે કાગળ નથી. મુકુદે નિરાશ થઇ સવાલનો જવાબ આપ્યો તો, હવે મરવાને તૈયાર થઇ જા, આજે અહીથી તારૂં ખૂન કર્યા સિવાય અમે કદી પાછા જનાર નથી. માટે લે આ જલ્લાદી છરાને પ્રેમ પુર્વક તારા ગળે લગાડી લે, એમ કહી હાથમાં રહેલા છરાને ધીમેધીમે બદમાસો નીચે ઉતારવા લાગ્યા, મુકુદને આ બદમાસો પાસેથી હવે છુટવાની આશા નકામી છે, એમ ધારી આંખો બંધ કરી દીધી. બદમાસોના છરા ગળાના (ટોરા) પાશે આવીને અટકયા, એટલે બદમાસ બોલ્યો કે, છેલ્લી ઘડી માટે ઇશ્વરનુ સ્મરણ કરી લે, કારણ કે, તારે મરવાને હવે મુદ્દલ ટાઇમ નથી. જવાબ ન મળવાથી ચારે બદમાસોએ પોતાના છરા હવામાં અધર કર્યા, અને જોરમાં ઘા, કરવા જાય છે. એવામાં પાછળથી કોઇએ આવી લાકડીનો મજબુત પ્રહાર કર્યો જેમાં

ત્રણ જણાને લાગ્યો, અને ચોથો જીવ બચાવવા તે જગા છોડી પલાયન કરી ગયો.

પોતાની છાતી પરથી ભાર ઓછો થઇ ગયો છે, ધારી મુકુંદરાય એકદમ બેઠો થઈ ગયો, તો ત્યાં આગળ એક બાજુપર, પોતાનો જીવ લેવા આવનાર ત્રણ બદમાસો મરણને શરણ થએલા જોયા, પછી બીજી બાજુ નજર કરીતો, પોતાની પાસે એક વૃદ્ધ પુરૂપને હાથમાં લાકડી લઇ, ઉભેલો જોયો, વૃદ્ધ પુરૂપ અત્યારે લાકડી લઇ, પોતાની ચુગીમાથી ધુમાડા કાઢી રહયો હતો, મુકુંદ મનમાં સમજી ગયો કે, આ વૃધ્ધેજ ત્રણે બદમાસોને જાનથી મારી મારો બચાવ કરેલો હોવો જોઇએ ?

મુકુંદ ઉભો થઇ કપડાંપર ચદેલી ધુળ ખંખેરતાં બોલ્યો કે:

મુ૦—મુરબ્બી ? આ બદમાસોથી આપેજ મારો બચાવ કર્યો ?

વૃદ્ધ—(ચુંગીમાંથી ધુમાડા કાઢી હસતાં હસતાં બોલ્યો કે, હા તેમજ છે. ત્રણ બદમાસોની લાશો તરફ આંગળી કરી કહ્યું કે, ઇશ્વર કૃપાએ ચાર જણામાંથી ત્રણ જણાતો, આ દુનિઆમાંથી અદ્રષ્ય થઇ ગયા છે. ફકત એકજ બદમાસ અહીથી જીવ બચાવી સહી સલામત છટકવા પામ્યો છે. છતાં આપને તો સાવધ રહેવુજ પડશે ?

મું૦—મુરબી ? આપે આજે મને જીવતદાન આપી સદાનો રૂણી બનાવ્યો છે. પરંતુ, આપની ઓળખ જરા મહેરબાની કરીને આપી શકશો. ?

વૃદ્ધ—ઘણીજ ખુશીથી, હું એક દારૂના પીઠાનો માલીક છું. ત્યા મારૂં નામ કાલીચરણ ઘોસ છે. પરતુ, તમે આ સ્થાનમાં કેવી રીતે સપડાયા ?

મું૦—એક માણસને મળવા માટે હું આ ગલીમાં થઈ આવતો હતો, એ અરસામાં આવી વિચીત્ર ઘટના બનવા પામી.

વૃદ્ધ—તમારા કહેવા ઉપરથી તમારી વાત સત્ય હોય તેમ જણાય છે. કારણ કે, રાત્રીના દશ વાંગતાં સુધી એ વૃદ્ધ માણસ કોઈના આવવાની રાહ જોઇ રહયો હતો, પરંતુ" કોઇના, આવવાથી તે વૃદ્ધ નિરાશ થઇ મારી દુકાનેથી ચાલ્યો ગયો હતો. મારા ધારવા પ્રમાણે તેજ માણસ તમો હશો.

મું૦—જી, હા, તેજ હું પોતે.

વૃ૦—વારૂ ? આપનું નામ શું ?

મું૦—મારૂં નામ મુકુંદરાય.

વૃ૦—આપ શું ધંધો કરો છો ?

મું૦—હું એક ડીટેકટીવ છું.

વૃ૦—હં—સમજ્યો, ડીટેકટીવ એટલે છુપી પોલીસનો વડો અધિકારી.

મું૦—જી, હા.

વૃ૦—તમો. આવા બાહોશ અમલદાર થઇ, બદમાસોના સકંજામાં સપડાઇ ગયા, એ જોઇ મને ઘણોજ આશ્ચર્યકારક વૃતાંત લાગે છે. પરંતુ' હોય તેમાં તમારે ખોટું લગાડવા જેવું કાંઈ નથી. ચાલો હવે હું તમારા ઘર સુધી સાથે જ છું. એટલે કોઇ પણ જાતની ધાસ્તી રાખવા જેવી નથી.

મું૦—વૃદ્ધ કાકા; હવે તસ્દી નહિ લ્યો, તો પણ ચાલશે. કારણ કે, હવે હું સંપુર્ણપણે સાવધ થયો છું.

વૃ૦—સાવધ હોવા છતાં, એકથી બે ભલા, વળી મારે પણ તેજ રસ્તે થઇને જવાનું છે.

મું૦—બહુ સારૂં, જેવી આપની ઇચ્છા. એટલું બોલી આગળ મુકુંદ, પછવાડે વૃદ્ધ મનમાં હસતો, હસતો, ચુંગીમાંથી ધુમાડા કાઢતો ચાલવા લાગ્યો. થોડીવારમાં બંને જણ અંધારી ગલીમાંથી સરીયામ રસ્તા ઉપર આવ્યા. મુકુંદ તથા વૃદ્ધ કોઇ પણ જાતની વાતચીત કર્યા વગરજ ચાલતા હતા.

એવામાં એક છોકરો દોડતો, દોડતો, આવી વૃદ્ધ સાથે અથડાઇ પડ્યો. બંને એક બીજાને અથડાવાથી જમીન ઉપર ગબડી પડયા. એટલે મુકુંદ પડવાનો અવાજ સાભળવાથી પાછું ફરીને જોયું, તો વૃદ્ધ તથા એક છોકરો જમીન ઉપર અથડાઇને પડી ગયાં હતાં. છોકરો જુવાન હોવાથી જમીન પરથી જલ્દી ઉભો થઇ વૃદ્ધનો હાથ પકડી ઉભો કરતો હતો. એટલે મુકુંદ પણ વૃદ્ધનો બીજો હાથ પકડી ઉભો કરવામા મદદ કરવા લાગ્યો. વૃદ્ધને ઉભા કરતી વખતે છોકરાએ વૃદ્ધના કાનમાં કંઇક કહ્યું, જેથી વૃદ્ધ છોકરાની વાત તરત સમજી ગયો. તે છોકરાને છુપી સંજ્ઞામાં જવાબ આપ્યો કે" જા,બચ્ચા,ભલે લાગ્યું, તું સભાળીને ચાલ્યો જા, રામજી તેરા ભલા કરે ગા,મુકુંદ, આ બંને જણની વાતનું રહસ્ય બીલકુલ સમજી શક્યો નહિ. વૃદ્ધે આ વખતે ચુંગીમાંથી વિષેશ ધુમાડાના ગોટે ગોટ કાઢવા માંડ્યા, તેનું રહસ્ય છોકરો સમજી ગયો. અને અચ્છા કાકાજી રામજી ભલા કરેગા, કહેતો, કહેતો, પોતે જે અંધારી ગલીમાથી નીકળ્યા હતા. તે ગલીમાં પેસી અદ્રષ્ય થઇ ગયો. વૃદ્ધ આ વખતે દોડી ગએલા છોકરાને તાકી તાકીને જોઇ રહ્યો હતો.

મું૦—વૃદ્ધ કાકા તે છોકરો કોણ હતો ?

વૃદ્ધ—કોણ જાણે કોઇ હશે, આપણે શું ?

મું—પરંતુ: છોકરો ઘણોજ ચાલાક જણાય છે. ?

વૃદ્ધ—હસતાં, હસતાં, હા, મુકુંદરાય, લાગે છે તો તેમ, પરંતુ જવાદો એ વાતને, કારણ કે, આપણને ટાઇમ ઘણો થઇ ગયો છે. લગભગ અગિયાર વાગવા આવ્યા છે.

મું૦—હા, ચાલો, એટલું બોલી ચાલવા માંડયું, થોડીવારમાં બંને જણ મુકુંદરાયના ઘર પાસે આવી પહોંચ્યા, મુકુંદરાય, દરવાજો ઉઘાડવા ત્રણ ટકોરા ના આઘાત કર્યા. એટલે અંદરથી જવાબ મળ્યો કે કોણ છે ? મુંકુદરાયે જવાબ આપ્યો કે " વફાદાર, સ કેતી, શબ્દ મળવાથી, મંગલાગૌરી એ દરવાજો તરત ઉઘાડી નાખ્યો, મુકુંદરાય ઘરમાં પેસતાં બોલ્યો કે, વૃદ્ધ કાકા પધારો, પરતુ, કોઇપણ જવાબ ન મળવાથી પાછું ફરી જોયું, તો પોતાની પાછળ કોઇ જણાયું નહી. એટલે વિચાર કરવા લાગ્યો કે, હમણાં મારાં ઘર સુધી વૃદ્ધ સાથે આવ્યો, છતાં એટલાવારમા કયા અદ્રષ્ય થઇ ગયો, મુંકુંદરાયે ઘણીજ તીવ્ર દ્રષ્ટિ દુર સુધી કરી પરંતું, વૃદ્ધ બીલકુલ જણાયો નહિ.

# પ્રકરણ ૧૬ મું.

## નવિન દાસી

આજે શુશીલાના ખુન થયાને. લગભગ ત્રણ મહીના વીતી જવા આવ્યા. છતાં, પોલીસ અમલદારો, હજુ સુધી, ખુન સંબધીની બાતમી મેળવી શકયા નથી. આવા તર્ક વિતર્ક કરતો. વારંવાર પોતાના હોઠોને દાંત નીચે ડબાવતો, એક તરૂણ પુરૂષ, પોતાના શણગારેલાં શુશોભિત દિવાનખાનામાં ગુસ્સાના આવેશમાં ટેલી રહયો હતો.

ત્યારે બીજી તરફ અંદરના ઓરડામાં તરૂણ પુરૂષના માતા, પીતા, વૃદ્ધા અવસ્થાને લીધે, શરીરથી પીડાતા, ઉધરસ ખાઇ રહ્યા, વારંવાર ઉધરસના અવાજથી કંટાળો ખાઇ, ઘડીઘડી બબડતો હતો કે, આ પાપ હવે ટળે તો સારૂં, તે ડોકરા, ડોકરીના જીવવાથી મારી કરેલી મહેનતો ઉપર વારંવાર પાણી ફરી વળે છે. ઠીક છે તેનો પણ રસ્તો થઇ રહેશે. એટલામાં એક વૃદ્ધા ડોસી હાથમાં ચાહનો કપ લઇ ત્યાં આવી. રમાકાન્ત શેઠને ઘણાંજ ઉંડા વિચારમાં ઉતરી ગએલો જોઇ બોલી કે,

વૃદ્ધા—શેઠ ? આ ચાહ ઠંડી પડી જવા આવી છે.

વાંચક તે બેઠેલો તથા ઘડીકમાં ટેલી રહેલો તરૂણ પુરૂષ, તેજ રમાકાન્ત શેઠ પોતેજ હતા.

વૃદ્ધાને ચાહ લઇ આવેલી જોઇ, રમાકાંન્ત બોલ્યો કે,

રમા૦—તું જા, હું ચાહ પી લઉશું. એટલે તરતજ વૃદ્ધા રમાકાંન્ત ઉપર એક તીરસ્કાર ભરી નજર ફેંકી, ચાહનો કપ ટેબલ ઉપર મુકી ત્યાંથી ચાલી ગઇ, વૃદ્ધાના જવા પછી રમાકાંન્ત શેઠે ચાહને ઘટતો ન્યાય આપી દીધો.

ત્યાર બાદ, કપડાં પહેરી ગુસ્સામાંને ગુસ્સામાં ત્વરાથી દાદર ઉતરી નીચે આવ્યો. રમાકાન્ત શેઠ બહાર જાય છે, તેવું જાણી વૃદ્ધા શાક સમારતી, સમારતી, રમાકાન્ત શેઠની પાસે આવી બોલી કે"

વૃદ્ધા—શેઠ ? અત્યારે રસોઇ શું બનાવવાની છે ?

રમા૦—રોજનેરોજ શુ પુછવું હતું ? તારી ધ્યાનમાં આવે તે બનાવજે

૦—જમવા માટે ઘર તરફ પાછા કયારે ફરશો ?

રમા૦—તે હાલ ચોક્કસ કહી શકાય નહી.

વૃ૦—ઠીક છે. પરતુ, વાસણ માજવાનું દુ:ખ મ્હારે હવે કયાં સુધી સહન કરવુ ?

રમા૦—ક્રોધમા આવી " ત્યારે શું ? હુ વાસણ માંજવા બેશું ?

વૃ૦—તે મ્હારાથી કેમ કહી શકાય ? એ આપની ઇચ્છાની વાત છે.

રમા૦—શું ? કપાળ ? ઇચ્છાની વાત છે ? તને તકલીફ પડતી હોય કોઇ પુરૂષ નહી પણ સાધારણ સ્ત્રી સોધી લે.

વૃ૦—ઠીક, શેઠ, હું કોઇ સ્ત્રી નોકરાણી શોધી લઇશ. એમ કહી વૃદ્ધા ત્યાંથી પોતાનું મુખ મરડી ચાલી ગઇ.

વૃદ્ધાના જવા પછી, રમાકાન્ત શેઠ પણ હાથમાં લાકડી લઇ, બારણું ઉઘાડી ઓટલા ઉપર ઉભો રહી, કયાં જવું તેનો વિચાર કરવા લાગ્યો. એવામાં એક સ્વરૂપવાન સાધુડી હાથમાં તબુરો લઇ રમાકાન્ત શેઠના ઘર પાસે ભજન ગાતી ઉભી રહી કે

" ધાર્યું થવાનુ શ્રીહરિનું, મુરખ તર ફુલાય,
ગાડા તળેના શ્વાનની માફક, મનમાં બહુ મલકાય.

સાધુડીને જોઇ રમાકાન્ત શેઠ બોલ્યો કે:-આવી માતેલા પાડા જેવી શરીરે ફાલી છે. તો કોઈ જગોએ નોકરી કર, કાતો કોઇનુ ઘર માંડીને રહે તો, તારી જીંદગી સુધરી જાય.

**સાધુડી**—શેઠ, મને કોઇ નોકરી રાખતુંજ નથી.

**રમા૦**—તને કોઇ નોકરી રાખતું ન હોય તો મારે ત્યાં નોકરી કર હું તને મહિને ખાઇપીને પાંચ રૂપીઆ આપીશ.

**સા૦**—જો આપ મને નોકરીમાં રાખતા હોતો, મારે ઘેર ઘેર ટુકડા માગવા શા માટે ભટકવું જોઇએ ? વારૂ પણ શેઠ મારે શું કામ કરવાનુ ?

**રમા૦**—તારે કપડા ધોવાં, વાસણ માંજવા, પથારી પાથરવી, એ ઉપરાંત ઘરનુ તમામ કામકાજ કરવુ. પરંતુ તારે મારા હુકમ સિવાય અન્યનું કામ કરવું નહિ.

**સા૦**—ત્યારે હુ આજથીજ તમારે ત્યાં નોકરી રહી જાઉં છુ.

**રમા૦**—જેવી તારી ઇચ્છા. એટલુ બોલી પોતાની રસોઇ બનાવનાર વૃદ્ધાને બૂમમારી બોલાવી, કે તરતજ વૃદ્ધા મોઢું હલાવતી હલાવતી શેઠની પાસે આવી ઉભી રહી એટલે રમાકાન્ત બોલ્યો, આ બાઇને આપણે ત્યા નોકરાણી રાખી છે, હવે તારે ઘરનાં પરચુરણ કામકાજ માટે દુઃખ વેઠવુ નહિ પડે. આવેલી સાધુ-ડી ભણી વૃદ્ધા આડકતરી નજર કરી બોલી:-ચાલ બ્હેન ઘરમાં. એમ કહી સાધુડીનો હાથ ઝાલી વૃદ્ધા ઘરમાં જઇ પોતાનાં કાર્યમા પ્રવૃત્ત થઇ ગઇ. રમાકાન્ત શેઠ પણ પોતાનાં કામકાજ માટે બહાર ચાલ્યા ગયા. રમાકાન્ત શેઠને ગયે લગભગ દસ, અગીઆર કલાક થયા હતા. લગભગ આખો દિવસ રમાકાંન્ત શેઠ ઘર તરફ પાછા ફર્યાં ન હતા.જેથી સાધુડી બોલી:-માજી, આજ આખો દિવસ વીતી ગયો છતાં શેઠ બહારથી કેમ નહિ આવ્યા હોય ? શું તેમને ભૂખ પણ નહિ લાગી હોય ? આ તેમની રસોઇ પણ ઠંડી પડી ગઇ છે.

વ૦—બ્હેન, તેને તો હંમેશની આદત છે.

સા૦—શુ ? કયમ આવાજ દિનો નિગમંત કરે છે ?

વ૦—કાયમતો શું ? પરંતુ કોઇ કોઇ સમયે આઠ દહાડા પણ વીતી જાય છે. છતાં એ વિચિત્ર ખોડીલુ પુતળું ઘર તરફ પાછું ફરતુજ નથી. પરંતુ બ્હેન તારૂ નામ શુ છે. ?

સા૦—માજી,મારૂ નામ નવિનદાસી છે. વાચક, હવે આપણી વાર્તામાં ભાગ લેનારી સાધુડીને નવિનદાસીના નામથી સબોધીશુ તો કોઇ દોષ યુકત નથી.

નવિનદાસી-હા પરંતુ માજી રમાકાંન્ત શેઠને આઠ આઠ દિવસ ભલુ ઘર છોડી બહાર રહેવું ગમે છે ?

વૃદ્ધા--નવિનદાસી, જવાદે તે પિશાચતું નામ. તેના નામમાં, કામમાં કે ખાનમાં કાંઇ બરકત નથી. હાં, પણ જોજે નવિનદાસી આ રમાકાંન્ત શેઠ વિષે તને કહેલી વાત, તે ચંડાળને મોઢે ના કહેતી ?

નવિ૦—(હસીને) ના, ના, માજી કંઇ ગાંડા થઇ ગયાં કે શું ? મારા સાગર જેવા વિશાળ પેટમાંથી વાત જવી ઘણી કઠીણ છે. હાં પરતુ માજી, કદાચ "ના કરે નારાયણ" ને વાત ભુલમાં કહી દેવાય તો શેઠ તમને શું કરે ?

વૃદ્ધા--ઓઇમાં ? શું કરે ? નવિનદાસી મુઓ મને દુનિયામાં રહેવાજ ના દે. પીટયો મધરાતે આવી મારૂ ગળું દબાવી ગુંગળાવીને મારી નાખે.

નવી૦—ત્યારે શું શેઠ ખૂની જેવા છે ?

વ્હ્રદ્ધા—અરે તેતો મુએ ખૂનીનોખૂની છે. અથવા ભયંકર ડાકુ કહી-
એ તોય ચાલે.

નવી૦—માજી, તમે શા આધારે શેઠને આવી ઉપમા આપી વગોવોછો?

વ્હ્રદ્ધા—શું કરૂં ? પેટની બળી ગામ બાળું છું તેની નોકરીમાં રહી
તો ખરી પરંતુ હવે મારાથી તેના હાથમાંથી છુટાતુ પણ નથી.
મન મારી ન છુટકે પડી રહેવું પડે છે.

નવી૦—ઓહો ? શું શેઠ એવા વિચિત્ર સ્વભાવના છે ?

વ્ર૦—તે તો તમે હવે નોકર રહ્યા છો તે જોશો અને કબુલ કરશો
કે શેઠ એક શાહુકાર નહિ પણ શાહ ચોર છે. એવામાં ઉપરથી
કોઇ ધીમા અવાજે ઉધરશ ખાતા બોલ્યું, માજી જરા પીવાનું
પાણી આપી જાવ.

નવી૦—માજી એ કોણ બોલ્યું ?

વ્ર૦—એતો શેઠના વ્રધ્ધ પિતા.

નવિ૦—ત્યારે શું તેમના માતપિતા પણ હજુ હયાત છે ?

મ૦—હા બેન, તેતો દેવનાં અવતાર જેવા છે, ફક્ત શેઠજ તેમની
માતાની કુખે કર્મ ચડાળ પાક્યો છે.

નવી૦—શું બિચારા વ્રધ્ધ માબાપની તેને દયા નહિ આવતી હોય?

વ્ર૦—બ્હેન, રાક્ષસના હૃદયમાં વળી દયા કેવી હોય ? એવામાં બીજો
અવાજ સંભળાયો કે થોડું પીવાનું પાણી આપી જાવ મારૂં
ગળું સુકાય છે. તરતજ વ્રધ્ધા ઉઠી. બ્હેન, તું આપણી પથા-
રીઓ પાથર.એટલામાં હું બાપાને પિવાનુ પાણી આપી બિછાનું

સાફ કરી, સુવાડીને આવુ છું. એમ કહી વૃધ્ધા પાણીનો લોટો ભરી શેઠના વૃધ્ધ પિતાને પાણી આપવા મેડા ઉપર ગઇ. બીજી તરફ નવિનદાસી પણ પોતાની તથા વૃધ્ધા રસોયણની પથારી પાથરવા લાગી. એવામાં વૃધ્ધા ઉપરથી નીચે આવી બોલી કેમ બ્હેન પથારી પાથરી લીધી ?

નવિ૦—હા માજી, હવે નિરાંતે નિદ્રા કરો વૃધ્ધાની આંખમાં ઉંઘ ભરાવા આવી હતી એટલે નવિનદાસી સાથે વાર્તાલાપ કરતાં પથારીમાં લોટી ગઇ, થોડીવારમાં તો કુંભકરણની માફક ઘસડ ઘસડ નસકોરાં બોલાવતી ઘોર નિદ્રાધીન થઇ ગઇ.

# પ્રકરણ ૧૭ મું

## ચંડાળ ચોકડી.

અત્યારે રમાકાન્ત શેઠના આખા ઘરમાં શાંતતા છવાઇ ગઇ હતી. ફક્ત થોડા થોડા વખતને અંતરે રમાકાન્ત શેઠના માતા પિતાનો, ઉધરસ ખાવાનો મંદ અવાજ શાંતતાનો ભંગ કરી રહ્યો હતો. બીજી તરફ વૃદ્ધા ઘસઘસાટ નિદ્રામાં પડી હતી, ફક્ત આજેજ રહેલી નવિન દાસી જાગ્રત રહી, ઘણાજ ઉંડા વિચારમાં ઉતરી ગઇ હતી. એવામાં ઘડીઆળની અંદર એકનો ટકોરો થયો, તે જોઇ નવિન દાસી વિચારમાંથી જાગ્રત થઇ અને બબડી કે અરરર આજે શેઠનું બિછાનું સાફ કરવાનું હું વિસરીજ ગઇ. માટે લાવ શેઠ હજુ સુધી આવ્યા નથી એટલી વારમાં તેમનુ બિછાનું સાફ કરી પછીથી થોડાક વખત આરામ લઇ લઉં. એટલુ બોલી, બિછાનું સાફ કરવાના હેતુથી નવિન દાસી રમાકાન્ત શેઠના દિવાનખાનામા આવી બિછાનું સાફ કરવા લાગી. ત્યારબાદ પોતાની તીવ્રદ્રષ્ટિ ચારે બાજુ ફેકી આરામ નિમિત્તે પાછી ફરી. હજુ દાદર સુધી પહોંચી નથી એટલામાં દરવાજો ઉઘડવાનો અવાજ સંભળાયો. નવિનદાસી ચમકી, બારીમાંથી નિચે નજર ફેંકી તો રમાકાન્ત શેઠ પોતાના જેવાજ ચાર સોબતીઓ સાથે ઉપર આવે છે. એટલે નવિન દાસી આગળ ન વધતાં દિવાનખાનાની બાજુમાં સદાને માટે બંધ રહેલા ઓરડામાં છુપાઇ ગઇ.

આવનાર વકતીઓ કોણ હશે ? તે નીહાળવા દરવાજાની ફાડમાં ચક્ષુઓને સ્થીર કરી નવીન દાસી જોઇ રહી, થોડીવારમાં બધી

વકતીઓ મેડા ઉગાર આવી ગઇ, પ્રથમ દીવાન ખાનામાં રમાકાન્ત શેઠે પ્રવેશ કર્યો, તેમના પછી એક યુરોપીયન ઠાઠથી સજ થયેલી વકતીએ પ્રવેશ કર્યો, ત્યારબાદ ભયંકર વેશ ધારણી, બે વકતીઓએ પ્રવેશ કર્યો, જે દ્રસ્ય જોઇ પ્રથમથી છુપાઇ રહેલી નવીન દાસી ના મુખમાથી "આહકારો" નીકળી પડયો. કે આ પીસાચ મુર્તીઓ અહિં ક્યાંથી ? તેને તથા રમાકાન્ત શેઠને શુ સંબંધ હશે ? ઠીક છે તે રહસ્ય પણ હવડેજ જણાશે. થોડીવાર સુધી ચારે વકતીઓમાં શાન્તી ફેલાઈ રહી, પરતુ શાંન્તીનો પ્રભાવ ન ગમવાથી રમાકાન્ત શેઠ એકદમ ઉભા થઇ કબાટમાંથી એકરદ્રા નબર વન છાપની દારૂની બે બાટલી ત્થા ગલાસ કાઢી ટેબલ પર મુકયા ત્થા બજારમાંથી નાસ્તા માટે લાવેલું, પકાવેલુ ગોસ, ત્થા ઈંડાની ફ્રાઇ વીગેરે ઘણા ઇગ્લીસ પદાર્થો ટેબલ પર મુકયા, ત્યારબાદ બાટલીના બુચ ઉઘાડી ગલાસો ભરી વારા ફરતી તાગ સમ મારા સમ કરતા જાત જોતામાં દારૂના બે બાટલા આવેલી વકતીઓએ ખાલી કરી નાખ્યા. બાદ ઇગ્લીસ ખાણા ને સર્વ જણે ભાગે પડતો ઇન્સાફ પણ આપ્યો. આ બધુ વીચીત્ર દ્રસ્ય જોઇ નવીન દાસી વીચાર કરવા લાગી ? કે અરે ભગવાન વણીક જ્ઞાતી થઇને, ચરમાટીનો ખોરાક ? દુધની જગાએ મદીરા પાન ? હશે, હવે જોવા દે કે આ ચડાળ ચોકડીએ શા ઇરાદેથી અત્રે મેળાવડો ભરેલા છે. ?

એવામાં એક વ્યકિત બોલી કે,

વ્યકિત ૧—રમાકાંત શેઠ ? જો તમે મારી મદદમાં ન જોડાયા હોત તો અત્યાર સુધી મારી કરેલી મહેનત પર કયારનું એ પાણી ફરી વળ્યું હોત.

રમા૦—એમાં શું ? પોતાના જીગર જાન દોસ્તને તન, મન, ધનથી મદદ કરવી. એજ દોસ્તની મુખ્ય ફરજ છે.

વ્યક્તિ-૧—હાં. પરંતું, શેઠ, તે દિવસે પેલા પોલીસ કુતરાએ તમને ફટકો માર્યો હતો. અને તમે બેહોશ થઇ જમીન ઉપર ગબડી પડયા હતા, પરંતું, તે તમારા કૃતિમ વેશને કળી ગયો હતો કે, કેમ ?

રમા—બીલકુલ નહિ, તે બેવકુફ, મારા કૃતિમ વેશને શું કળી શકવાનો હતો.

વ્યક્તિ ૧—તોપણ તે ડીટેકટીવ નરેન્દ્ર ઘણોજ, બાહોશ, ચાલાક, ધૈર્યશીલ તથા બળવાન છે. તેને સાધારણ કહી વિસરી ના, જતા, નહિતો કોઇ દિવસ નાહકના માર્યા જશો.

રમા૦—હા, હવે તે વિષયને એટલેથીજ અટકાવો નરેન્દ્ર માટે શું ઘાટ ઘડયો છે ? તે પ્રથમ જણાવો.

વ્યક્તિ-૧—જી તમને અનુકુળ લાગશે, તેવી રીતે તેનો હું ઘાટ ઉતારી આપીશ, કહો તમારી શી ઇચ્છા છે ?

રમા૦—ઇચ્છા, નરેન્દ્ર ને ગમે તે યુક્તિ પ્રયુક્તિ કરી જાનથી મારી નાખો, પછી મુકુંદ ને હું જોઇ લઇશ.

વ્યક્તિ ૧—નરેન્દ્રને જાનથી મારી નાખવો, એ કાંઇ છોકરાંની રમત નથી.

રમા૦—જો તમે નરેન્દ્ર ને મારવાનું સાહસ કરો, તો હું મુંકુંદને જડ મુળમાંથી ઉખાડી નાખું. તોજ મારાથી મુંકુંદની સ્ત્રી મંગલાગૌરીથી મોજ મજા આ દુનિયામાં માણી શકાય. મંગલાગૌરી નો શબ્દ સાંભળી નવીન દાસી વિચાર કરવા લાગી

કે, મંગલાગૌરી પ્રત્યે રમાકાન્તની દાનત બગડી હોય તેમ સ્પષ્ટ જણાય છે, માટે આજે તે લોકોને સાવચે રહેવાની સુચના આપવી પડશે, નહિ તો પાપીઓ કંઇક અનિષ્ટ કરી બેસશે. એમ વિચાર કરી વળી પાછી તેઓ ચંડાળ ચોકડીની આગળ ચાલતી વાત સાંભળવા લાગી.

વ્યક્તિ ૧—શેઠજી, આપ બે ફીકર રહો, હું સોગન પુર્વક કહું છું કે, પરમ દિવસે ડીટેકટીવ નરેન્દ્ર આ દુનિયામાં નથી. એમ ચોક્કસ માનજો, નરેન્દ્ર દુનિઆમાં નથી, એ સાંભળી નવીન દાસી બબડી કે, પાપીઓ નરેન્દ્રરાયનું ખુન કરવાના નિશ્ચય ઉપર આવી ગયા છે. પરંતુ, તે શૈતાનો ને કયાં ખબર છે, કે, તમારા જેવા હજાર ખૂની આવે, તો પણ નરેન્દ્રની સામે બાથ ભીડવી એ મોત સાથે બાથ ભીડવી બરાબર છે. ઠીક છે, તેપણ સમયે જોઇ લેવાશે.

રમાક—શાબાશ, જો દોસ્ત હોતો, દુનિઆમાં આવા જીગર જાનજ દોસ્ત હોજો, જે ખરે વખતે પોતાનું માથું આપવાને પણ ચુકતા નથી, દોસ્ત તું પણ યાદ રાખજે કે, મુંકુદરાય પણ હવે થોડા દિવસનો મહેમાન છે, પછી મંગલા ગૌરી સાથે એશ-આરામમાંજ દિવસો વિતાવીશ.

વ્યક્તિ ૧—પરંતું, શેઠ, એવા જોખમ ભરેલા સાહસીક કાર્ય માટે રૂપીયા એક હજાર રોકડા જોઇશે, કારણકે, મારી મહેનત હું પછીથી લઇશ, પરંતું મને મદદ કરનારા મારા માણસોને તો આપવા પડશે.

રમાકાન્ત—તેમાં શું ? જે મંગલાગૌરી માટે જોખમ ભરેલા સાહસો ઉઠાવતા આવ્યા છીયે ? જેને માટે મે મારૂં આખું ઘર પાયમાલ કર્યું છે ! તે સુંદરી માટે ભલે ને લાખ્ખો રૂપીયાનો ખર્ચ થાય, તેને માટે પૈસામાં હું કદીપણ પાછી પાની કરનાર નથી, એમ કહી ખીસામાંથી નોટોનુ બંડલ કાઢી, પચાસ, પચાસની વીસ નોટો ગણીને આપતાં બોલ્યો કે, આવતી કાલે ચાર માણસ મારી મદદે મોકલી આપશો, ઘણીજ ખુશીથી મોકલી આપીશ, એટલુ બોલી રૂપીયા લઇ ચારે વ્યક્તિઓ ઉભી થઇ, રમાકાન્ત શેઠ, તેઓને વિદાય કરવા દરવાજા સુધી વળાવા ગયા, એ અરસા, નો લાભ લઇ, પ્રથમથી બદમાસોની હીલચાલ જોવા છુપાઇ રહેલી નવીન દાસી દોડતી નીચે આવી. પોતાની પથારીમાં ઉંઘવાનો ડોળ કરી નાસકોરા ઘસઘસાટ બોલાવતી સૂઇ ગઇ, ત્યાર પછી રમાકાન્ત શેઠ દરવાજો બંધ કરી, લથડીયાં ખાતાં, ખાતા, ઉપર પોતાના દિવાન ખાનામાં આવ્યા, આવતી કાલે મંગળા ગૌરીને મેળવવાના ઉમંગમાં તથા તેની સાથે મોજ મજા માણવાના મહાન વિચારો કરતા, કરતા, પલંગ પર પડતાંની સાથે, સ્વપ્નામાં મંગલાગૌરી સાથે વાતો કરવા લાગ્યા.

# પ્રકરણ ૧૮ મું.

## ભેદી પત્રનો ભેદ યાને વિચીત્ર ઘટના.

ડીટેક્ટીવ નરેન્દ્રરાય, હમણાં આવું છું, કહી ગયા ને આજે બીજો દિવસ થવા આવ્યો, પરંતું, તેમના તરફની બીલકુલ બાતમી હજુ સુધી મળી નહી. વધારામાં, અંધારી ગલીમાં મને સ્હાયતા આપનાર પેલો વૃદ્ધ પણ ફરીથી મારા જોવામાં આવ્યો નહિ. કદાચ નરેન્દ્રરાયનું જો આગમન થાય, તો આ ભેદી પત્રનો ભેદ પણ ઉકેલાય. આવા અનેક તરંગોમાં ડોલતો ડીટેક્ટીવ મુંકુંદ, નરેન્દ્રના આવવાની ઉત્સુક્તાથી રાહ જોઇ રહ્યો હતો એવામાં દરવાજા ઉપર કોઇએ ધીમો આઘાત કર્યો. મુંકુદ પોતાની બેઠક છોડી, દરવાજા પાસે દરવાજો ઉઘાડયો, તો ડીટેકટીવ નરેન્દ્ર ને હસ્તે મુખે ઉભેલો જોયો.

**ન૦**—કેમ ! મુકુંદરાય ? અત્યારે કયા કાર્યમાં મગ્ન થઇ રહ્યા છો ?

**મું૦**—નરેન્દ્રરાય, તમે શહેરમાં વસો છો ? કે, શહેરની બહાર.

**ન૦**—મુંકુંદરાય, એવી શું ! મુંજવણ તમને પડી છે ! જેથી આવો વિચીત્ર પ્રશ્ન પુછો છો ?

**મુ૦**—પેલા, ભેદી પત્રનો ભેદ હજુ સુધી સમજી શકાતો નથી.

**ન૦**—શું હજુ સુધી તેમાંનું ગુપ્ત રહસ્ય બીલકુલ સમજી શકયા નથી ?

**મુ૦**—કાગળમાંનું કોઇ પણ જાતનું લખાણુ નજરે પડતું નથી, તો વાંચી કેવી રીતે શકું ?

ન૦—ઠીક, ત્યારે, તે કાગળ મારી પાસે લાવો, એટલે તેનો શું ભેદ છે ? તે બતાવું, કહી, નરેન્દ્રરાયે, મુકુંદરાયના હાથમાંથી ભેદી કાગળ લઇ લીધો, પોતાના ગજવામાંથી એક ન્હાની શીશી બહાર કાઢી, શીશીમાંની દવા આંગળી ઉપર લઇ, ભેદી કાગળ ઉપર ચોપડવા લાગ્યો. જેમ, જેમ, ચોપડતો ગયો, તેમ, તેમ, અક્ષરો દેખાતા ગયા, થોડીવારમાં તો તદ્દન લખાણ વગરનો કોરો જણાતો કાગળ કાળા અક્ષરોથી ભરાઇ ગયો. એટલે મુકુંદરાય, નરેન્દ્રની અદ્ભુત બાહોશી, તથા કાર્ય દક્ષતા જોઇ, ઘણાજ હર્ષ ના આવેશમાં આવી બોલી ઉઠયો કે:-બસ, શાબાશ, નરેન્દ્રરાય ? ભેદી પત્રનો ભેદ હવે સ્પષ્ટ જણાયો.

મું૦—પરંતુ, નરેન્દ્રરાય, મારે એટલું તો કહેવું પડશે કે, તમો એક અદભુત ડીટેકટીવ છો, કારણકે, દરેક વિષ્યામાં, બુધ્ધિમાં તથા કાર્ય દક્ષતામાં અત્યંત પ્રવીણ છો.

ન૦—મુકુંદરાય ? હવે આ પત્ર વાંચો, જેથી તમોને સમજાય કે, કેવી વિચીત્ર ઘટનાનો આ પત્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એમ કહી મુકુંદરાયને પત્ર વાંચવા માટે આપ્યો. મુકુંદરાયે, પત્ર હાથમાં લઇ મંદ ગતીએ વાંચવા માંડયો.

## ભેદી પત્ર

તા. ૨૧-૫-૨૧

જીગર જાન સાથી.

જત તમોને લખી આપું છું. કે, મારૂં કાર્ય નિર્વિઘ્ને સંપુર્ણ કરી આપશો તો, હું તમોને રૂપીયા પાંચ હજાર તમારી મહેનતના

બદલામાં જરૂર આપીશ. તેની સાથે મંગળાગૌરીને મેળવવામાં જે ખર્ચ લાગશે, તે પણ હું ખુશીથી આપી શકીશ, આ કાગળ કદાચ કોઇ ના હાથમાં જાય, તેથીજ ગુપ્ત શાહીનો ઉપયોગ કરેલો છે. બનતાં સુધી આ પત્ર કોઇપણ વ્યક્તિ ના હાથમાં ન જાય, તેની યોગ્ય વ્યવસ્થા કરશો. કારણકે, આ પત્રમાં આપણું મોત સમાયેલું છે. માટે, આ કાગળનો ભેદ, મારા, તમારા સિવાય કોઇપણ અદનો માણસ જાણી શકે નહિ, એ પ્રમાણે સહી સલામત જગાએ છુપાવી દેજો, આ કાર્ય ઘણીજ સંભાળ પુર્વક કરજો, જે વસ્તુ ને ઠેકાણે પાડવાની છે, તેમાંની એક પણ નિશાની પોલીસના હાથમાં જવા ન પામે, નહી તો, તમારે ને મારે માટે ભવિષ્યમાં ફાસીનો માંચડો તૈયાર છે. આ કાર્ય પતાવી મંગળાગૌરીની કોશીશ કરજો, હાલમાં ખર્ચ માટે, થોડાક રૂપીયા મોકલાવું છુ. બાકી કાર્ય પુર્ણથએ સંતોષ કરીશ લી. તમારો શુભેચ્છક-રતથોસ.

પત્ર વાંચી રહયા. પછી મુંકુંદરાય બોલ્યો કેઃ—આ વિચિત્ર ભાષામાં લખેલા સહી—દસ્કત કોના છે ? તે સમજી શકાતાં નથી.

ન૦—એ ભાષા બદમાસોએ પોતાના સંકેતીક શબ્દોની બનાવેલી છે. પરંતું, ભેદી પત્રના ભેદને તો. તમે સારી પેઠે સમજી શકયા હશો ?

મું૦—ઘણીજ સરલતાથી, ફકત સહી દસ્કત સિવાય.

ન૦—તે વિચિત્ર શબ્દોની મેં શોધ કરેલી છે. તેની સાથે સહી કરનાર ઉપર છુપી દેખરેખ રાખવા સારૂ મે એક વિશ્વાસુ, બાહોશ માણસને ભલામણ પણ કરેલી છે.

મુ૦—તે માણુસ કોણ છે ?

નરેન્દ્રે, મુંકુંદ ના કાન પાસે જઇ કાંઇક કહયું, જેથી મુંકુંદ આશ્ચર્ય થતાં બોલી ઉઠયો કે, શું ? કહો છો ? નરેન્દ્રરાય.

ન૦—મુકુંદરાય, મારી તર્ક શકિતના અનુભવ પ્રમાણે તો હું સત્યજ કહું છું. તે છતાં આગળ ઉપર જણાશે કે, શું, સત્ય છે.

મું૦—તમારો કયાસ ઘણુ કરીને ખોટો નજ પડે, છતાં તમે તે વ્યક્તિ માટે પુરતો બંદોબસ્ત કર્યો છે ને ?

ન૦—તેના બંદોબસ્ત માટે મેં, ઘણોજ મજબુત, તેમ ચાલાક માણુસ નિમી દીધો છે. એવામાં દરવાજો ઉઘડયો, એક છોકરો દોડતો દોડતો, જયાં નરેન્દ્ર તથા મુંકુદ બેઠા હતા ત્યાં આવી બોલ્યોકેઃ-સાહેબો ? પાણી ના રેલાની માફક દોડતો આવ્યો છું. અને પાણી ના રેલાની માફક પાછો દોડતો જાઉં છું. તમે પણ મારી વર્તણુક શીખો, અચ્છા રામજી ભલા કરેગા કહી જેવો આવ્યો હતો તેવોજ પાછો ઘરની બહાર નીકળી ગયો. નરેન્દ્ર ઉભા થઇ દરવાજા આગળ જોયુ તો, છોકરો ન જણાયો. છોકરાની આવી વિચિત્ર વર્તણુક જોઇ મુંકુંદરાય બોલ્યોઃ—

મું૦—કે, નરેન્દ્રરાય, આ છોકરાએ દોડતા આવી, દિવાનાની માફક બડબડાટ કરી, ત્વરાથી કેમ ચાલ્યો ગયો ? આ કેવી વિચિત્ર ઘટના બનવા પામી, તેનો ભેદ હુ સમજી શકયો નહિ.

ન૦—મુંકુંદરાય, તે છોકરાએ આપણુને દુશ્મનોથી સાવધ થવાની છુપી સંજ્ઞા કરી.

મુ૦—શું ? સંજ્ઞા કરી ? "આતુરતાથી પુછ્યું"

ન૦—આજ રાત્રે, બદમાસો અત્રે આવવાના છે, તેથી તમો બન્ને ડીટેકટીવો સાવધ રહેજો, નહીતો ઘટના વિચિત્ર થશે.

મુંo—(જાણવાની જીજ્ઞાસાએ પુછ્યું, બદમાસોને મારે ત્યાં આવવાનું કારણ.

નo—ગભરાવાની જરૂર નથી. ફક્ત મારી ભાભી મંગલાગૌરીનું હરણ કરવા માટેજ બદમાસો અત્રે આવવાના છે.

મુંo—શું ? બદમાસોએ છેવટે મારા ઘર ઉપર પણ તરાપ મારવાની હામ બીડી છે. ?

નo—તેવી વિચિત્ર ઘટના બનવાનો પણ સંભવ રહે છે. માટે આજ રાત્રે સાવચેતી રાખી સાવધ રહેજો, નહીતો, બદમાસો પોતાના કાર્યમાં ફાવી જશે.

એવામાં બહારના રસ્તા ઉપરથી કોઇની બુમ સંભળાઇ કે, રામજી ભલા કરેગા, માટે પાણી ના રેલાની માફક દોડો, કાનને ભેદી નાખે તેવી બુમ સાંભળી બને ડીટેક્ટીવો સાવધ થયા, નરેન્દ્ર તરતજ ઉભો થઇ ગયો, અને બોલ્યોઃ-કે, મુંકુંદરાય હું દુશ્મનોની હીલચાલ જોવા જાઉં છું. તમે બહુંજ સભાળ પુર્વક આજની રાત્રી વ્યતિત કરજો દુશ્મનોની ચાલાકી ના ફંદામાં ફસાઇ જાઓ નહિ, તેની કાળજી પુર્વક સંભાળ રાખજો એવી મુંકુંદરાયને ચેતવણી આપી નરેન્દ દરવાજો ઉઘાડી ઘરની બહાર નીકળી ગયો, નરેન્દ્રના જવાં પછી મુંકુંદરાય પણ દરવાજો બંધ કરી સાવધ થયા.

# પ્રકરણ ૧૯ મું.

## મંગલાનું હરણ

લગભગ રાત્રીના બાર વાગ્યાનો અમલ થયો હતો સર્વ સ્થળે શાંન્તીનું સામરાજ્ય છવાઇ રહ્યું હતું, આવી મધરાત્રીએ પ્રાણી માત્ર આરામથી નિંદ્રા કરી રહ્યાં હતાં, ત્યારે આપણા ડીટેક્ટીવ મુકું-દની તિવ્રદ્રષ્ટિ સાવધ પણે સુતાં સુતાં ચારે બાજુનું અવલોકન કરી રહી હતી. બીજી તરફના પલંગ ઉપર મુકુંદરાયની સ્ત્રી મંગલા ગૌરી ભર નિંદ્રામાં સુતી હતી. તે બિચારીને શું ખબર ? કે આજની રાત્રી પોતાને માટે કેવી ભયંકર છે મુકુંદરાયને આજ ના ભયંકર મામલા વિષે કાંઇપણ સમજ પડી નહી એવામાં ઘડીયાલની અંદર એક નો ટકોરો સંભળાયો, તેની સાથે બહાર ના રસ્તા ઉપરથી એક કારમી બુમ સંભળાઇ કે, મુકુંદરાય, હાથમાં રીવોલ્વર લઇ જલ્દીથી આવો, મારો જીવ જોખમમાં છે, આવી કારમી બુમ સાંભળી મુકુંદ ચોંક્યો, થોડીવાર માટે ઉંડા વિચારમાં પડ્યો, વિચારમાંથી જાગ્રત થઇ બ-બડ્યો કે, આવી કારમી બુમ કોની હશે ? મારૂ રદય સાક્ષી પુરે છે, કે, આ અવાજ નરેન્દ્રરાયના અવાજને બરાબર મળતો આવે છે; પરંતું; નરેન્દ્રરાય જેવા બાહોશ ડીટેક્ટીવ, બદમાસોના સકંજામાં સપડાય, એ આશ્ચર્યની વાત છે ? ત્યારે શું ? બુમ નરેન્દ્રની હશે ? કે, બદમાસોની ચાલાકી હશે, કાંઇપણ સમજ પડતી નથી. મુકુંદ-રાયના હૃદયમાં આ વખતના ભયંકર મામલાએ અનહદ તોફાન મચાવી મુક્યું હતું

મુંકુંદરાય, કંટાળી હાથમાં પીસ્તોલ લઇ બિછાનામાંથી એકદમ ઉભો થઇ ગયો. હજુ પોતે ચોકસ વિચાર પર ન આવવાથી ઘરમાં આમ તેમ ટેલી રહયો હતો. થોડીવારમાં તો પાછી બીજી એક કારમી બુમ સંભળાઇ કે, મુંકુંદરાય, નિરસાહ્ય થઇ ઘરમાં કેમ ભરાઇ રહયા છો ? આદુષ્ટો મને બંધન કરી ઉપાડી લઇ જાય છે માટે જો મારો જાન બચાવવા માંગતા હોય, તો ત્વરાથી આવો નહીતો બાજી બગડી જશે. તમારા મગજમાંની શંકા દુર કરજો, તમને મદદ માટે બોલાવનાર હું નરેન્દ્રરાય પોતેજ છું. માટે હવે વિલંબ કરવો ઉચત નથી. ડીટેક્ટીવ નરેન્દ્રની બુમ સાંભળી, કોઇપણ જાતનો વિચાર કર્યા વગર મુંકુંદરાય સાહસ કરવા તૈયાર થઇ ગયો. નરેન્દ્રરાય આ સમયે ભયમાં છે, માટે મારે તેમની મદદે જવું એ મારી મુખ્ય ફરજછે. નહી તો કદાચ દુશ્મનો તેમની ઘાત, કરતાં, જરા પણ વિલંબ લગાડશે નહિ. આવો પોતાના મન સાથે દ્રઢ નિશ્ચય કરી, હાથમાં રીવોલ્વર લઇ, મુંકુંદરાય દરવાજો ઉઘાડી બહાર નીકળી ચારે તરફ દ્રષ્ટિ કરી તો, શ્યામ વસ્ત્રોથી સજીત ચાર વ્યક્તિઓ, એક વ્યકિતને દોરડાંથી મજબુત બંધન કરી, સ્કંધ ઉપર ઉપાડી ઉતાવળી ગતિએ દોડી રહયા હતા તે દ્રષ્ય જોઇ મુંકુંદરાય, પોતાના ભવિષ્યનો કે, પોતાની સ્ત્રી મંગલાગૌરીનો, કોઇપણ જાતનો વિચાર કર્યા વગર, હાથમાં રીવોલ્વર મજબુત પકડી, જે વ્યકિત ને બંધન કરી ઉપાડી લઇ જતી, શ્યામ વસ્ત્રોથી સજીત ચાર વ્યકિતઓની પાછળ દોડયો. વહાલા વાંચકઃ મુંકુંદરાયને તે જતી વ્યકિતઓની પાછળ જવા દઇ, આપણે મુંકુદ રાયના ઘરમાં થતું અદભુત દ્રષ્ય જોવા પાછા ફરી શું. અત્યારના વખતે રાત્રી દેવીએ કાળ સમાન ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું હતું તેણી નીતિનો પક્ષ છોડી અનીતિના પક્ષને સ્હાયતા આપી રહી હતી. મું-

કુંદરાય જેવો ઘરમાંથી બહાર પડયો કે, તરતજ ચાર ભયંકર વ્યક્તિઓએ મુંકુંદરાય ના ખુલ્લા રહી ગએલા દ્વારમાં પ્રવેશ કર્યો. નાહકનો ટાઇમ ન ગુમાવતાં, એક વ્યક્તિએ ક્લોરોફોર્મ વાળો રૂમાલ મંગળાગૌરી ના નાક ઉપર દબાવી દીધો, એટલે મંગળા ગૌરી, ચૈતન્યમાંથી જડવત બની ગઇ, ચાર વ્યક્તિઓમાંથી એક વ્યક્તિ મહહાસ્ય કરતી બોલી કે " મારા બહાદુરો આ સુંદરીને ઉપાડી નદીઉપર આવેલા, માછી મારના ઓળખાતા ઝુપડામાં લઇ ચાલો. " તરતજ ત્રણ વ્યક્તિઆગળ આવી બેહોશ થયેલી મંગળા-ગૌરીને સ્કંધ ઉપર ઉપાડી, ચારે વ્યક્તિઓ ઘરની બહાર નીકળી નદી તરફ ઉતાવળી ગતીએ ચાલવા લાગી. અલ્પ સમયમાં, મંગળા ગૌરીનું હરણ કરનારી ચાર બદમાસ વ્યક્તિઓ, કેટલાક આડા અવળા રસ્તા-ઓ વટાવી, હુગલી નદીના તટ ઉપર આવી પહોંચી પ્રથમના સંકેત મુજબ ચારે વ્યક્તિઓએ નદી ઉપર આવેલા માછીમારના ઝુપડામાં પ્રવેશ કર્યો. એટલે ચારમાંથી એક વ્યક્તિ બોલીકે.–બહાદુરો, આજે આપણે આપણા કામમાં ફાવ્યા છીએ. હવે દુસ્મનો ઝખ મારે છે, માટે સુંદરીને આ પડેલા ખાટલા ઉપર સુવાડો, પછી તમે તમારા બીજા નવિન કાર્યમા પ્રવૃત્ત થઇ જાવ, તરતજ મંગળાગૌરીને સ્કંધ ઉપરથી ઉતારી, ખાટલામાં ઘણીજ સંભાળ પુર્વક સુવાડી બાદ ત્રણે વ્યક્તિઓ માથુ નમાવી, ઝુંપડામાંથી બહાર નીકળી અન્ય અન્ય સ્થળે વીખરાઇ ગઇ. ત્રણે વ્યક્તિના જવા પછી, મંગળાગૌરી પાસે હાજર રહેલી ભયંકર વ્યક્તિ, સુંદરી ના ચ્હેરા તરફ જોઇ ખડ ખડાટ હસી પડી. એવામાં બહારથી ગેબી અવાજ આવ્યો કે, નરપિશાચ, વધારે હસીસ નહિતો રડવું પડશે. બલ્કે તારે માટે, " હવે થોડા દિવસની વાર છે. " આવી મધ્ય રાત્રી ના સમયે, મારા રાજ્યમાં

મારી સત્તાનું અપમાન કરનાર કર્મચંડાળ કોણ હશે ? એમ ધારી, બહાર આવી ઝુંપડાંની ચારે તરફ ઘણે દુર સુધી નજર ફેંકી પરંતુ ત્યાં કોઇ જણાયુ નહિ. એટલે આવા નિર્જન સ્થાનમાં, કોઇ ભુત પ્રેત હશે, એમ ધારી હસતો, હસતો, પાછો પોતાના ઝુપડાંમાં આવ્યો બાદ એક ગોખલામાંથી દારૂની બોટલ કાઢી, આખી ગટગટાવી ગયો, પછી ધીમે રહી, ભોંયરાનું પાટીયું ઉઘાડી મંગળાગૌરીને સ્કંધે ઉપાડી તે બદમાસ વ્યક્તિ, અંદર ઉતરી ગઇ.

# પ્રકરણ ૨૦ મું

## ગુપ્ત ભોંયરૂં.

યાને.

## અણધારી આફત.

વ્હાલા વાંચક, તે વ્યક્તિને તથા મંગળા ગોરીને, થોડા સમય માટે, ત્યાંજ રહેવા દઇ આપણે મુકુન્દરાયની મદદે જઇશું તો કાંઇ હરકત જેવુ નથી. મુકુંદરાય ચાર સ્યામવસ્ત્રથી સજ્જત થયેલી, ભયંકર વ્યક્તિઓની પાછળ એકી શ્વાસે દોડયો જતો હતો, લગભગ ઘણે દુર નીકળી ગયા પછી ચારે વ્યક્તિઓ આગળ ન ચાલતાં ત્યાંજ અટકી ગઇ. એટલામાં મુકુંદરાય પણ ક્રોધના આવેશમાં દોડતો દોડતો ત્યાં આવી પહોંચ્યો. પછી તે ભયંકર વ્યક્તિને ઉદ્દેશી બોલ્યોકે:-બદમાસો આ બંધન કરેલી વ્યક્તિને બંધન રહિત કરો, નહિતો આ પીસ્તોલની ગોળીથી સર્વને ઠાર કરીશ. મુકુંદરાયનું ગુસ્સા ભર્યું. બોલવું સાંભળી ચારે વ્યક્તિઓ ખડખડાટ હસી પડી, બદમાસ વ્યક્તિઓ પોતાની મશ્કરી કરે છે, એમ ધારી મુકુંદરાય ક્રોધથી ગર્જના કરી, બોલ્યોકે, સેતાનો, મારી મશ્કરી કરો છો ? તો જુઓ કે તેનું ફળ કેવું મળે છે. એમ કહી રીવોલ્વરનો ઘોડો દબાવ્યો, તેની સાથેજ સણણણ કરતી ગોળી છુટી એક બદમાસ વ્યક્તિ ના ભેજામાં આબાદ લાગી, તે બદમાસ વ્યક્તિઓ બાપરે કરેતી ધરણી પર ઢળી પડી. અને તેનો અમરાત્મા તેના કરેલાં કૃત્યનો જવાબ આપવા ન્યાયી પ્રભુ ના દરબારમાં પહોંચી ગયો. એટલે બીજી વ્યક્તિઓ પોતાનો જીવ બ-

ચાવના ત્યાંથી ન્હાસી થોડે દુર જઇ ઉભી રહી, એટલે મુંકુંદ બંધન થયેલી વ્યક્તિ પાસે આવી; છરી વતે તેના બંધન કાપી નાખ્યાં, અને બોલ્યોકે, નરેન્દ્રરાય, એટલે બંધન થયેલી

વ્યક્તિ પણ મુકુંદરાયની મુર્ખતા જોઇ ખડખડાત હસી પડી એટલે મુકુંદ ગભરાયો કે, આ નરેન્દ્રરાય નહિ, પરંતુ કોઇ ભયંકર વેશધારી બદમાસ છે, તેઓએ આજે મને બેવકુફ બનાવી છેતર્યો એવામા પછવાડેથી દુર ઉભી રહેલી વ્યક્તિઓ દોડતી આવી મુકુંદરાયને મજબુત પકડી લીધો મુકુંદરાયને બંધન કરી ચારે વ્યક્તિઓ આગળ ચાલવા લાગી. એવામાં કોઇ ભયંકર અવાજે બોલ્યું કે ખબરદાર, શેતાનો ત્યાંજ અટકજો, આગળ એક પણ પગલું ભર્યું છે તો જાનથી માર્યા જશો. આવો ગેમી અવાજ સાંભળી ચારે વ્યક્તિઓ ભયભીત થઇ ચારે તરફ જોવા લાગી. પરંતુ કોઇ પણ ન જણાયાથી હિમત રાખી, ચાર વ્યક્તિમાંથી, એક વ્યક્તિ બોલી, કે, તું કોણ મુંઓ છે ? અમારા કાર્યમાં આડે આવનાર એટલે સામેથી જવાબ મળ્યો કે તે જાણવાની તારામાં શકિત નથી. છતાં પણ જો કે હું કોણ છું એટલું બોલી એક શ્યામ વસ્ત્ર ધારી પ્રચંડ વ્યકિત બદમાસો આગળ આવી ઉભી રહી. પોતાના હાથમાંની રીવોલ્વર બતાવી બોલી કે, પાપીઓ, આ બંધન થયેલી વ્યક્તિને ત્વરાથી છુટી કરો, નહિતો આ રીવોલ્વરનો ઘોડો દબાવ્યો તેટલીજ વાર છે. અમો ભયંકર વ્યક્તિઓ છીએ, તે તું જાણે છે ? એક વ્યક્તિ આગળ આવી બોલી. હા, હા, હુ જાણુંછું કે તમો સર્વે ભયંકર વ્યક્તિ ઓછો.પરંતુ આ પ્રચંડ વ્યકિત પાસે તમારૂં કાંઇપણ ચાલશે નહિ, તે પ્રચંડ વ્યક્તિ ક્રોધ પુર્વક બોલી નાદાન, જો તું તારી સલામતી ચાહતો હોય તો આ સમયે તું ચાલ્યો જા નહિ તો જાનથી બે જાન થઇશ,

ભયંકર વ્યકિત બોલી એમ છે તો લે, એમ કહી આવનાર પ્રચંડ વ્યકિતએ રીવોલ્વરનો ઘોડો દબાવ્યો, તેમાંથી એક પછી એક ગોળીઓ છોડવા માંડી. જોત જોતામાં તો ત્રણે વ્યકિતઓ નર્ક સભામાં પહોંચી ગઇ. પરંતુ ચોથી વ્યકિત કેવી રીતે પલાયન કરી ગઇ તેની ખબર પ્રચંડ વ્યકિતને કે મુકુંદરાયને બિલકુલ પડી નહિ. થોડીવાર શાંત રહી પ્રચંડ વ્યકિત મુકુંદરાય પાસે આવી બોલી કે:-મુકુંદરાય તમને સાવધ રહેવાની સુચના આપ્યા છતાં, ગાફેલ રહી આખરે બેવકુફ બન્યાને ? પોતાનો પરિચિત અવાજ સાંભળી મુકુંદરાય બોલ્યો કે, કોણ નરેન્દ્રરાય ?

ન૦—હા, બદમાસોની હિલચાલ જોઇ, મારે તમારી મદદે આવવું પડયુ. પરંતુ, કહો કે તમો કેવી રીતે સપડાયા ? વાંચક પ્રચંડ વ્યકિત તેજ બહાદુર નરેન્દ્ર હતો.

મુ૦—તમારા જેવો બનાવટી અવાજ કાઢી આ બદમાસોએ મને ખરેખર બેવકુફ બનાવી છેતર્યો છે.

ન૦—હશે, ચાલો હવે જલ્દીથી ઘર તરફ જઇએ. ત્યાં મંગલા બ્હેન પણ એકલાં છે. ન કરે નારાયણ, કદાચ આપણી ગેર હાજરીમાં કાંઇ નવિન આફત આવી પડે.

મુ—હા, ચાલો, એમ કહી બંને ડીટેકટીવો ઘર તરફ ઉતાવળી ગતીએ રસ્તો કાપવા લાગ્યા, અલ્પ સમયમાં, નરેન્દ્ર તથા મુંકુન્દ સહી સલામત ઘર પાસે આવી પહોચ્યા બન્ને જણ દરવાજો ઉઘાડી ઘરમાં આવ્યા તો ઘરમાંનો બધો સામાન છીન્ન ભીન્ન થયેલો જણાયો, બીજીજ પળે પલંગ તરફ દ્રષ્ટિ કરતાં મુકુંદરાય

ચોંક્યો અને એકદમ બોલી ઉઠયો કે, નરેન્દ્રરાય, પાપીઓ ફાવી ગયા.

ન૦—શું થયું ?

મુ૦ હરણ

ન૦—શું, ભાભી મંગલા ગૌરીનું હરણ થયું ? ફીકર નહિ તમે તૈયાર થઇ જાવ. પાપીઓ હજુ રસ્તામાંજ હશે તેઓને સહીસલામત જગોએ પહોચતાં પહેલાં, આપણે તેઓને પકડી પાડીશું.

મું૦—હા ચાલો, નહિતો પાપીઓ તમારી ભાભીનું અનિષ્ટ કરી બેસશે, એટલું બોલી બન્ને ડીટેક્ટીવો હાથમાં રીવોલ્વર લઇ તરતજ ઘરની બહાર પડયા, જે તરફ મંગલાગૌરીને ઉપાડી બદમાસો ગયા હતા, તેજ રસ્તે મુકુંન્દને સાથે લઇ નરેન્દ્રરાય ગુપ્ત ફાનસથી પગલે પગલુ તપાસતો, ઉતાવળી ગતીએ સાવધ પણે ચાલવા લાગ્યો. જોત જોતામાં બન્ને ડીટેક્ટીવો નદિનાં કિનારા ઉપર આવી પહોચ્યા. નરેન્દ્રરાયે બદમાસોના પગલાં તપાસી, મુકુંદરાયને ઉદ્દેશી કહ્યું કે મંગલાગૌરીને આ માછી-મારના ઝુંપડામાં ગુપ્ત ભોયરા વિષે કેદ કરેલી હોવી જોઇએ એટલું બોલી બન્ને ડીટેક્ટીવોએ, માછી મારના ઝુંપડામાં સાવધાન પણે પ્રવેશ કર્યો. નરેન્દ્રરાયે ઝુંપડામાં પેઠા પછી ઝુપડાંના પ્રત્યક્ષ ભાગો ગુપ્ત ફાનસદ્વારા બારીકાઇથી તપાસી લીધા. પરંતુ છેવટે તેઓને નિરાશા મળી બન્ને ડીટેક્ટીવો કંટાળી ઝુપડામાં પડેલા ખાટલા ઉપર બેસી, ગુપ્ત દ્વારનુ ચીન્હ બારીકાઇથી શોધવા લાગ્યા. તરતજ નરેન્દ્રરાયે મુકુન્દરાયને ઉભા થઇ જવાની સંજ્ઞા કરી જે ખાટલા ઉપર પોતે બેઠા હતા,

તે ખાટલાને ઉપાડી નરેન્દ્રે દૂર ફેંક્યો, પોતાની ધારણા ફળીભૂત થયેલી જાણી હર્ષની આવેશમાં આવી બોલી ઉઠ્યો કે, મુંકુ-દરાય, જુઓ, આજ ગુપ્તદ્વાર મંગળા ગૌરીને બદમાસોએ આજ સ્થાનમાં કેદ કરેલી હોવી જોઇએ, માટે કોઇપણ જાતનો વિલંબ ન કરતાં, સાવધ પણે આપણી રીવોલ્વરો સંભાળો નહિતો ગાફેલ રહેવામાં તલેસ્માતિ ગુફાના જેવી આપણી દશા થશે. એમ કહી ચારે તરફ દ્રષ્ટિ કરી ભોંયરાનું ગુપ્તદ્વાર ઉઘાડવાની કોશીશ કરવા લાગ્યો. પરંતુ, મનુષ્યધારે છે કંઇને ઇશ્વર કરેછે કંઇ હજુ પુર્ણ ભોંયરાનું ગુપ્તદ્વાર ખૂલ્યું નથી, એટલામાં એક અણધારી આફત આવી તરતજ નરેન્દ્રના માથા ઉપર એક સજજડ ફટકો પડ્યો.

# પ્રકરણ ૨૧ મું.

## મલ્લ યુદ્ધ
## અને
## મૃત્યુ કોનું

રાત્રીના ત્રણ વાગ્યાનો સમય થયો હતો.

આપણે ગયા પ્રકરણમાં વાંચી ગયા કે" ગુપ્ત ભોંયરાનુ પાટીયું ઉઘાડતાં ડીટેકટીવ નરેન્દ્રના મસ્તકપર ઓચિંતો એક સજ્જડ પ્રહાર થયો. નરેન્દ્ર ગુલાંટ ખાઇ જમિન ઉપર ગબડી પડયો. નરેન્દ્રના પડવાથી "મુકુન્દરાય" ચોકયો, મનમાં નિશ્ચય કર્યો કે" બદમાસનો કોઇ પણ જાસુસ પોતાની ગુપ્ત રીતે હીલચાલ જોઇ રહયો હોવો જોઇએ.

"મુંકુંદરાય" હાથમાં રીવોલ્વર લઇ ઝુપડાની બહાર નીકળી ઘણીજ બારીકાઇથી તપાસ કરી, "પરંતુ" ત્યાં આગળ કોઇ પણ વ્યક્તિ જણાઇ નહિ. એટલે પાછો અંદર આવી નરેન્દ્રને સાવધ કરવાના ઉપચારો કરવા લાગ્યો. દશ મીનીટ બાદ "નરેન્દ્રે" માથુ પંપાળતાં ધીમેધીમે પોતાના ચક્ષુઓ ઉઘાડવા લાગ્યો. પોતાપર અણધારી આફત આવવાથી ગાફેલ નિંદ્રામાંથી જાગ્રત થયો. મસ્તકપર પડેલા જખમમાંથી નીકળતા રૂધીરને અટકાવવા ખીસામાંથી રૂમાલ કાઢી જખમ ઉપર મજબુત બાંધી લીધો. નરેન્દ્ર પૂર્ણ શુધ્ધિમાં આવતાજ ઉભો થઇ ગયો ત્યારબાદ થોડીવારને માટે પોતાની તીવ્રદ્રષ્ટિ ચારે તરફ ફેંકી" મુકુંદરાય' સાથે ભોયરાનું ગુપ્ત દ્વાર ઉપાડી બ નેજણા એ અંદર પ્રવેશ કર્યો, ગુપ્ત દ્વારને અસલ સ્થીતિમાં બરાબર ગોઠવી ધીમે પગલે બંને જણા આગળ ચાલવા લાગ્યા અલ્પ સમયમાં બંને

જણુ એક શણુગારેલા ઓરડા સમિપ આવી પહોચ્યાં, એવામાં ઓ-રડામાંથી રૂદનનો મંદ અવાજ " નરેન્દ્ર" ના કાનમાં અથડાયો, અવાજ ઉપરથી " નરેન્દ્ર સમજી ગયો કે" રૂદન કરનાર અન્ય કોઇ નથી, "પરંતુ" મંગલાગૌરી પોતેજ છે.

ન૦—મુંકુદરાય" મંગલાગૌરી હજુ સહીસલામત છે. તે વિષે હવે કોઇ પણ જાતની ફીકર રાખવા જેવું નથી. "પરંતુ" હવે સાગર તરીને આવ્યા, અને કદાચ ખાબોચીયામાં ડુબવાનો સમય ન આવે માટે પુર્ણું સાવધાન પણે રહેજો.

"નરેન્દ્રે" તે બંધ રહેલા દ્વાર ઉપર ધીમો આઘાત કર્યો.

પાપી પાછો પોતાને સતાપવા આવ્યો હશે, એમ ધારી બિચારી મંગલાગૌરી ભયભીત થઇ ગઇ. પોતાના શીયળનું રક્ષણ કર-વા એક ખુણામાં પડેલી છરી ઉપાડી લઇ એકદમ દરવાજા ઉઘાડી નાખ્યા. શ્યામ વસ્ત્રમાં છુપાએલી બે વ્યકિતને જેતાંજ ભયથી કંપતા અવાજે બોલી કે" તમો કોણ છો ?

ન૦—તેનું તમારે શું કામ છે ? તમારે અમારા તરફથી બિતી રા-ખવાની બીલકુલ જરૂર નથી. અમો બંને તમારા શત્રુ નહિ " પરંતુ " મિત્ર છીયે માટે વિશેશ વાર્તાલાપ ન કરતાં ગુપ્ત પણે એક શબ્દ બોલ્યા વગર અમારી સાથે સાથે ચાલ્યા આવો. આગળ " નરેન્દ્ર વચ્ચે મંગળા ગૌરી ત્યારબાદ મુંકુદરાય " એ પ્રમાણે અનુક્રમે ત્રીપુટી ચાલવા લાગી.

થોડીવારમાં ગુપ્ત ભોંયરાનું દ્વાર ઉઘાડી ત્રીપુટી સહીસલા-મત બહાર આવી.

ઉપર આવતાં હજુ સુધી કોઇપણ જાતની આફત નડી નથી જેથી " નરેન્દ્ર ઇશ્વરનો ઉપકાર માનવા લાગ્યો.

"મુકુંદરાય" હવે આપણે આ ઝુંપડાનો જલ્દીથી ત્યાગ કરવો જોઇએ, નહી તો વળી પાછી કોઇને કોઇ મુસીબત આવી જરૂર નડશે.

મું૦—તમારી ધારણા સત્ય છે. તમારી બાહોશ તર્કશક્તિ હમણાં સુધી તદ્દન સાચીજ પડતી આવી છે, અને પડે છે.

મંગળા—"નરેન્દ્ર"ભાઇ તમે જો અત્યારે અત્રે ન આવ્યા હોત, તો પાપી જરૂર મારૂ અનિષ્ટ કરી શકત.

ન૦—"મંગળા ભાબી" વિષેશ વાર્તાલાપ કરવાનો આ સમય નથી, ચાલો નદિના કિનારા ઉપર જઇ નિશ્ચિંત મને વાર્તાલાપ કરીશું.

તરતજ ત્રીપુટી ઝુપડીમાંથી બહાર આવી નદિના કિનારે, કિનારે આગળ ગમન કરવા લાગી.

હજુ ત્રીપુટી વિષેશ આગળ વધી નથી, એટલામાં એક છોકરો દોડતો, દોડતો ત્રીપુટી પાસે આવી બંને હાથે તાળીઓ પાડી, નાચવા કૂદવા લાગ્યો. ત્યારબાદ ત્રીપુટીને જોઇને ખડખડ હસવા લાગ્યો. છોકરાની આવી વિચિત્ર વર્તણુંક જોઈ.

મું૦—અલ્યા "છોકરા" તુ કોણ છે ? તાળીઓ વગાડી નાચે છે, તથા ખડખડ શા માટે હસે છે ?

છોકરો—"સાહેબ" પાણીના રેલાની માફક દોડતો આવ્યો છું છતાં આપ સાહેબો મારા સામુ નિહાળતા પણ નથી. "હશે" રામજી ભલા કરેગા;

મું૦—"નરેન્દ્રરાય" આ છોકરો કોણ હશે ?

ન૦—[ખીસામાંથી ગુપ્ત ફાનસ કાઢીને] "મુકુંદરાય" તમે આ છોકરાને ના ઓળખ્યો. ?

મું—"ફાનસના પ્રકાશથી છોકરાને નિહાળી"

હા, હા, આતો પેલોજ છોકરો કે; જેણે આપણને સાવધ રહેવાની સુચના આપી હતી.

ન૦—તમારૂ ધારવું યથાર્થ છે. હું આ છોકરાને બરાબર ઓળખું છું.

મું૦—શું ? તમે આ છોકરાને બરાબર ઓળખો છો ?

ત્યારે કહેતા કેમ નથી કે. તે કોણ છે.

ન૦—[હસતાં, હસતાં] તે અન્ય કોઇ નહિ, "પરંતુ" મારો નાનોભાઇ અમૃત છે. તેની અત્યારની વિચિત્ર વર્તણુક એક પ્રકારની છુપી સંજ્ઞા બતાવનારી છે.

મું૦—શું ? તમારો ભાઇ અમૃત છે ?

ન૦—હા, પેલી અંધારી ગલીમાં તમારો બચાવ કરનાર વૃદ્ધ કાકા તે હુ પોતેજ હતો, તથા રસ્તાપર મને અથડાઇ પડી મારા કાનમાં ગુપ્ત સંજ્ઞા કરી દોડી ગએલો છોકરો તે અમૃતજ હતો

મંગળા—વાહવા, "અમૃતભાઈ" તમે પણ ન્હાની વયે ઘણાં બહાદુરી ભર્યાં સાહસ કાર્યોનો પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો છે. તમારી કાર્ય દક્ષતા, ચાલાકી, અને નિડરતા જોઇ. મહાન ડીટેકટીવો ને તમારી ઉમરના પ્રમાણમાં ખરેખર શરમાવનારી છે.

મુંઠ—"શાબાશ" અમૃત, ધન્ય છે તારા ગુરૂ "નરેન્દ્રરાય"ને પરંતુ કહેતો ખરો કે, શું સમાચાર છે ?

અ૦—આજે હું જુગારના અડ્ડામાં ગયો હતો. ત્યાં ઘણા બદમાસો તથા પેલો ભયંકર ખૂનિ રમાકાંન્ત શેઠ સાથે જુગાર ખેલી રહયો હતો.

ન૦—વાહવા, બાતમી ઘણીજ લાભ કારક છે. "મુકુંદરાય" ભાગ્ય દેવી આપણને ઘણીજ અનુકુળ થઇ છે, તમો નિશ્ચય માનજો કે, આપણે ટુંક મુદતમાં ખરા ખૂનિને પકડી આ ભયંકર મામલાનો અંત લાવી શકીશું. [થોડીવાર વિચાર કરી ગંભીર સ્વરે હા........"પરંતુ" અમૃત, શું ? રમાકાંન્ત શેઠ રોજ જુગારના અડ્ડામાં જાય છે ?

અ૦—રોજતો શું ? પરંતુ, કેઇ, કોઈ સમયે તો ઘર તરફ અઠવાડિઆ સુધી પાછા ફરતાજ નથી.

મું૦—ત્યારે શું ? જુગારના અડ્ડામાં પડી રહે છે !

ન૦—સંભવ છે, સોબતે અસરનુ પરિણામ તેવુંજ હોવું જોઇએ, તે માટે શંકા લાવવાની જરૂર નથી પરંતું, તમો કાલે અમૃતને સાથે લઇ વેશ બદલો કરી જુગારના અડ્ડામાં જજો, જેથી કાંઇપણ બાતમી મળી શકશે.

મુ૦—આપ નિશ્ચિંત રહેજો, હું આવતી કાલે જુગારના અડ્ડાની બરાબર ખબર લઇશ.

ન૦—પરંતું બહુ સાવધ પણે જજો, નહિતો એક ભૂલનું પરિણામ કેવું આવે છે તેનો અનુભવ તો આપણે કરેલો છે, એવામાં બહીયાબની અંદર ચારના ટકોરા થયા, તે સાથેજ કોઇએ પાછળથી ડીટેકટીવ નરેન્દ્રના ખભા ઉપર લોખંડી હાથ મુકયો.

નરેન્દ્રે ચમકી પાછું વાળી જોયું તો, પોતાના ખભા ઉપર હાથ મુકનાર, એક ભયંકર વ્યક્તિ હતી.તે ભયંકર વ્યક્તિને જોતાંજ નરેન્દ્ર સાવધ થયો. અને ક્રોધ પુર્વક ગર્જના કરી બોલ્યો કે, મ્હોતના મુખમાં પ્રવેશ કરનાર તું કોણ મુઓ છે.? નરેન્દ્રનો પ્રશ્ન સાંભળી ભયંકર વ્યક્તિ ખડ ખડાટ હસી પડી. પ્રથમથી છુપાવી રાખેલા ભયંકર છરાને બહાર કાઢી, ગર્જના કરી,બોલી કેઃ-" નામરદ હેરાન તને વારંવાર ચેતવણી આપવા છતાં" " મારી પુંઠ પકડવાની તથા હીલચાલ જોવાની કોશીશ " " કરી રહ્યો છે ? જેથી તેનો બદલો અત્યારેજ તને આપવા" " ઉમેદવાર છુ. ' ભયંકર વ્યક્તિ ના હાથમાં છરો જોઇ, મુંકુંદરાયે રીવોલ્વર ભયંકર વ્યક્તિના તરફ તાકી. પરંતુ, નરેન્દ્રે મુકુન્દરાયને તેમ ન કરવા છુપી સંગ્ના કરી. અને મંદ અવાજે બોલ્યો કે, તમો, અમૃત તથા મંગળા ગૌરીને લઇ એક બાજુ ઉભા રહી જોયા કરો. હું હમણાંજ તે શેતાનની બરાબર ખબર લઉં છું. તરતજ બીજી પળે નરેન્દ્ર સાવધ થઇ ક્રોધ પૂર્વક ગર્જના કરી બોલ્યો, ચાલ પાપી તૈયાર થા. આજે તું નહિ કાંતો હું નહિ. તરતજ નરેન્દ્ર પણ હાથમાં છરો લઇ ઉભો રહ્યો. નરેન્દ્રને ક્રોધા વેશમાં આવેલો જોઇ ભયંકર વ્યક્તિ પણ નરેન્દ્ર સાથે જીવના જોખમે મલ્લયુદ્ધ કરવા તૈયાર થઇ. પોતાના હાથમાંના છરાને મજબુત પકડી, " નરેન્દ્ર સંભાળ કહેતાની સાથે નરેન્દ્ર ઉપર તરાપ મારી. પરંતુ, નરેન્દ્ર કાંઇ સાધારણ વ્યક્તિ નહતી. તે ભયંકર વ્યક્તિની સુચના પહેલાંજ સાવધ પણે મલ્લ યુદ્ધ કરવા તૈયારજ ઉભો હતો. ભયંકર વ્યક્તિએ નરેન્દ્ર ના શરીર ઉપર ઘણા ઘા કર્યા, પરંતું બહાદુર

નરેન્દ્ર સમય સુચકતા વાપરી, તેના સર્વ ઘા ચુકાવી દીધા. ત્યારબાદ દાવ સાધી, લાગ જોઇ, નરેન્દ્ર ભયંકર વ્યક્તિને જોર પૂર્વક ભેટી પડયો. બન્નેનું મલ્લયુદ્ધ શરૂ. થયું. બન્નેમાંથી એક પણ વ્યક્તિ પાછી પાની કરે તેવી નહતી. છેવટે લડતાં લડતાં, નરેન્દ્ર તથા ભયંકર વ્યક્તિ હુગલી નદિના અગાધ જળમાં ગબડી પડયા. બન્ને યોદ્ધા ના પાણીમાં પડવાથી એક ભયંકર ધબકારાનો અવાજ સંભળાયો. જેથી દુર ઉભેલા ડીટેકટીવ મુકુંદરાય તથા અમૃત હાથમાં રીવોલ્વર લઇ, મંગળા ગૌરી સાથે જ્યાં બન્ને જણુનાં પાણીમાં પડવાનો અવાજ સંભળાયો હતો તે સ્થળે આવી ને ઉભા રહ્યાં.

" મુંકુંદરાયે " પોતાની તીવ્રદ્રષ્ટિ ચારે બાજુ પાણીની પાટી ઉપર ફેંકી તો સ્પષ્ટ જણાયું કે; નરેન્દ્ર તથા ભયંકર વ્યક્તિ ાણીમાં પડયા પછી પણ પોતાનું મલ્લ યુદ્ધ ચાલુંજ રાખ્યું હતું. ાજી પળેતો બને જણુ પાણીની સપાટી ઉપરથી અદ્રષ્ય થઇ ગયાં. ાવું વિચિત્ર દ્રષ્ય જોઇ મુંકુદરાય ઘણુાજ ઉંડા વિચારમાં ઉતરી ગયો. શું ? નરેન્દ્રરાય નદિમાં ડુંબી ગયા હશે ?

લગભગ અડધા કલાક સુંધી કોઇપણ પાણીની સપાટી ઉપર જણાયાથી, " મુંકુંદરાય નરેન્દ્રરાયની " મદદ માટે હુગલી નદિના ગાધ જળમાં કૂદી પડવા તૈયાર થયો. એવામાં તો બને જણના ડદાં પાણીની સપાટી ઉપર તરતાં દીઠાં, જે દ્રષ્ય જોઇ મુકુંદરાય ભરાઇ ગયો. અને ગુપ્ત ફાનસની મદદથી બે, તરતાં મડદાંની ઘણીજ ારીકાઇથી તપાસ કરી. " અફસોસ " કે, બંને મડદાંની છાતીમાં ાઠ સુધી છરા ઉતરી ગયેલા જણાયા. બંને વ્યક્તિનો પહેરવેશ

એકજ હોવાથી મુંકુંદરાય કલ્પના કરી શક્યો નહિ કે; આ વિચિત્ર દ્રષ્યનું પરિણામ શું આવ્યું. પાંચેક મિનીટમાં તો આ બન્ને મડદાં તણાતાં, તણાતાં પાણીમાં આગળ વધવા લાગ્યા, અને અલ્પ સમયમાં તો બંને મડદાં મુંકુંદરાયની દ્રષ્ટિ બહાર નીકળી જઇ અદ્રષ્ય થઇ ગયા. "મુંકુંદરાય" કરૂણા અવાજે અમૃત ત્યા મગળા ગૌરીને સંબોધી બોલ્યોકે; હિન્દુસ્થાનના તખ્તા ને શોભાવનારો બહાદુર કીટીવ દુનિઆને આજે છેલ્લી સલામ ભરી ચાલતો થયો. મુંકુંદરાયને ગળગળીત થયેલો જોઇ, અમૃત બોલ્યો કે; "મુંકુંદભાઇ" શું મારા મોટા ભાઇ મને એકલો મુકી આ દુનિઆમાંથી સદાને માટે ચાલ્યા ગયા ભાઇ અમૃત " તેજ ચોકસ સમજી શકાતું નથી કે; મૃત્ય કોનું થયું.

## પહેલો ભાગ સમાપ્ત.

## આગળ વાંચો ભાગ બીજો.

